ચણાદાળ
અપ્પુ
મેઘા માર્ટ
એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૮-૫-૨૦૨૪, શનિવાર
વર્ષઃ ૧૩, અંકઃ ૬૦
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા




Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



ચૂંટણીને લઇ અનેક વ્યવસાયોમાં શ્રમિકોની અછત સર્જાઈ



પરંપરાગત બેઠક રાયબરેલીના મતદારોને કાયમી સધિયારાનો કોલ આપતા સોનિયા



મસાલાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે અપાતી ટ્રીટમેન્ટને માન્ય રાખવા સરકારને ફેડરેશનની રજૂઆત



વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમો ટ્રાયના નિયમ હેઠળ આવરી લેવાશે

### શું મદરેસામાં શિક્ષણના નામે લોલમલોલ?

# ૧૧૩૦ મદરેસામાં ભણતરને લઈ ગેરરીતિની ફરિયાદો આવતા તંત્ર હરકતમાં

## મદરેસામાં જતા બાળકો સામાન્ય સ્કૂલોમાં અભ્યાસ કરતા ન હોવાની ફરિયાદો મળતા સર્વે કરવા શિક્ષણ વિભાગનો આદેશઃ ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા ટીમ બનાવી મદરેસામાં કરાશે ચકાસણી, મદરેસામાં અભ્યાસ કરતા બિન મુસ્લિમ બાળકોની વિગતો મેળવાશે

**અબતક, ગાંધીનગર**

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ મદરેસામાં અભ્યાસ કરતા બાળકોને લઈને ફરિયાદ મળ્યા બાદ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૧૧૩૦ જેટલા મદરેસાઓનો સર્વે કરવા આદેશ કરાયો છે. મદરેસામાં ભણતા બાળકો સામાન્ય સ્કૂલોમાં અભ્યાસ કરતા ન હોવાથી સર્વેમાં વિગતો એકત્ર કરાશે. આ ઉપરાંત રાજ્યના મદરેસામાં અભ્યાસ કરતા બિન મુસ્લિમ બાળકોની વિગતો પણ મેળવવા માટે જણાવાયું છે. આ માટે ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા ટીમ બનાવી મદરેસામાં ભૌતિક ચકાસણી કરવામાં આવશે. સંભવત એક જ દિવસમાં મદરેસાઓનો સર્વે પૂર્ણ કરી તે અંગેનો અહેવાલ સુપરત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

(અનુ. આઠમા પાને)

### રાજકોટ જિલ્લામાં ૪ મદરેસા, પાટણમાં સૌથી વધુ ૧૮૦

રાજ્યમાં ૧૧૩૦ જેટલા મદરેસાની યાદી શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવી છે, જેનો સર્વે કરવામાં આવનાર છે. જોકે, આ સિવાય યાદીમાં ન હોય તેવા મદરેસાની પણ તપાસ કરવા માટે સૂચના અપાઈ છે, પરંતુ હાલમાં જે યાદી મોકલવામાં આવી છે, તેમાં સૌથી વધુ મદરેસા પાટણ જિલ્લામાં ૧૮૦ જેટલા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ ૧૭૫ જેટલા મદરેસા આવેલા છે અને અમદાવાદ ગ્રામ્યમાં 30 જેટલા મદરેસા છે. આમ, અમદાવાદ શહેર અને ગ્રામ્યના મળીને કુલ ૨૦૫ જેટલા મદરેસા થાય છે. જ્યારે રાજકોટ જિલ્લામાં ૪ મદરેસા છે. જેમાં એક શહેરમાં છે જ્યારે ત્રણ ગ્રામ્ય વિસ્તારોમાં છે. આ તમામ મદરેસામાં તપાસ કરી તે અંગેનો અહેવાલ સુપરત કરવામાં આવશે.

### સર્વે દરમિયાન શું શું ચકાસણી કરાશે ?

- મદરેસાનું સંચાલન કરનારનું નામ.
- મદરેસાનું સંચાલન કરનાર સંસ્થાનું નામ.
- મદરેસાને સરકારી એજન્સી દ્વારા માન્યતા મળેલી છે કેમ ?
- મદરેસાના મકાનમાં ઓરડાની સંખ્યા, બીયુ, ફાયર એનઓસી.
- મદરેસામાં અભ્યાસ માટેનો સમય.
- મદરેસામાં અભ્યાસ કરાવતા શિક્ષકોની સંખ્યા અને તેમને ચૂકવાતો પગાર.
- પગાર ચૂકવવાનો નાણાંનો સ્ત્રોત, દાન- વિદ્યાર્થી ફીની વિગત.
- અભ્યાસ કરતા ૬થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા.
- બાળકો અન્ય શાળામાં નિયમિત અભ્યાસ કરતા હોય તેની વિગત.

### મતદાન પુરૂ થયા બાદ જાહેર કરાયેલી ટકાવારીમાં પાછળથી ફેરફાર કેમ?

# ચૂંટણી પંચે મતદાન પુરૂ થયાના ૪૮ કલાકમાં જ આંકડા જાહેર કરી દેવા પડશે

## ટકાવારીમાં ફેરફારને લઈને ચૂંટણી પંચને ૨૪ મે સુધીમાં જવાબ દાખલ કરવા સુપ્રીમનો આદેશ

**અબતક, નવી દિલ્હી**

મતદાન પુરૂ થયા બાદ જાહેર કરેલ ટકાવારીમાં પાછળથી ફેરફારનો મામલો સુપ્રીમ કોર્ટમાં ગાજયો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને મતદાન પુરૂ થયાના ૪૮ કલાકમાં જ આંકડા જાહેર કરી દેવા આદેશ જારી કર્યો છે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પૂર્ણ થયાના ૪૮ કલાકની અંદર મતદાનના આંકડા ચૂંટણી પંચની વેબસાઈટ પર અપલોડ કરવાની માગ કરતી એક એનજીઓની અરજી અંગે ચૂંટણી પંચને સાત દિવસની અંદર જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા તથા ન્યાયમૂર્તિ મનોજ

(અનુ. આઠમા પાને)



### ચૂંટણી પંચને સમય આપવો જોઈએઃ સીજેઆઈ

આ પહેલા વકીલ પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટને અરજી પર આજે જ સુનાવણી કરવાની વિનંતી કરી હતી. જસ્ટિસ એએસ બોપન્નાને વિદાય આપવા માટે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા આયોજિત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સુપ્રીમ કોર્ટની બેન્ચ સાંજે સુનાવણી માટે બેઠી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે અરજીનો જવાબ આપવા માટે ચૂંટણી પંચની વિનંતીને યોગ્ય ઠેરવી હતી. બેન્ચે કહ્યું કે ચૂંટણી પંચને અરજીનો જવાબ આપવા માટે થોડો સમય આપવો જોઈએ.

### અરજીમાં ખોટા આક્ષેપો કરાયા છેઃ ચૂંટણી પંચના વકીલ

આ સાથે, સર્વોચ્ચ અદાલતે લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના એક દિવસ પહેલા, ૨૪ મેના રોજ ઉનાળાના વેકેશન દરમિયાન યોગ્ય બેંચ સમક્ષ સુનાવણી માટે અરજીની સૂચિબદ્ધ કરી હતી. ટૂંકી સુનાવણી દરમિયાન ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે કહ્યું કે એનજીઓ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)એ અરજીમાં સંપૂર્ણપણે ખોટા આરોપો લગાવ્યા છે. આ સિવાય જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી સર્વોચ્ચ અદાલતની બીજી બેન્ચે કેટલાક મુદ્દાઓનું સમાધાન કર્યું છે. આ મુદ્દો પણ હાલના કેસનો એક ભાગ છે.

### સુબહ કા ભુલા અગર શામ કો ઘર આયે તો ઉસે ભુલા નહિ કહેતે

# ધર્મનો રંગ કે 'મન પરિવર્તન'? અંતે તારક મહેતાના સોઢીની ઘરવાપસી

## ૨૫ દિવસ સુધી સોઢી વિવિધ ગુરુદ્વારામાં રહ્યો, અંતે જાતે જ ઘરે પહોંચી ગયો

**અબતક, નવી દિલ્હી**

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોથી દેશમાં ઘરે ઘરે માનીતા બનેલા સોઢી એટલે કે ગુરૂચરણસિંઘ છેલ્લા ઘણા દિવસોથી ગુમ હતા પણ અંતે તેઓ મળી ગયા છે. તેઓ સહીસલામત મળી જતા તેના પરિવાર અને ચાહકોએ રાહત અનુભવી છે.



તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના સોઢી ઉર્ફે ગુરુચરણ સિંઘ ઘરે પરત આવી જતાં પરિજનોએ આખરે રાહતના શ્વાસ લીધા. તે છેલ્લાં ૨૫ દિવસથી ગુમ હતા. તેના પિતાએ દિલ્હી પોલીસમાં ગુમ થયાની એફઆઈઆર પણ નોંધાવી હતી. ગુરુચરણસિંઘ ઉર્ફે સોઢી ઘરે પરત ફર્યા બાદ પોલીસે તેની પૂછપરછ કરી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન અભિનેતાએ જણાવ્યું કે તે સાંસારિક જીવન છોડીને ધાર્મિક યાત્રા માટે ઘર છોડી ગયો હતો. તે અમૃતસર, પછી લુધિયાણા અને અન્ય ઘણા શહેરોમાં ગુરુદ્વારામાં ઘણા

(અનુ. આઠમા પાને)

# અમદાવાદ અને વડોદરાના ખુરાના ગ્રુપ તેમજ માધવ કન્સ્ટ્રકશન પર આઈટીનું સર્ચ ઓપરેશન

## ૨૫થી વધુ સ્થળો પર વહેલી સવારથી જ સર્ચ અને સર્વેની કામગીરી હાથ ધરાય

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે અને હજુ પણ સાત તારીખ સુધી આચારસંહિતા અમલમાં છે છતાં આવકવેરા વિભાગ દ્વારા આ સમયગાળામાં સર્ચ ઓપરેશન પણ શરૂ થયા છે. આજે વહેલી સવારથી અમદાવાદ અને વડોદરા માં ૨૫ થી વધુ સ્થળો ઉપર આ વિભાગની ટીમ ત્રાટકી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ખુરાના ગ્રુપ અને માધવ કન્સ્ટ્રકશન આવકવેરા વિભાગની રડારમાં છેલ્લા ઘણા સમયથી આવી ગયું હોવાનું જાણવા મળ્યું છે ત્યારે ગ્રુપના અશોક ખુરાના સહિત તેમના



ભાગીદારોના નિવાસ્થાને અને તેમની સલગ્ન ઓફિસમાં વહેલી સવારથી જ સર્ચ શરૂ કરી દેવામાં આવ્યું છે. આવકવેરા વિભાગને આશા અને અપેક્ષા પણ છે કે આ સર્ચ ઓપરેશનમાં બેનામી વ્યવહારોનો મોટો ખુલાસો થઈ શકે છે.

ગુજરાતમાં લાંબા સમય બાદ શનિવારે ઈન્કમટેક્સનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ અમદાવાદ અને બરોડામાં ખુરાના ગ્રુપ તેમજ માધવ કન્સ્ટ્રકશન ઉપર ઈન્કમટેક્સ ત્રાટક્યુ છે.

વડોદરાના ખુરાના ગ્રુપના અશોક ખુરાના સહિતના ભાગીદારોને ત્યાં ઈન્કમટેક્સની તપાસ શરૂ થઈ

(અનુ. આઠમા પાને)

### ખુરાના ગ્રુપના અશોક ખુરાના સહિતના ભાગીદારો પર તોળાતા પગલા રાજકોટ સહિતના શહેરોમાંથી અધિકારીઓને તપાસ અર્થે બોલાવાયા




### ફકત રૂ.૮ હજારમાં વગર ટ્રાયલે ઘરે બેઠા લાયસન્સ મેળવો...!

# રાજદીપસિંહ ડાભીએ ઈન્સ્ટાગ્રામ પર વગર ટ્રાયલે લાયસન્સની જાહેરાત કરતા આરટીઓ તંત્ર હરકતમાં

## આરટીઓએ રાજદીપસિંહ ડાભી નામના શખ્સ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા બી ડિવિઝન પોલીસને આપી લેખિત અરજી

**અબતક, રાજકોટ**



રાજકોટમાં લાયસન્સ કૌભાંડનું ભૂત ધુણ્યું છે. સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીને એક શખ્સે કોઈ પણ ટેસ્ટ આપ્યા વિના લાયસન્સ કાઢી આપીશું તેવો દાવો કરતા આરટીઓ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. સમગ્ર મામલામાં આરટીઓ તંત્રએ બિ ડિવિઝન પોલીસમાં લેખિત અરજી કરીને સોશિયલ મીડિયામાં દાવો કરનાર શખ્સ વિરુદ્ધ કાયદેસરના પગલાં લેવા સૂચન કર્યું છે.

(અનુ. આઠમા પાને)

### ફકત પ્રજાને છેતરવાનું કારસ્તાન કે પછી 'લાંચિયા બાબુ' સાથેની મીલીભગતનું આખેઆખુ કૌભાંડ?

રાજદીપસિંહ ડાભી નામનો શખ્સ સોશિયલ મીડિયામાં જયારે દાવો કરી રહ્યો છે કે, રૂ. ૮ હજારમાં કોઈ પણ ડ્રાયવિંગ ટેસ્ટ વિના ટુ વ્હીલ અને ફોર વ્હીલનું લાયસન્સ કાઢી આપવામાં આવશે ત્યારે સવાલ

(અનુ. આઠમા પાને)

### રાજકોટ અને જામનગર બંને જિલ્લામાં વગર ટ્રાયલે લાયસન્સ કાઢી આપવાનો દાવો

રાજદીપસિંહ ડાભી નામના શખ્સના આ કારનામા વિશે 'અબતક' મીડિયાએ તપાસ કરતા આ શખ્સ ફકત રાજકોટમાં જ નહિ પરંતુ જામનગરમાં પણ વગર ટ્રાયલે લાયસન્સ કાઢી આપવાનો દાવો પોતાના

(અનુ. આઠમા પાને)

### ન હોય... શકમંદ રાજદીપસિંહ ડાભીનું ગાયેલું સપાખરું સોશિયલ મીડિયામાં એકસમયે ભારે વાયરલ થયું'તુ

રાજદીપસિંહ ડાભી જે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કોઈ પણ ટ્રાયલ વિના લાયસન્સ કઢાવી આપવાનો દાવો કરવામાં આવે છે તે વ્યક્તિ પોતે ગાયક કલાકાર છે અને તેનું મહારાણા પ્રતાપ વિશે ગાયેલું સપાખરું એકસમયે ખુબ જ વાયરલ થયું હતું.

### ડ્રાયવિંગ ટ્રેકના સીસીટીવી ફૂટેજથી માંડી મહત્વપૂર્ણ દસ્તાવેજો કબ્જે કરવા જરૂરી

જે રીતે વગર ટ્રાયલે લાયસન્સ કાઢી આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે ત્યારે ડ્રાયવિંગ ટ્રેક પરના સીસીટીવી ફૂટેજ કબ્જે કરી ચકાસણી કરવી અતિ આવશ્યક છે. કેવી રીતે આખુ

(અનુ. આઠમા પાને)

### આરટીઓના કર્મચારીઓ 'શંકા'ના દાયરામાં

જે રીતે વગર ટ્રાયલે લાયસન્સ કાઢી આપવાનો દાવો કરવામાં આવ્યો છે

(અનુ. આઠમા પાને)

ન્યુ રીનોવેટેડ A/C
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આર્કેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

ફળકથન

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ અ,લ,ઈ

મોટા ઉદ્યોગ એવમ ધંધાનાં જાતકો માટે આ સપ્તાહ ભાગ દોડ વાળુ જોવા મળશે. ધાતુ ઉદ્યોગ તથા ધંધાના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેવાના સંયોગો. વ્યાપાર વણિજ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ પણ લાભકારક નીવડશે. સરકારી + અર્ધ સરકારી કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કેવળ, ૧૯ તથા ૨૪ મે સાધારણ રહેશે.

## વૃષભ બ,વ,ઉ

પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ પેટ્રોકેમિકલ્સ, તથા રંગ રસાયણ, ખાતર સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક રહેવાના સંયોગો. અગાઉનાં, ધંધા વ્યવસાયના અધૂરા તથા પેંડીગ પડેલા કાર્યો પૂર્ણ થવાની સંભાવના. આ સિવાયના અન્ય, તમામ ઔદ્યોગિક તેમજ તમામ વ્યાપાર--વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. છૂટક વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયી નીવડશે. સરકારી ક્ષેત્રનાં કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, સંતાન, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયી રહેશે. ૨૩ મે મધ્યમ જણાશે.

## મિથુન ક,છ,ઘ

કુટિર તેમજ નાનાં કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે લાભદાયી સપ્તાહ. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા ભાગદોડ વાળુ નીવડશે. પ્રિંટીંગ, ઓફસેટ તથા સ્ટેશનરી સંબંધિત ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એવમ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ લાભકારક રહેશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સરેરાશ જણાશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે કેવળ, ૨૧ મે મધ્યમ રહેશે.

## કર્ક ડ,હ

સર્વિસ બિઝનેસ, ખાસ કરીને મેનેજમેન્ટ/ફાઈનાન્સ/એકાઉન્ટ રીલેટેડ એકમના જાતકો માટે ભાગદોડ વાળું એવમ સરેરાશ સપ્તાહ. નીવડશે. સાથે આ વ્યવસાયમાં નવી તક મળવાની સંભાવના. ફેબ્રીક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ ઉતાર ચડાવ વાળુ રહેશે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો તેમજ તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે લાભકારી સપ્તાહ. ૨૨ મે સાધારણ જણાશે.

## સિંહ મ,ટ

ઓનલાઈન બિઝનેસ તથા ઓન લાઈન સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ નીવડશે. એડવર્ટાઈઝમેન્ટ એકમના જાતકો આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મોટા કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાનાં ઔદ્યોગિક એકમના જાતકો માટે લાભદાયક સપ્તાહ. જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક જોવા મળશે. નાનાં તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી એકમના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ. વિદ્યાર્થી નિવૃત્ત તથા મહિલા કર્મીઓ, ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. ૨૪ તથા ૨૪ મે સાધારણ રહેશે.

## કન્યા પ,ઠ,ણ

સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. જાહેર ક્ષેત્રના સેલેબલ પર્શન માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ નીવડશે. કુરિયર કાર્ગો એકમનાં જાતકો માટે લાભદાયી રહેશે મોટા ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ હળવી દોડધામ વાળું નીવડશે. નાના ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. જથ્થાબંધ વેપારના જાતકો માટે આ મધ્યમ સપ્તાહ. આ સિવાયના વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ લાભકારક રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે સાથે બદલી બઢતીની સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે લાભકારી સપ્તાહ. ૨૪ મે અર્ધ મધ્યમ રહેશે.

## તુલા ર,ત

પબ્લિક ટ્રાસ્પોર્ટેશન્સ, ટ્રાવેલ્સ કે હોટેલ બૂકીંગ્સ સાથે જોડાયેલા તમામ જાતકો માટે આ સપ્તાહ પણ અર્ધ લાભકારક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. કુટિર ઉદ્યોગ એવમ નાનાં કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. વ્યાપાર વણિજ એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ રહેશે. વ્યવસાયિક કલા કે પરામર્શ વ્યવસાયના જાતકો માટે લાભદાયક સપ્તાહ રહેશે. સરકારી ક્ષેત્ર તેમજ અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ઠીકઠાક રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કિંગ વુમન માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૩, ૨૫ મે સામાન્ય જણાશે.

## વૃશ્ચિક ન,ય

આયુર્વેદ ચિકિત્સક, પ્રાકૃતિક ચિકિત્સક સમેત આયુર્વેદ તથા હર્બલ ફાર્મસીના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે, સાથે અનેક નવી તક મળવાના સંયોગો. જાહેર/રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ જણાશે. મોટા કદના તમામ પ્રકારના ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ દરમિયાન અણધાર્યા લાભ થવાની સંભાવના. વ્યાપાર- વાણિજયક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કિંગ વુમન માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૨૪, ૨૫ મે સાધારણ રહેશે.

## ધન ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ ધન રાશિ માટે લાભદાયી તથા સુખ શાંતિ વાળું નીવડશે. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક જણાશે. ઉદ્યોગ, ધંધા વ્યવસાયના પેંડીગ રહેલા કામકાજ પૂરા થઈ જવાની સંભાવના. અન્ય ઔદ્યોગિક એકમ તેમજ વાણિજ્ય એવમ વ્યવસાયિક એકમ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. તદુપરાંત ધંધા--વ્યવસાયમાં નવી નવી તકો મળવાની પણ સંભાવનાઓ. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમિયાન હળવા આર્થિક લાભ સાથે બદલી બઢતીના સંયોગો. મહિલા કર્મચારી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહેશે. ૨૨ મેનો દિવસ અર્ધ મધ્યમ જણાશે.

## મકર ખ,જ

ઉચ્ચસ્થ મંગળ વાળા જાતકો માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસ તથા કન્સલ્ટંસી ફર્મસનાં જાતકો માટે આ લાભકારી સપ્તાહ. આ સપ્તાહે ધંધા વ્યવસાય હેતું પ્રવાસ થવાની સંભાવના. ગ્રેઈન ગ્રોસરી મર્ચન્ટસ માટે ચડાવ ઉતારની સાથે લાભકર્તા સપ્તાહ. દરેક કદના ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ પરંતુ હળવું લાભકારી પણ નીવડશે. ખાનગી ક્ષેત્રના તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ યથાવત જણાશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૧ મે સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

## કુંભ ગ,શ,ષ

અધૂરા તથા વિલંબ થતાં કામકાજમાં ઝડપભેર નીવેડો આવવાના સંયોગો. આ સપ્તાહે પણ સ્થળાંતર કે સ્થાનફેર થવાની સંભાવનાઓ. ગ્રેઈન મર્ચન્ટ, તથા જનરલ જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે વિશેષ લાભકર્તા. આ સિવાયના અન્ય તમામ મોટા ઔદ્યોગિક એવમ વ્યાપાર--વણિજ એકમના જાતકો માટે પણ આ સપ્તાહ આર્થિક રીતે ફાયદાકારક જણાશે. આ સપ્તાહ દરમ્યાન સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીનાં સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્રો તથા દૂરના સ્નેહી તરફથી સાથ સહકારની સંભાવના. યુવાવર્ગ, મહિલા કર્મીઓ, તથા ગૃહિણી માટે ઉત્તમ સપ્તાહ. ૧૯, ૨૧, મે સરેરાશ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

## મીન દ,ચ,ઝ,થ

મોટા ઉદ્યોગ તથા લોખંડ ધાતુ સંબંધિત મશીનરીઝના તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે. અન્ય ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. તમામ પ્રકારના છૂટક તથા જથ્થાબંધ વ્યાપારી એકમનાં તમામ જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. પરિશ્રમી અને ઉદ્યમી જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી. સરકારી ક્ષેત્રના અધિકારી + કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. પરિવાર કે સ્નેહીઓ વચ્ચે નાની વાતે મનદુઃખ થાય તેવા સંયોગો. નિવૃત્ત, ગૃહિણી, મહિલાકર્મી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૪ મે સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

શિક્ષક એટલે જ્ઞાન-કર્મ અને ભકિતનો ત્રિવેણી સંગમ

# સારો શિક્ષક સમજણ આપે, ઉત્તમ શિક્ષક નિર્દેશન આપે અને મહાન શિક્ષક પ્રેરણા આપે

**શિક્ષકનો હસતો ચહેરો જ શ્રેષ્ઠ શિક્ષણ આપી શકે, તે બાળકનું જીવન સફળ બનાવે અને ભવિષ્યને અજવાળે છે : આજના યુગમાં શિક્ષક સજ્જતા સૌથી અનિવાર્ય હોવાથી તે ક્રિએટિવ, આધ્યાત્મિક સાથે ઈમોશનલી અને જ્ઞાની હોવા જોઈએ**

**શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠાના પ્રથમ અક્ષરનો શબ્દ એટલે શિક્ષક, એ પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ, રાષ્ટ્રની સામાજીક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે શિક્ષણ વર્ગખંડની ચાર દિવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તારી ચુક્યું છે. આજના સમયમાં શિક્ષણ પડકાર રૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજીક, સામાજીક અને આર્થિક વ્યવસ્થ્યની જવાબદારી શિક્ષકના શિરે છે, તે છાત્રો માટે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડની ભૂમિકા ભજવેછે. આજનું શિક્ષણ આમ જોઈએ તો શૈક્ષણિક વ્યવસાય જ છે.

એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, એટલે જ શિક્ષકને માસ્તર કહેવાય છે. આ વ્યવસાયમાં પણ વિકાસની હરણ ફાળ તેના સંબોધનમાં ક્રમિક ફેરફારો થયા જેમાં માસ્તર, શિક્ષક, ટીચર, સર આવી ગયું વર્ષો પહેલા એ ગુરૂ સ્થાને ગુરૂજી કહેવાતા હતા. ગુરૂકુળ આશ્રમમાં ભણાવે તે ગુરૂજી અર્થાત ઋષી, મા-બાપનું કાર્ય જ્યાં પૂર્ણ થાય ત્યાંથી શિક્ષકનું કાર્ય આરંભ થાય છે. તેથી શિક્ષક તેના કાર્યો બાબતે સંપૂર્ણ સજજ અને સજજતાવાળો હોવો જોઈએ, જો આમ ન બને તો વર્ગ ખંડના બાળકોનું ભવિષ્ય રૂંધે છે. બાળક પર મા-બાપ પછી સૌથી વધુ પ્રભાવ શિક્ષકનો જોવા મળે છે. શિક્ષક જ બાળકના જ્ઞાનરૂપી મૂળિયાં મજબૂત કરે છે.

વિદ્યારૂપી સાથેનું શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્ય ક્ષેત્ર વિશાળ કે શિક્ષણની પ્રક્રિયા વિદ્યાથીના કેન્દ્ર સ્થાને છે. બાળકોના રસ, રૂચિ, વલણો આધારીત વર્ગખંડની શિક્ષકમાં શકિત, પવિત્રતા, પ્રેમ, જ્ઞાન, શાંતિ અને આનંદ જેવા ગુણો હશે તો જ તે બાળકોનો આદર્શ બની શકશે, વિદ્યાર્થીઓ પણ પ્રેરણાં આપનાર શિક્ષક ને વધુ યાદ રાખે છે. વેદમાં પણ એક જગ્યાએ શિક્ષકને માતૃવિદ્ કહ્યો છે, માતૃ એટલે માર્ગ-ગમન અને વિદ એટલે તેને ખોળનાર, નવી ટેકનોલોજીમાં આજનો શિક્ષક ક્રિએટીવીટી, આધ્યાત્મિક સાથે ઈમોશનલી અને જ્ઞાની હોવો જોઈએ. દ્રશ્ય શ્રાવ્ય કે ઈન્ફરમેશન ટેકનોલોજીના ઉપયોગથી છાત્રોને જ્ઞાન સભર કરી શકે છે,

બાળક સાથેનું શૈક્ષણીક મનોવિજ્ઞાનનું કાર્ય ક્ષેત્ર વિશાળ કે શિક્ષણની પ્રક્રિયા વિદ્યાર્થીના કેન્દ્ર સ્થાને છે. બાળકોના રસ, રૂચિ, વલણો આધારીત વર્ગખંડની શિક્ષણની ગતિવિધી હમેશા સારા પરિણામો લાવે છે, એટલે જ શિક્ષક સજજતાનું વિશેષ મહત્વ છે. શિક્ષક બાળકોનો પ્રેરણાસ્ત્રોત હોવો જરુરી છે. ભૂતકાળમાં શિક્ષકોને ભરપુર આદર મળતો, આજે તો એ સાવ સમાજ ભૂલી ગયો છે. જેમના માથે સમાજનું ભવિષ્ય છે તે હમેંશા આદરણીય જ હોય છે. શિક્ષક ખુબ જ શ્રદધાવાન હોય છે. નબળા બાળકોને સબળા બનાવવા માટે તેની સખત મહેનત મૂલ્યાંકન બાદ રંગ લાવે ત્યારે તેનો આનંદ અનેરો હોય છે. એ પણ શિક્ષક જ છે.

આપણે ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિવસની ઉજવણી કરીએ છીએ, ઉત્કૃષ્ઠ પ્રદાન કરનારને સમાજ અને સરકાર એવોર્ડ આપીને તેનું સન્માન કરે છે. પરંતુ આજના યુગમાં ૨૧મી સદીમાં શિક્ષક પોતાની ભૂમિકા, જવાબદારીએ પ્રત્યે સભાન હોવો જોઈએ, આજે તેની ભૂમિકા બદલાય ગઈ છે. તેણે ભાષણ સ્વરુપે માહિતી આપવાની નથી પણ, વિદ્યાર્થીને સમૃદધ અને અસાધારણ અનુભવો પુરા પાડવાનાં છે.

આજે તમે જુના શિક્ષકો અને હાલના શિક્ષકો જોવો તો તમને ઘણું પરિવર્તન લાગશે, ટેકનોલોજી સાથે ભૌતિક સુવિધા વધતા બદલાવ આવ્યો છે. પણ શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચેનો આદર્શ સંબંધ, પરસ્પર વિશ્વાસ કયારેય બદલાશે નહીં, તેનો ધર્મ જ છાત્રોને જ્ઞાન સભર કરીને શ્રેષ્ઠ નાગરીકોનું ઘડતર કરવાનો છે. વર્ગ ખંડના બધા છાત્રો સાથેનો સંબંધ અને દરેક સાથે તેમનો વ્યકિતગત સંબંધ બન્ને પ્રકારો મહત્વના છે. આજના શિક્ષણમાં ઘણી કચાસ જોવા મળે છે. આજેનો શિક્ષક, વાલી અને વિદ્યાર્થીના ત્રિવેદી સંગમ થકી સફળતા શક્ય બનશે એવું લાગે છે. આજે શિક્ષકે માહિતીના મશીનગથી વિદ્યાર્થીઓનો માનસિક ભાર વધારવાનો નથી પરંતુ વર્ગખંડનો માહોલ જ એવો બનાવો કે બાળક જાતે પોતે ભણતો થાય, કોઈપણ વ્યવસાય પછી તે રસપ્રદ હોય કે પડકાર રૂપ, એક વખતએ રોજીંદો કામ બની જાય પછી કંટાળાની લાગણી જ પકડે છે. પણ શિક્ષણનો વ્યવસાય આ વાતમાં અપવાદ છે કારણ કે ૩૬૫ દિવસ સતત સક્રિય રીતે ભણાવે છે.

આદર્શ શિક્ષક બનવા સજજતા પ્રાપ્ત કરવી જરૂરી છે. જેમાં હકારાત્મક વિચારો, બાળ મનોવિજ્ઞાનનો અભ્યાસ, પ્રયોગત્મક શિક્ષણ અને પ્રોત્સાહન રૂપી માર્ગદર્શન જેવા તમામ પાસા સાથે નિપુર્ણ હોવું જરુરી છે. એક વાત શિક્ષકે સમજવી જોઈએ કે વિદ્યાર્થીઓની એકાગ્રતાનો ગાળો ઓવો હોય છે માટે તેને છાત્રોને ટૂંકા વિરામો સાથે મૂલ્યાંકન કરવું જોઈએ, શિક્ષણની વિવિધ ટેકનીકનો શિક્ષક જ્ઞાતા હોવો જોઈએ, પ્રવૃતિ સાથેનું શિક્ષણ સૌથી શ્રેષ્ઠ સાબિત થયું છે. શિક્ષક દરેક ક્ષેત્રે ઓલ રાઉન્ડર ની ભુમિકા માટે સજજ રહેતો હોવો જોઈએ.

### શિક્ષક સમાજ ઘડતરનો શિલ્પકાર

શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની હોય છે. કારણકે વિદ્યાર્થી કે બાળક ના મસ્તિકમાં ગુરુનું સ્થાન એટલે કે શિક્ષકનું સ્થાન સર્વોત્તમ હોય છે. એટલે આપણે કહેવું હોય તો કહી શકીએ કે ભવિષ્યના સમાજના કે રાષ્ટ્રના ઘડવૈયા માટે શિક્ષક હોય છે. શિક્ષકનો ધર્મ વિદ્યાર્થીને ઉત્થાન કરવાનો હોય છે. સમાજ માટે અને પોતાના આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિને મુખ્ય ન બનાવી અને સમાજના સારા માર્ગે લઈ જવા માટે શિક્ષક સંસ્કારનું સિંચન કરતો હોવો જોઈએ. બાળ માનસ ઉપર શિક્ષકની ઉમદા અસર જોવા મળે છે. શિક્ષક જેવું આચરણ કરે તેવું છાત્ર વર્તન કરે છે, જેમકે વર્ગખંડમાં શિક્ષક કેવી રીતે ભણાવે છે, કેવી રીતે ચાલે છે, કેવી રીતે બેસે છે, કે શિક્ષકના પોષાકની પણ આબેહૂબ નકલ તેમના વિદ્યાર્થીઓ કરતા હોય છે. મનોવૈજ્ઞાનિક રીતે જોવા જઈએ તો વિદ્યાર્થી માટે શિક્ષક એક આદર્શ હોય છે. એને આદર્શ સમાજ ઘડતર નો એક શિલ્પી પણ ગણી શકાય.

સાચો શિક્ષક જ બાળકોને જીવન મુલ્ય શિક્ષણ આપે છે. જ્ઞાન સાથે ગમ્મતથી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા ભારેખમ વિષયો શિક્ષક પોતાની આગવી સ્ટાઈલ છાત્રોને શીખવે છે. આજનું બાળક ગુગલ ની દુનિયાનું જ્ઞાન હોવું જરૂરી છે. અસરકાર વર્ગ વ્યવસ્થા શિક્ષકનું મુખ્ય હથિયાર છે તે જેટલું સબળ તેટલું જ શૈક્ષણિક કાર્ય સબળ બને છે. વર્ગ ખંડનો તમામ બાળક કલાસ રૂમની દરેક પ્રવૃતિ સાથે સબળ બને છે. વર્ગ ખંડનો તમામ બાળક કલાસરૂમની દરેક પ્રવૃતિ સાથે જોડાય તે અતિ આવશ્યક છે. આજે તો શિક્ષકે વિદ્યાર્થીના વ્યકિતગત ગુણો અને સ્વભાવથી પણ પરીચિત થશે તો જ તેના વર્તનમાં ફેરફાર કરી શકશે.

આજે આપણે શાળા સંકુલોમાં દરેક શિક્ષક એક-બીજાથી તેમના જ્ઞાન, શિક્ષણ ટેકનીક જેવી વિવિધ પાસાથી અલગ પડે છે. દરેક વિષય વાઈઝ અલગ શિક્ષકો શાળામાં હોય છે. સંગીત, ચિત્ર, રમતગમત વિગેરે જેવીસ સહઅભ્યાત્મિક પ્રવૃતિ માટે પણ તેના નિષ્ણાંતો કાર્યરત હોય છે. છતાં બાળકોનો સંવાર્ગ વિકાસ થતો નથી એ એટલું જ નગ્ન સત્ય છે.

આ જીવન માટે મારા માતા-પિતાનો ઋણી છું, પણ આ જીવનને સારૂ બનાવવા માટે મારા શિક્ષકોનો ઋણી છું

ગુરૂ વગર તમે કેટલા પણ સફળ રહો, પણ સર્વશ્રેષ્ઠ નથી બની શકાય.

## અબતક પંચાગ

### તા.૧૯-૫-૨૦૨૪ રવિવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | વૈશાખ શુદ અગીયારસ મોહિનીએકાદશી |
| નક્ષત્ર | હસ્ત |
| યોગ | વ્રજ **કરણ:** બવ |
| સુર્યોદય | ૬.૦૭ **સુર્યાસ્ત:** ૭.૨૧ |
| ચંદ્ર રાશી | કન્યા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ |
| દિશાશૂળ | પૂર્વ દિશાતરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૭ થી ૧.૦૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૮ | | | | ૬ | |
| | ૬ | ૩ | | ૭ | | | ૯ | ૫ |
| ૮ | ૫ | ૪ | | | ૩ | | ૭ | |
| | | | | ૫ | ૧ | ૨ | | |
| | ૩ | | | ૬ | | ૫ | | ૯ |
| | | | ૨ | | | ૪ | ૧ | ૭ |
| ૫ | | | ૧ | | | | | |
| | | | | ૪ | ૯ | | ૨ | ૮ |
| | ૪ | | | ૨ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૧ | ૭ | ૪ | ૮ | ૫ | ૯ | ૨ |
| ૭ | ૪ | ૮ | ૫ | ૯ | ૨ | ૩ | ૧ | ૬ |
| ૫ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ | ૪ | ૮ | ૭ |
| ૬ | ૧ | ૫ | ૪ | ૩ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ | ૪ | ૧ |
| ૨ | ૯ | ૪ | ૮ | ૬ | ૧ | ૭ | ૫ | ૩ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૫ |
| ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૫ | ૭ | ૧ | ૨ | ૩ | ૯ | ૬ | ૮ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૫-૨૦૨૪ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોર્ન સ્પિનચ રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.શ્રેયસ ઢોલરીયા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુજોક થેરાપી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ મનુ મોજીલો
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ભલાઈનો જમાનો નથી ભઈલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ સ્પે.સ્ટોરી (ગોંડલ સંપ્રદાય)
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૫-૨૦૨૪ રવિવાર**
૦૭:૦૦ થી ૦૯:૦૦ રામ કથા (પૂ.મોરારી બાપુ)
૦૯:૦૦ થી ૧૦:૦૦ સ્પે.સ્ટોરી (ગોંડલ સંપ્રદાય)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કચ્છ એકસપે પ્રેસ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોટેચ ચીઝ ફલાવર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.સારિકા પાટીલ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (બોન કંડકશન ટેક.)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ટુર અને ટ્રાવેલ)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (પલ્લવીબાની પાર્વતી)
૦૭:૦૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૦:૦૦ મનુ મોજીલો
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૫-૨૦૨૪ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ. ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

### તા.૧૮.૫.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ દશમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, હર્ષણ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.

**મેષ (અ,લ,ઈ) :** સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે,બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.

**વૃષભ (બ,વ,ઉ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.

**કર્ક (ડ,હ) :** ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો,રચનાત્મક કામગીરી કરી શકો.

**સિંહ (મ,ટ) :** બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.

**કન્યા (પ ,ઠ,ણ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવા વિચારોથી લાભ થાય ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**તુલા (ર,ત) :** દૂર દેશ થી સારા સમાચાર મળે,નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**વૃશ્ચિક (ન ,ય) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે ,પરિવાર સાથે આનંદ માણી શકો.


**ધન (ધ,ભ,ફ,ઢ ):**વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

**મકર (ખ,જ) :** ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.

**કુંભ (ગ ,સ,શ) :** બધું મનનું ધાર્યું ના થાય ,મિશ્ર અનુભવ આપતો દિવસ,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,સુંદર દિવસ.

## સ્વપનની રાશિ મીનમાં મંગળ રાહુ સ્વપન દ્વારા ઘણા સંકેત આપી જાય છે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

હાલમાં મંગળ રાહુ યુતિ અંશાત્મક રીતે એકદમ નજીક છે અને તેના પરિણામો વિષે હું અત્રે લખતો રહું છું જે ઘટનાક્રમ આગળ વધતો જાય છે! મીનમાં મંગળ રાહુ અનિંદ્રા બેચેની થી લઈને દિગ્ગજ લોકોના કારાવાસ અને બે દેશ વચ્ચે સંઘર્ષ થી લઈને દરિયાઈ ઘટનાઓ વિષે અત્રે જણાવ્યું હતું. હમણાં ઘણા ફીડબેકમાં સ્વપન વિષે વિસ્તૃત વાત થઈ મારા ફોરેનના એક કલાયન્ટને તેની બેબીને એક યુનિવર્સીટીમાં એડમિશન મળે છે તેવું સ્વપન આવ્યું અને બે જ દિવસમાં એ મુજબ જ એડમિશન મળી ગયું તો અમદાવાદથી એક કલાયન્ટને સ્વપ્ન આવ્યું કે તેના જુના ઘરે એક ટેબલના ખાનામાં મહત્વની વસ્તુ પડી છે એ મુજબ તેમને જુના ઘરે તે ખાના માંથી જરૂરી ડાયરી મળી!! આ ઘટનાઓ બાદ મારુ ધ્યાન ગયું કે મંગળ રાહુ મીન રાશિમાં છે અને મીન રાશિ સ્વપનની રાશિ છે, સ્વપનનો પ્રદેશ છે માટે હાલ જયારે મંગળ રાહુ મીનમાં થી પસાર થાય છે વળી મંગળ કાળપુરુષની કુંડળીમાં પ્રથમ ભાવના સ્વામી છે ત્યારે હાલના સમયમાં આવતા સ્વપનના સંકેત સટીક હોવા જોઈએ માટે અત્યારે જે સ્વપન આવે તેને યોગ્ય રીતે ડિકોડ કરવામાં આવે તો ભવિષ્યના ઘણા દરવાજા ખુલી શકે છે માટે આ સમયના સ્વપનનું નિરીક્ષણ બારીકાઈ થી કરવું જોઈએ!! આ સમયમાં તમને પણ કોઈ સટીક સ્વપન જોવા મળે તો તમારી જન્મકુંડળી મુજબ તેનું અર્થઘટન અવશ્ય કરાવવું જોઈએ!!

# વાજડી સબસ્ટેશન ખાતે જેટકોના અદ્યતન ટ્રેનિંગ સેન્ટરનું ઉદ્ઘાટન

## જીબીઆના જેટકોના પુર્વ જનરલ સેક્રેટરી સ્વ.રઘુભાઈ સાવલીયાનું ટ્રેનિંગ સેન્ટર નિર્માણનું સ્વપન સાકાર થયું : ચીફ ઈજનેર એન.જે. રાઠોડનો નિવૃત વિદાય સમારોહ પણ યોજાયો





અબતક, રાજકોટ : રાજકોટના કાલાવડ રોડ ઉપર આવેલ ૧૩૨ કેવી વાજડી સબસ્ટેશન ખાતે જેટકો દ્વારા નિર્માણ પામેલ અધ્યતન ટ્રેનિંગ સેન્ટરનું ઉદઘાટન જેટકોના મેનેજીંગ ડાયરેક્ટર ઉપેન્દ્ર પાંડેના હસ્તે કરવામા આવ્યું છે. આ ટ્રેનિંગ સેન્ટર નિર્માણ પામે તેવું સ્વપન જીબીઆના જેટકોના પુર્વ જનરલ સેક્રેટરી સ્વ.રઘુભાઈ સાવલીયાએ સેવ્યું હતું. જે સાકાર થયું છે.

આ આધુનિક ટ્રેનિંગ સેન્ટરમાં ઓડિટોરીયમ, ક્લાસ રૂમ, કોમ્પ્યુટર લેબ, વિશાળ લાયબ્રેરી, બોર્ડ મિટીંગ રૂમ તેમજ કોન્ફરન્સ રૂમ ૨ તેમજ વિવિધ સગવડતા સાથેની ૪૦ રૂમની અધ્યતન હોસ્ટેલ અને વિશાળ ડાયનિંગ હોલ સહિતની સવલતો છે.

આ પ્રસંગની સાથે સાથે રાજકોટ ઝોન જિબીઆ જેટકો પરીવાર દ્વારા ચિફ ઈજનેર એન. જે. રાઠોડ વય મર્યાદાના લિધે તા.૩૧ મેના રોજ નિવૃત થઈ રહ્યા હોય અને જેના અનુસંધાને ફેરવેલ પાર્ટી આયોજીત કરવામા આવેલ હતી. આ તકે એન. જે. રાઠોડ દ્વારા ભુતકાળમા જિબીયાના ઓફિસ બેરર તરીકે વિવિધ પદો ઉપર ફરજ બજાવીને જિબિઆને મજબુતી પ્રદાન કરેલ તેના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમજ તેઓના ચિફ ઈજનેર ટ્રાંસમિશનના સમય કાર્યકાળ દરમિયાન ટ્રાંસમિશન ક્ષેત્રે સારી એવી કામગીરી કરેલ તેની આ પ્રસંગે સૌએ નોંધ લીધેલ હતી.

આ ફેરવેલ પાર્ટીના પ્રસંગે જિબીઆના પુર્વ સેક્રેટરી જનરલ બી. એમ. શાહ તેમજ પુર્વ વીપી લિગલ જીબિઆ એ. ડી. હુલાણી અમદાવાદથી જીબિઆના આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહેલ હતા. જેટકોના ચિફ ઈજનેરો એ. જે. ચાવડા, એ. બી. રાઠોડ, કે. એચ. રાઠોડ તેમજ પીજિવિસીએલના ચિફ ઈજનેર આર. જે. વાળા, જિબિઆના ઈન્ચાર્જ વિપી લિગલ એસ. ડી. પટેલ તેમજ જીએમ એચઆર જીયુવીએનએલ જે. ટી. રાય, એજીએમ કે. એમ. પરમાર, એસ એ પટેલ તેમજ રાજકોટ ઝોનલના વડા એસ. જી. કાંજિયા, મેહસાણા ઝોનલના વડા એ. એચ. મકવાણા, તેમજ જેટકોના એજીએસ ગામી અને એમ. જી. ટાટમિયા સાહેબ, પીજીવિસીએલના જિબિઆના ઓફિસ બેરર કાતરીયા, ભારદ્વાજ, નિમાવત, ડિ. એમ. પટેલ આ ઉપરાંત રાજકોટ ઝોનલના તમામ અધિક્ષક ઈજનેરો તેમજ જેટકો જિબિઆના ઓફિસ બેરર્સ અને જિબિઆ મેમ્બરો ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમની સાથે સાથે એન. જે. રાઠોડનો જન્મ દિવસ પણ હોય તેથી કેક કાપીને તેમનો જન્મદિવસ ઉજવવાની સાથે સાથે ફેરવેલ પાર્ટી પણ યાદગાર બનાવેલ. આ કાર્યક્રમમા સંગીત સંધ્યા દ્વારા કાર્યક્રમને શાનદાર બનાવેલ. આ કાર્યક્રમને અંતે સૌ સુમધુર ભોજન લઈને છુટા પડેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન એન.એમ. પટેલ સર્કલ સેક્રેટરી સુરેન્દ્રનગર તેમજ આભારવિધિ એમ.જે. ગામી એજીએસ રાજકોટ ઝોન દ્વારા કરવામાં આવેલ. અંતે આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ જેટકો જીબીઆ રાજકોટ ઝોન પરીવારને તેમજ રાજકોટ ઝોનના વડા કાંજીયા તેમજ ટ્રેનિંગ સેન્ટરના હેડ એસ. એ. પટેલ તથા ગોંડલ સર્કલની સિવિલ વિંગની ટીમ તેમજ કોન્ટ્રાકટરની ટીમને સૌએ બિરદાવ્યા હતા.

# સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશમાં વિલંબઃ હેલ્પ ડેસ્ક ક્યારે શરૂ થશે?

## ખાનગી યુનિવર્સિટીઓએ ઓનલાઇન માર્કશીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનું શરૂ કરતાં સરકારી કોલેજના ભોગે ખાનગી યુનિવર્સિટીઓની બેઠકો ફુલ થઇ જાય તેવી સ્થિતિ ઉભી થઇ

**અબતક, રાજકોટ**

રાજ્યની વિવિધ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ગ્રાન્ટેડ અને સરકારી કોલેજોમાં પ્રવેશ માટે પહેલી વખત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવામાં આવી રહ્યું છે. આ રજિસ્ટ્રેશમાં માર્કશીટ આવ્યા પછી ફી ભરવા સહિતની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. બીજી બાજુ ખાનગી યુનિવર્સિટીઓએ ઓનલાઈન માર્કશીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનું શરૂ કરતાં સરકારી કોલેજના ભોગે ખાનગી યુનિવર્સિટીઓની બેઠકો ફુલ થઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ રહી છે. તાકીદે યુનિવર્સીટી અને કોલેજોમાં હેલ્પ ડેસ્ક શરૂ થાય તે માટે વિદ્યાર્થી સંગઠનોએ માંગ કરી છે.ધો.૧૨નું પરિણામ આવ્યા બાદ જુદી જુદી સરકારી યુનિવર્સિટીઓ પોતાની સાથે જોડાયેલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં સ્વતંત્ર રીતે પ્રવેશ પ્રક્રિયા કરતી હતી. ચાલુ વર્ષે તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન ગત ૧લી એપ્રિલથી શરૂ કરવામાં આવ્યું છે.

હાલની સ્થિતિ એવી છે કે, વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરી રહ્યા છે, પરંતુ માર્કશીટ આવી ન હોવાથી આગળની કોઇ પ્રક્રિયા થતી નથી. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સહિતની તમામ સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ આગળની કાર્યવાહી ક્યારે શરૂ થશે તેની રાહ જોઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં અને રાજયમાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓએ હાલમાં જુદા જુદા કોર્સમાં ઓનલાઈન માર્કશીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનું શરૂકરી દીધું છે. હાલમાં શહેરની અનેક ખાનગી યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ માત્ર ઓનલાઈન માર્કશીટના આધારે પ્રવેશ લઈ રહ્યા છે. સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશના વિલંબના કારણે જે વિદ્યાર્થીઓને ખાનગી કોલેજો કે યુનિવર્સિટીઓની ફી પોષાતી નથી તેવા વાલીઓ પણ આર્થિકભારણ સહન કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી રહ્યા છે.એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં વહેલીતકે પ્રવેશની પ્રક્રિયાને લગતી કાર્યવાહી શરૂ થાય અને સમિતિ અને હેલ્પસેન્ટર પરથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું શરૂ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.



### સરકારી યુનિવર્સિટીઓમાં તાકીદે પ્રવેશ હેલ્પ ડેસ્ક શરૂ કરવા માંગ

રાજ્યમાં ધો.૧૨નું પરિણામ જાહેર થયા બાદ ખાનગી કોલેજો અને યુનિવર્સિટીઓ માર્કેટીંગ શરૂ કરીને વિદ્યાર્થીઓ પાસે માર્કશીટ ન હોય તો પણ પ્રવેશ કન્ફર્મ કરવાનું શરૂ કરી દીધું હતુ. જેની સામે સરકારી યુનિવર્સિટીઓમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું નક્કી કર્યા બાદ હજુ રજિસ્ટ્રેશન ચાલી રહ્યું છે. અનેક વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ પણ મેળવી લીધા છે ત્યારે સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે હજુ લાંબો સમય રાહ જોવી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.




# ચૂંટણીનો થાક હજુ ઉતરતો નથીઃ જનરલ બોર્ડમાં ૧૪ કોર્પોરેટરો ગેરહાજર

## મંત્રી ભાનુબેન બાબરિયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ અને શાસક પક્ષના પૂર્વ નેતા વિનુભાઈ ઘવા સહિતના ૧૪ જનપ્રતિનિધિઓ બોર્ડ બેઠકમાં ન આવ્યા





(તસ્વીરઃ શૈલેષ વાડોલીયા)

## ચૂંટણીની આચારસંહિતા અમલમાં હોય સભ્યો હાજરી પત્રકમાં સહી કરે તે પૂર્વે જ બોર્ડ સમેટાઇ ગયુંઃ તમામ પાંચ દરખાસ્તો રખાય પેન્ડિંગ

**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયાના ૧૧ દિવસ બાદ પણ ભાજપ અને કોંગ્રેસના નેતાઓને હજુ ચૂંટણીમાં કરેલી ભાગદોડનો થાક ઉતરતો ન હોય તેવું લાગી રહ્યું છે. આજે સવારે રાજકોટ મહાનગરપાલિકા ખાતે મળેલી જનરલ બોર્ડની બેઠકમાં ૧૪ કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતા. જે પૈકી ૧૦ કોર્પોરેટરોએ રજા-રિપોર્ટ મુકયા હતા. જ્યારે ચાર કોર્પોરેટરોની ગેરહાજરી પૂરાઈ હતી. આચાર સંહિતા અમલમાં હોવાના કારણે એકપણ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવ્યો ન હતો. તમામ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી. હાજર સભ્યો હાજરી પત્રકમાં સહી કરી હાજરી પૂરાવે તે પૂર્વે તો બોર્ડ-બેઠકનો સંકેલો થઈ ગયો હતો.

બીપીએમસી એક્ટ મુજબ રાજકોટ મહાનગરપાલિકામાં દર બે મહિને જનરલ બોર્ડની બેઠક બોલાવવી ફરજિયાત છે. આ નિયમના પાલન માટે આજે સવારે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને બોર્ડ-બેઠક મળી હતી. જે ગણતરીની મિનિટોમાં પૂરી થઈ ગઈ હતી. કારણ કે હાલ લોકસભાની ચૂંટણીની આદર્શ આચાર સંહિતા અમલમાં હોવાના કારણે બોર્ડમાં પ્રશ્નોત્તરી કાળનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આ ઉપરાંત તમામ પાંચેય દરખાસ્તો પેન્ડિંગ રાખવામાં આવી હતી. વંદે માતરમ્‌ના ગાન બાદ ગત બોર્ડ બેઠકમાં થયેલી કામગીરીનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યક્ષસ્થાને એવી ઘોષણા કરવામાં આવી હતી કે આચાર સંહિતાના કારણે તમામ પાંચેય દરખાસ્તો પેન્ડિંગ રાખવામાં આવી રહી છે. ત્યારબાદ બોર્ડના સમાપન માટે વધુ એકવાર વંદે માતરમ્‌નું ગાન કરવામાં આવ્યું હતું.

લોકસભાની ચુંટણીમાં પોતાના પક્ષના ઉમેદવારને જીતાડવા માટે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરોએ કરેલી ભાગદોડનો થાક હજુ તેઓને ઉતર્યો ન હોય તેવું લાગી રહ્યું છે. આજે બોર્ડ-બેઠકમાં ૭૨ પૈકી ૧૪ કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતા. જેમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, કુસુમબેન ટેકવાણી, બિપીનભાઈ બેરા, કેતનભાઈ પટેલ, ભારતીબેન પાડલીયા, અનિતાબેન ગૌસ્વામી, ઉપરાંત અપક્ષ કોર્પોરેટર એવા વજીબેન ગોલતર અને દેવુબેન જાદવે રજા-રિપોર્ટ મૂક્યા હતા. જ્યારે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ, કોંગ્રેસના કોર્પોરેટર ભાનુબેન સોરાણી અને મકબૂલભાઈ દાઉદાણી બોર્ડમાં ગેરહાજર રહ્યા હતા. જનરલ બોર્ડમાં કુલ પાંચ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ટીપી સ્કિમ નં.૩ (નાના મવા) અંતિમ ખંડ નં.૪ પૈકીની વાણિજ્ય વેંચાણ હેતુ માટેના પ્લોટની ફાળવણી રદ્દ કરવા, કોર્પોરેશનની વિવિધ જગ્યાઓ ઉપર સિધી ભરતી અને બઢતીથી નિયુક્ત થયેલા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અનુસાર પગાર બાંધણી કરતા ઉદ્‌ભવેલી વિસંગતતાઓ દૂર કરવા, માર્કેટ શાખામાં એન્ક્રોચમેન્ટ રિમૂવલ ઈન્સ્પેક્ટરની ઉપસ્થિતિ કરાયેલી ૯ જગ્યાઓનો કાયમી સ્ટાફ સેટઅપમાં સમાવેશ કરવા, વોર્ડ નં.૧૨માં વાવડીને લાગૂ રામનગર વિસ્તારમાં પીવાના પાણીની સગવડતા આપવા અને કોર્પોરેશનની હદમાં કડીયાનાકાથી નજીકના વિસ્તારમાં રેનબસેરા માટે જમીન ફાળવણી કરવા સહિતની તમામ પાંચેય દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી.

## ભાજપે સસ્પેન્ડ કરેલા બંને કોર્પોરેટરો બોર્ડમાં ન દેખાયા

### આવાસ કૌભાંડમાં આબરૂં ધુળધાણી થયા બાદ વજીબેન ગોલતર અને દેવુબેન જાદવે મુકયા રજા-રિપોર્ટ

ભાજપના પ્રતિક પરથી કોર્પોરેશનની ચૂંટણી લડી નગરસેવિકા બનેલા દેવુબેન જાદવ અને વજીબેન ગોલતરના પતિદેવોએ આવાસ કૌભાંડ આચર્યું હતું. જેના પગલે લોકસભાની ચૂંટણી પહેલા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી દ્વારા આ બંને નગરસેવિકાઓને ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. કૌભાંડથી કાળુ મોંઢુ થયા બાદ શરમના માર્યા આ બંને કોર્પોરેટરો આજે જનરલ બોર્ડની બેઠકમાં આવ્યા ન હતા. તેઓએ રજા રિપોર્ટ મૂકી દીધા હતા. દરમિયાન સેક્રેટરી શાખા દ્વારા પણ હવે તેઓને અપક્ષ સભ્ય ગણવામાં આવી રહ્યા છે. જો કે, લોકસભાની ચૂંટણીમાં પ્રચાર-પ્રસાર દરમિયાન આ બંને નગરસેવિકાઓ અને તેઓના કૌભાંડી પતિદેવ નજરે પડતા હતા.

## સાગઠીયા અને ભારાઈની લાંબા સમય બાદ બોર્ડમાં એન્ટ્રી



ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણી પૂર્વે કોંગ્રેસનો સાથ છોડી કોર્પોરેટર પદેથી રાજીનામું આપ્યા વિના જ આમ આદમી પાર્ટીમાં સામેલ થનાર વશરામભાઈ સાગઠીયા અને કોમલબેન ભારાઈને કોર્પોરેટર પદેથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. દરમિયાન તેઓએ ફરી ઘરવાપસી કરતા કોંગ્રેસના કોર્પોરેટર ભાનુબેન સોરાણીએ અરજી પરત ખેંચી લેતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેઓનું ડિસ્કોલીફિકેશન રદ્દ કરવામાં આવ્યું હતું. શહેરી વિકાસ વિભાગ દ્વારા પણ આ બંનેને કોર્પોરેટર પદે યથાવત ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. દરમિયાન આજે લાંબા સમય બાદ કોર્પોરેશનના જનરલ બોર્ડમાં વશરામ સાગઠીયા અને કોમલબેન ભારાઈની એન્ટ્રી થવા પામી હતી. જો કે, બોર્ડમાં કોંગ્રેસના નગરસેવકોની સંખ્યા તો માત્ર બે જ રહી હતી. કારણ કે ભાનુબેન સોરાણી અને મકબૂલ દાઉદાણી આજે બોર્ડમાં ગેરહાજર રહ્યા હતા.

બીજી તરફ ભાજપે બે નગરસેવિકાઓને પક્ષમાંથી સસ્પેન્ડ કરી હતી. તેઓ પણ આજે ગેરહાજર રહેતા તેઓને અપક્ષ સભ્ય ગણવામાં આવ્યા હતા.

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો સ્થાપના દિવસ ઉજવાયો

### ઉત્તમ શિક્ષક અને શ્રેષ્ઠ શિક્ષણએ વિદ્યાર્થીઓની કરોડરજ્જુ

**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ૧૭મા સ્થાપના દિનની ઉજવણી એક ગરિમાપૂર્ણ સમારોહમાં ગઈકાલે યુનિવર્સિટી કેમ્પસ ખાતે ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક કરવા આવી હતી.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષપદે કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જર તથા અતિથિવિશેષ પદે જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી ડો.રઘુવીર ચૌધરી, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનના સચિવ પ્રો.રાજીવકુમાર, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડો.હર્ષદ પટેલ અને જી.સી.સી.આઈ.ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તથા એસ્ટ્રલ પાઈપના સંસ્થાપક સંદીપ એન્જિનિયર ઉપસ્થિત રહ્યા હતા.




સમારંભનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.તે પછી યુનિવર્સિટી સોંગ ઉપસ્થિત સૌએ સાથે મળીને પ્રસ્તુત કર્યું હતું. આ પછી મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતા યુનિવર્સિટીના કુલસચિવ ડો.કે.એન.ખેરે જણાવ્યું હતું કે આ દિવસ આપણા સૌ માટે સિદ્ધિઓને વાગોળવાનો અને નવા સંકલ્પો લેવાનો દિવસ છે.

અતિથિ વિશેષપદેથી ઉદ્દબોધન કરતા પદ્મશ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે આ કેમ્પસમાં હું ફરીવાર આવું છું એનો આનંદ છે. અહીંનું સુંદર વાતાવરણ અને આપ સહુની વિશાળ ઉપસ્થિતથી હું પ્રભાવિત થયો છું. રઘુવીર ચૌધરીએ વિશેષમાં ઉમેર્યું તમારા યુનિવર્સિટી સોંગમાં જે વર્ણન કરાયું એ અનુસારની ઉત્તમતા તમારી યુનિવર્સિટી પ્રાપ્ત કરે એવી હું શુભેચ્છા પાઠવું છું.અંતમા તેઓએ યુનિવર્સિટી જ્યારે બોલાવશે ત્યારે પોતે આવશે એવી ખાતરી આપી હતી.

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડો.હર્ષદ પટેલે મુખ્ય મહેમાન તરીકે સંબોધન કરતા જણાવ્યું હતું કે હું રઘુવીર ચૌધરીનો શિષ્ય છું અને મેં એકવાર તેમની સાથે કેવડિયા કોલોનીનો પ્રવાસ કર્યો હતો ત્યાં હું સતત તેમની સાથે રહ્યો એ પછી તેઓએ સદરહુ પ્રવાસ અંગે એક દૈનિકમાં લેખ લખ્યો એ વાંચીને મને એવું લાગ્યું કે હું સતત રઘુવીરભાઈ સાથે હોવા છતાં તેઓને જે દેખાયું હતું તેમાંનું કશું મને દેખાયુ નહોતું.સર્જક પાસે જે દ્રષ્ટિ હોય છે તે કંઈક અલગ અને અનેરી હોય છે.

વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે ગુજરાત

(અનું. આઠમાં પાને)

### ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ એન્ડ રીસર્ચ હોસ્પિટલ દ્વારા

## વિદ્યાર્થીઓને દિક્ષાંત સમારોહમાં ડિગ્રી આપી સન્માનીત કરાયા




**અબતક, રાજકોટ**

ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ એન્ડ રીસર્ચ હોસ્પિટલ ઈશ્વરીયા ખાતે વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. તેમાં વિદ્યાર્થીઓને ડિગ્રી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેમજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃતિઓ રજુ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જેમા કેપ એન્ડ ગાઉન સાથે ઉપસ્થીત વિદ્યાર્થીઓને ડિગ્રી આપી ઉજ્વ્વલ ભવીષ્યની કોલેજના વાઈસ ચેરમેન ચેતનભાઈ રામાણી એ અભ્યર્થના વ્યકત કરી હતી.એન્યુલ ફંકશન ગુંજ ૨૦૨૪ મા વિધાર્થીઓ એ અલગ અલગ સાસકૃતીક કાર્યક્રમો રજુ કર્યા હતા તદઉપરાંત સમગ્ર વર્ષ દરમીયાન શૈક્ષણીક ઉપલ્બધીઓના ઈનામ વિતરણ યોજાયા હતા ત્યારે કોલેજના મેનેજીંગ ટ્રષ્ટી હરિકૃષ્ણ રામાણી એ ઉપસ્થીત રહી દિપ પ્રાગટ્ય કરી વિધાર્થીઓને સર્ટીફીકેટ અને મોમેન્ટો આપી સન્માનયા હતા.

## બાલાજી દાદાને રંગેબેરંગી પુષ્પોનો અલૌકિક શણગાર



**અબતક, રાજકોટ**

શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટેમ્પલ બોર્ડ વડતાલ ધામ સંચાલિત વડતાલ દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે રાજકોટની પાવન ધરામાં બિરાજમાન દુઃખ ભંજન , મારુતિ નંદન શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે કળશ સાથે રંગબેરંગી પુષ્પોનો અલૌકિક અને દિવ્ય શણગાર કરાયો છે , આ દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે સાથે આજે મંદિરના મહંત પૂ.વિવેકસાગર દાસજી સ્વામી , કોઠારી પૂ.મુનિવત્સલ દાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં સંગીતમય મારુતિ યજ્ઞ પણ યોજાયો હતો જેમાં પણ બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં અને યજ્ઞનો લાભ લીધો હતો, આજના શનિવારના પવિત્ર દિવસે હજારો ભકતો મહાપ્રતાપી બાલાજી દાદાના દર્શને પધારશે અને ધન્યતાની અનુભૂતિ કરશે , આપ પણ પરિવાર સાથે બાલાજી દાદાના દર્શને પધારી દર્શનનો દિવ્ય લાભ લો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે

## એવફીસ સ્પેશ સોલ્યુશન લી.નો આઈપીઓ મંગળવારે ખુલશે

### રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈકિવટી શેર દીઠ રૂ. ૩૬૪ થી ૩૮૩ ભાવ નકકી કરાયા

**અબતક, રાજકોટ**

સીબીઆરઈ રિપોર્ટ મુજબ ભારતમાં સૌથી મોટી ફ્લેક્સિબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ કંપની અૂરશત એવફીસ સ્પે સોલ્યુશન લીમીટેડ (કંપની)૨૨ મે, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ (ઓફર) લઈને આવવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૧ મે, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર ૨૭ મે ના રોજ બંધ થશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૬૪થી રૂ. ૩૮૩ નક્કી કરવામાં આવી છે. બિડ્‌સ લઘુતમ ૩૯ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૯ શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.




ઓફરમાં રૂ. ૧,૨૮૦ મિલિયનના મૂલ્યના (-) સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. (-) મિલિયન સુધીના મૂલ્યના ૧૨,૨૯૫,૬૯૯ ઈક્વિટી શેર્સ (ઓફર્ડ શેર્સ)ના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે જેમાં પીક એકસવી પાર્ટનર ઈન્વેસ્ટમેન્ટ પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર દ્વારા રૂ. (-) મિલિયન સુધીના મૂલ્યના ૬,૬૧૫,૫૮૬ ઈક્વિટી શેર્સ, બિસ્ક લિમિટેડ દ્વારા રૂ. (-) મિલિયન સુધીના મૂલ્યના ૫,૫૯૪,૯૧૨ સુધીના ઈક્વિટી શેર્સ અને લિંક ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા રૂ. (-) મિલિયન સુધીના મૂલ્યના ૮૫,૨૦૧ ઈક્વિટી શેર્સ (કુલ મળીને, સેલિંગ શેરહોલ્ડર્સ અને સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ઈક્વિટી શેર્સના વેચાણ માટેની આવી ઓફર, ઓફર ફોર સેલ) નો સમાવેશ થાય છે. ઓફરમાં અમારી કંપનીના ઓફર પછીની પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલના (-) ટકાનો સમાવેશ થશે.

કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો નવા સેન્ટર્સ ઊભા કરવા મૂડી ખર્ચ માટે, કંપનીની કાર્યશીલ મૂડી જરૂરિયાતો પૂરી કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

તંત્રી લેખ

# ડીપફેકથી ભયાનક પરિણામો આવી શકે!

ડીપફેક બે શબ્દોથી બનેલું છે આર્ટિફિશિયલ ટેક્નોલોજી આધારિત ડીપ લર્નિંગ અને ફેક. ડીપફેક એ કૃત્રિમ મીડિયા છે જેમાં કોઈ વ્યક્તિનો ફોટો અથવા વિડિયો સંમતિ વિના અન્ય વ્યક્તિના સમાન ફોટો અથવા વિડિયો સાથે બદલવામાં આવે છે. શરૂઆતમાં ડીપફેકનો ઉપયોગ પોર્નોગ્રાફિક સામગ્રી બનાવવા માટે કરવામાં આવતો હતો. પણ હવે આનો ઉપયોગ ગમે ત્યાં કરાઈ છે. ડીપફેક ટેકનોલોજી વાસ્તવિક અને કાલ્પનિક વચ્ચેની સીમાને અસ્પષ્ટ કરે છે.

ડીપફેક્સ શરૂઆતમાં જનરેટિવ એડવર્સરીયલ નેટવર્ક્સ તરીકે ઓળખાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તકનીકોનો ઉપયોગ કરીને એક નવીનતા હતી, એટલે કે એઆઈમાં વ્યક્તિની કુશળતા દર્શાવવાની એક મનોરંજક રીત. પરંતુ આ હવે સાચું નથી. રાજકીય નેતાઓના ભાષણોમાં છેડછાડથી માંડીને સેલિબ્રિટીઓને અયોગ્ય સામગ્રી સાથે જોડવા માટે રાજકીય અશાંતિ ઊભી કરવા સુધીના ડીપફેક્સ ટ્રેન્ડમાં છે.

ડીપફેકના દુરુપયોગનો અવકાશ વિશાળ અને ખૂબ જ ચિંતાજનક છે. ચૂંટણીઓ અથવા યુદ્ધ જેવા કિસ્સાઓમાં આ ખાસ કરીને ખતરનાક બની શકે છે, જ્યાં રાજકીય નેતાઓ એવું કહેતા અથવા કરતા હોય છે જે તેઓ વાસ્તવમાં કહેતા નથી અથવા કરતા નથી - એવું કંઈક જે સંભવિતપણે મતદારોને પ્રભાવિત કરી શકે છે અને લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાને નષ્ટ કરી શકે છે.

વર્ષ ૨૦૨૦ માં, રાણી એલિઝાબેથે ટીવી પર એક સંદેશ આપ્યો, જે પાછળથી ડીપફેક હોવાનું બહાર આવ્યું. આ 'ક્વીન્સ સ્પીચ' ખાસ કરીને આ ટેક્નોલોજીના સંભવિત જોખમોને ઉજાગર કરવા માટે ગોઠવવામાં આવી હતી. ઉદાહરણ તરીકે, યુએસ કોંગ્રેસની તત્કાલીન સ્પીકર નેન્સી પેલોસીનો એક વિડિયો ડોકટર કરવામાં આવ્યો હતો, જેમાં તેણીને સત્તાવાર ભાષણ દરમિયાન નશામાં હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

ભારતમાં ડીપફેકની સમસ્યા ત્યારે આવી જ્યારે બે અભિનેત્રીઓ - કેટરિના કૈફ અને રશ્મિકા મંદાના, જેઓ આ ડાર્ક ટેક્નોલોજીથી ખરાબ રીતે પ્રભાવિત થઈ હતી. ડાર્ક ટેક્નોલોજી વિશ્વભરની મહિલાઓને નિશાન બનાવે છે. આ વખતે પણ અમિતાભ બચ્ચન અને આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખરે તેની નોંધ લીધી હતી. ત્યારબાદ ભારતીય વડા પ્રધાનને પણ કથિત રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા, જેણે ખરેખર ભારતીય અધિકારીઓને ચોંકાવી દીધા હતા. કદાચ તેમના મગજમાં એ વાત તાજી થઈ ગઈ છે કે ઈમરાન ખાને જેલમાં રહીને પણ તેમના જેવા દેખાવા અને પાકિસ્તાનના નાગરિકો સાથે સમાન અવાજમાં વાત કરવા માટે એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો.

ડીપફેક્સ વધુ અત્યાધુનિક બની રહ્યા છે, કારણ કે તેને બનાવવા માટે નિષ્ણાત સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જનરેટિવ એઆઈ મોડલ્સે તેને સ્કેલ પર બનાવવાનું સરળ બનાવ્યું છે, હવે કોઈ વિશેષ કુશળતાની જરૂર નથી. તો

ડીપફેક બનાવનારા અને તેને ફેલાવનારાઓને સજા કરવા માટે આપણે કેટલાક કડક અને અનુકરણીય કાયદા બનાવવાની જરૂર છે. મેટા અને ગુગલ જેવી સોશિયલ મીડિયા કંપનીઓએ ડીપફેક્સને દૂર કરવા માટે પગલાં ભરવાની જરૂર છે, કારણ કે તે તેમને ફેલાવવાનું પ્રાથમિક માધ્યમ છે. આપણે સમાજમાં જાગૃતિ અને ડિજિટલ શિક્ષણ વધારવાની પણ જરૂર છે.

## અંગદાતા બે વર્ષના સ્વ.વેદની પુણ્યતિથિએ

# ઝીંઝુવાડિયા પરિવાર દ્વારા કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટનો ૨૩ મહિનાનો વેદ ઝીંઝુવાડીયા મગજમાં ગાંઠ બાદ કોમામાં સરી પડયો આ દુઃખમાં પણ માતા-પિતાએ દીકરાની બન્ને કિડની અને આંખ ડોનેટ કરવાનો નિર્ણય લીધો. વેદે આ દુનિયાને છોડતા પહેલા બન્ને કિડની દાન કરી ૧૭ વર્ષના અનુજને નવજીવન આપનો ગયો.

અબતક ની શુભેચ્છા મુલાકાતે ભાવેશ ઝીઝુવાડીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને બ્લડ મળી રહે તેવા શુભઆશયથી અંગદાતા વેદની સ્મૃતિરુપે, ભાઇ વિઆનની રકતતુલા નિમિતે, શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી તા. ૧૯-૫-૨૪ રવિવાર સાંજે ૬ થી રાત્રે ૮.૩૦ કલાક સુધી પાવન ફાર્મ, ધ વન વર્લ્ડની સામે, શીતલ પાર્ક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. (ડો. દિવ્યેશ વિરોજા, ડો. સંકલ્પ વણજારા, ડો. તેજસ કરમટા, મિતલ ખેતાણી)


આ કેમ્પમાં ભાવેશભાઇ ઝીંઝુવાડીયા, વિભૂતિબેન ઝીંઝુવાડીયા, ઝીંઝુવાડીયા પરિવાર, શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતિક અમલાણી, (યુરોલોજીસ્ટ યુરો કેર હોસ્પિટલ) ડો. પુનિત ત્રિવેદી (ન્યુરો સર્જન, રાજ હોસ્પિટલ), રાજકોટ સિવીલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકડર્સની ટીમ માનવ સેવા આપશે.રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા નમ્ર વિનંતી અરજ કરેલ છે.

સમસ્ત પ્રજાપતિ જ્ઞાતિ તેમજ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનનો સહયોગ મળેલ છે. કોઈની સ્મૃતિરુપે કે જન્મ દિવસ નીમીતે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા માટે શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા વિનંતી.

અબતકની શુભેચ્છા મુલાકાતે મનસુખભાઇ તલસાણીયા (પ્રમુખ પ્રજાપતિ જ્ઞાતિ), તથા નિતીનભાઇ ઘાટલીયા, ભાવનાબેન મંડલી (ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન), ભાવેશભાઇ ઝીંઝુવાડીયા, વિપુલભાઇ ઝિંઝુવાડીયા, શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશન ના વિનય જસાણી, યજ્ઞેશ વારીયા ઉપસ્થિત રહ્યા હતા.


(તસ્વીર:- મનસુખ રાઠોડ)

અબતકની શુભેચ્છા મુલાકાતમાં રકતદાન કેમ્પની આપી વિગત



# શારદા સાનિધ્ય એપાર્ટમેન્ટના રહેવાસીઓને અપાયું ફાયર સેફટી અંગે માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શારદા સાનિધ્ય એપાર્ટમેન્ટમા ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવ્યું હતું.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



# બાલમુકુંદ લાફીંગ કબલના ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશની ઉજવણી

## કોર્ડિનેશન લાફીંગ કલબના જનરલ સેક્રેટરી અરવિંદ વોરાએ આપી હાજરી

**અબતક, રાજકોટ**

બાલમુકુંદ લાફિંગ ની સ્થાપના ને ૧૪ વર્ષ પૂરા કરી અને ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા તેની ઉજવણીમાં કલબના સભ્યોના સહકારથી ખૂબ ઉત્સાહભેર કરી હતી.

આ પ્રસંગે રાજકોટ ડિસ્ટ્રિક્ટ લેવલ કોર્ડીનેશન લાફિંગ કલબ કમિટીના જનરલ સેક્રેટરી અરવિંદભાઈ વોરા અતિથિ વિશેષ તરીકે હાજર રહી લાફિંગ કલબ વિશે વિસ્તૃત માહિતી આપી અને તેનાથી થતા ફાયદાઓની જાણકારી આપી હતી.અરવિંદભાઈ વોરાએ કલબના કન્વીનર પ્રતાપભાઈ જાની નું બુકે થી બહુમાન કર્યું હતું.

વિશેષમાં કલબના સક્રિય સભ્ય પુજારાભાઈ ની મેરેજ એનિવર્સરી નું પણ સેલિબ્રેશન કરી બુકેથી સ્વાગત અરવિંદભાઈ વોરાએ કર્યું હતું.



## શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા

# સોની સમાજના બોર્ડના તેજસ્વી તારલાઓને સન્માનીત કરાશે

## માળી સોની પાટડીયા પરિવાર દ્વારા આયોજીત ગુજરાત રાજ્ય નાં દરેક શહેર નાં ધોરણ ૧૦/૧૨ નાં પાસ થયેલા વિદ્યાર્થીઓને સન્માન પત્ર આપવામાં આવશે

સમસ્ત સોની સમાજ નાં વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ પત્રક, આધારકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝ નો ફોટો પાડીને જીજ્ઞેશ વાગડીયા રાજકોટ મો.૯૭૨૩૩ ૯૦૯૦૯ સંદિપ ભાઈ જડીયા મો.નં. ૭૪૦૫૪ ૫૮૧૨૩ નાં વોટ્સએપ પર તારીખ ૧૮/૫/૨૦૨૪ સાંજે ૮ વાગ્યા સુધી માં મોકલી શકશો.

તારીખ ૧૯/૫/૨૦૨૪ રવિવાર સવારે ૧૦ થી બપોરે ૧ વાગે સુધી પંચનાથ મહાદેવ મંદિર પંચનાથ પ્લોટ ભગવાન ભુવન વાડી થી આપવામાં આવશે..

આ સન્માન પત્ર નાં કાર્યક્રમ નાં પ્રમુખ હોદ્દેદારો તથા મહિલા પ્રમુખ, હોદ્દેદારો દ્વારા વિદ્યાર્થીઓ ને સન્માન પત્ર આપવામાં આવશે..આ કાર્યક્રમમાં સફળ બનાવવા જીજ્ઞેશ વાગડીયા કલ્પેશભાઈ પાટડીયા સંદિપભાઈ જડીયા ભાવીનભાઈ વાગડીયા નિલેશભાઈ જડીયા દેવનભાઈ પાટડીયા સુમિત ભાઈ વાગડીયા રાજુભાઈ પાટડીયા હસ્મિતા બેન પાટડીયા શ્વેતાબેન વાગડીયા વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે..


રાજકોટ શહેર નાં અગ્રણી સોની સમાજ નાં હોદ્દેદારો,અગ્રણી તથા સોની સમાજ વેપારી તથા સંસ્થા

# એસ.ટી. બસ સ્ટેશનમાં દોશી પરિવાર દ્વારા છાશ વિતરણ

**અબતક, રાજકોટ**

શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા જન શ્રેષ્ઠિ વીરેન્દ્રભાઈ દોશી પરિવાર અને એક અનામી દાતાના સહયોગથી ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં બસમાં મુસાફરી કરતા યાત્રાળુઓને ગરમીમાં રાહત થાય તે માટે તાજી અને પૌષ્ટિક ઠંડી અમૃતરુપી ફુદીના મસાલા યુકત છાશનું વિતરણ કરવામાં આવે છે. અંદાજે ૨૦૦૦ થી વધુ લોકો ઠંડી છાશ નો લાભ લીધો અને બળબળતા તાપમાં હાશકારો અનુભવ્યો હતો.

સુખી અને માનવતા પ્રેમી દાતાઓને છાશ વિતરણ કાર્યમાં સહયોગ આપવા તેમજ અનુકુળતાએ રવિવારે બપોરે ૨ વાગે છાશ કેન્દ્રની મુલાકાતે પધારવા હાર્દિક નિમંત્રણ છે.છાશ વિતરણ પ્રવૃતિ અંગે વિશેષ માહીતી પુછપરછ માટે અનુપમ દોશી મો. નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬ પર સંપર્ક સાધવા જણાવાયું છ



# જાનિ પરિવારનું ગૌરવ

**અબતક, રાજકોટ**

ગુજરાત સેકન્ડરી બોર્ડ-૨૦૨૪ ધોરણ ૧૦ ના પરિણામમાં જાની વેદાંતકુમાર પ્રવીણચંદ્રએ ૯૯.૨૮ પી.આર. અને ૯૪.૬૬ ટકા પ્રાપ્ત કરેલ છે. તેમ જ ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી સમગ્ર રાજયમાં ગણિત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જાની પરિવારનું ગૌરવ વધારેલ છે.

ઉત્તમ પરિણામ બદલ સ્નેહીજનોએ અભિનંદન પાઠવેલ છે.



## સરગમ નર્તમ એકડમી દ્વારા

# નહેરૂ ફાઉન્ડેશન ઓડિટોરીયમ ખાતે નૃત્ય કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ અને કલાગુરૂ કાશ્મીરા ત્રિવેદી હાજર રહ્યા

**અબતક,રાજકોટ**

શહેરના નહેરુ ફાઉન્ડેશન ના ઓડિટોરીયમ માં સરગમ નર્તન એકેડમી ના નૃત્યના છેલ્લા વર્ષના નૃત્ય સાધકો દ્વારા આરંગેત્રમ નું ભવ્ય અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. કુ. પ્રાર્થી જ્યોતિર્મય બુચ, કુ. કાવ્યા પટેલ અને વૃક્ષા બલર દ્વારા આરંગેત્રમની સુંદર રજૂઆત કરાઈ હતી અને ભારત નાટ્યમની માર્ગમ ની તમામ કૃતિઓ રજૂ કરી હતી.

આ નૃત્ય સાધકોએ ૭ વર્ષની નૃત્ય સાધના કલાગુરુ તથા સરગમ નર્તન એકેડમી ના ડાયરેકટર કાશ્મિરા બ્હેન ત્રિવેદી ના શિષ્ય કલાગુર નેહાબહેન દાણી તથા વૃંદાબહેન પાસે કરેલ છે.

કાર્યક્રમના અંતે દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મૂખ્ય અતિથિ પદ્મશ્રી જોરાવર સિંહ જાદવ ના હસ્તે વિદ્યાર્થીઓ ને આરંગેત્રમનું પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમ ૩૦૦ ગુણીજનો એ પ્રત્યક્ષ અને ઘણાં લોકોએ ઓનલાઈન પણ માણ્યો હતો.

"સરગમ નર્તમ અકાદમી" ની સ્ટુડન્ટ વૃક્ષા, પ્રાર્થી, અને કાવ્યાનું આરંગેત્રમ રવિવારે નહેરુ ફાઉન્ડેશન ખાતે યોજાયું હતું. તેઓ એ નેહાદાણી પાસેથી ભારત નાટ્યમ ની તાલિમ મેળવી માર્ગમ ની તમામ કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે પદ્મશ્રી જોરાવર સિંહ જાદવ અને કલાગુરૂ કાશ્મીરા ત્રિવેદી હાજર રહ્યા હતા.



## સેવાકીય પ્રવૃતિમાં હંમેશા અગ્રેસર

# પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણીનો કાલે જન્મદિવસ


રામજીભાઈ બી.માવાણીનો જન્મ તા. ૧૯-૫-૧૯૪૩ ના ધોરાજી મુકામે નાના કિશાન કુટુંબમાં થયો છે. રામજીભાઇ માવાણીએ પ્રાથમિક શિક્ષણ ધોરાજીમાં લીધેલ છે. ઉપલેટા મ્યુનિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તેઓએ બી.એ. (અર્થશાસ્ત્ર) ની પદવી મેળવી છે. એલએલબીની ઉપાધી મેળવી છે. એલએલબીમાં તેઓએ સર એલ.એ. શાહ લો કોલેજમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.

રામજીભાઇ માવાણી વિદ્યાર્થી અવસ્થાથી જાહેર જીવનમાં સેવાકીય પ્રવૃતિઓ સાથે સતત સંકડાયેલ રહ્યા છે. ઉપલેટા કોલેજમાં વિદ્યાર્થી યુનિયનના પ્રમુખ તથા મંત્રી તરીકે તેઓ ચુંટાયે હતા. અમદાવાદની સર એલ.એ. શાહ કોલેજમાં પણ તેઓ સેક્રેટરી તરીકે ચુંટાયા હતા.

રામજીભાઇએ જાતે ખેતી તથા વકીલાત કરી ધોરાજી તાલુકાના ભુતવડ ગામના સરપંચ તરીકે ચુંટાઇને રાજકારણમાં પ્રવેશ કરેલ, તેઓ સંસદ સભ્ય તરીકેની કામગીરીમાં સફળ રહ્યા છે. રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેઓએ સફળ કામગીરી બજાવેલ છે. અત્યારે તેઓ અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા પ્રવૃતિઓ સાથે જીવંત રીતે સંકળાયેલ છે. હાલમાં તેઓ આંતરરાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાની પ્રવૃતિઓ સાથે સંકડાયેલ છે.

પોતાના જીવનમાંથી રાજકારણની કડવાસ દુર કરી તેમના ટીકાકારો સહીત સૌને મિચ્છામી દુકકડમ કરી એક તરફી માફી આપી દીધેલ છે. તેઓ ગઇકાલને ભુલી ગયા છે. આવતીકાલની ચિંતા કરતા નથી. માત્ર અને માત્ર આજ અને અત્યારની ઘડીને મોજથી માણે છે.

પોતાના જન્મદિવસની ઉજવણી પ્રસંગે રાજકોટના વૃધ્ધાશ્રમોમાં વડીલોને અને જાહેર સેવાકીય સંસ્થાઓમાં ભોજન આપી વડીલોના આશીર્વાદ મેળવશે.



# અરવિંદભાઇ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા પૂરક પરીક્ષાનાં નિઃ શુલ્ક વર્ગો

**અબતક રાજકોટ**

ધોરણ ૧૦ અને ૧૧ - ૧૨ (તભશયક્ષભય) માં ગણિત વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાનાં નિઃ શુલ્ક વર્ગો શ્રી અરવિંદભાઇ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી અરવિંદભાઈ મણીઆર સ્ટડી સેન્ટર રેસકોર્સ પ્લેનેટોરિયમ બિલ્ડીંગ ખાતે શરૂ થઈ ચુકયા છે.

જેનો સમય સાંજનાં ૬ થી ૭ નો છે. આ નિઃ શુલ્ક વર્ગો માં પ્રવેશ લેવા માટે ફોન નંબર ૯૮૨૪૫ ૫૪૩૯૩ પર સંપર્ક કરવાનો રહેશે.

## ગૌમાતાના ઘાસચારા માટે

# દાતાઓને દાનની સરવાણી વહાવવા શ્રીજી ગૌ શાળાની અપીલ

**અબતક, રાજકોટ**

પશુપાલક અને કિશાન મિત્રો જ ગાય માતાના સાચા પાલક છે. ગૌશાળા અને પાંજરાપોળ તો વૃધ્ધાશ્રમ ગણી શકાય તો ચાલો આપણે પશુપાલકો અને કિશાન મિત્રોને ઘરે ગાય રહે અને ગામડું રણીયામણું થાય તે માટેપ્રયત્ન કરીએ.

રાજકોટમાં છેલ્લા ૨૫વર્ષથી ચલાવવામાં આવતી શ્રીજી ગૌશાળા કે જયાં ૧૮૦૦ થી વધુ ગૌમાતાઓનો નિભાવ થઈ રહયો છે.

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના પશુ પાલકોની ગાયોને પશુ પાલકો સાત થી આઠ માસ વનવગડામાં ચરાવવાલઈ જાય છે પરંતુ આ ઉનાળાના ધોમધખતા તાપમાં ૪-૫ મહિના સુધી ગાયોને ચરવા માટે કાંઈ મળતુ નથી તે માટે તેઓ રાજકોટ તથા ચરોતર તરફ, વલસાડ, વાપી, ધરમપુર અને અંબાજી સુધી ગાયો લઈને ચરાવતા આપણે જોઈ શકીએ છીએ. દાતા પરીવારો દ્વારા લીલુ સુકુ ઘાસચારાની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવે છે અને તેમાટે કચ્છના પશુપાલકો પોતાના માલ ઢોરને લઈને રાજકોટમાં આવેલ ન્યારા ગામ ખાતે અને રતનગામ ખાતે આશરો લેતા હોય છે તેમને સૌ દાતાઓના સહયોગથી ઘાસ પહોંચાડવામાં આવે છે તેવી જ રીતે રાપર તાલુકાના ખાંડેર, આડેસર, પલાસવા, લોદરાણી, નાગપુર અને ટગા ગામની ૨૦૦૦થી વધુ ગાયોને ઘાસચારો હજુ ૩ થી ૪ માસ પહોંચાડવાની વ્યવસ્થા કરવામા આવે છે. અબોલ જીવોને સાચવવાનું એકમાત્ર કારણએ છે કે આપના દાન દ્વારા ખેડૂતો પાસેથી લીલો સુકો ચારો ખરીદવામાં આવે છે જેના હિસાબે ખેડૂત મિત્રોને આવકવધે છે અને ગાયાને જીવતદાન અને પશુપાલકોને પણ મદદ મળે છે જેના હિસાબે ગાયો અમૃત જેવું દુધ,ગોબરથી નવી જમીનનું સર્જન થાય છે અને ગૌમૂત્ર દ્વારા પેસ્ટીસાઈડનો કુદરતી વિકલ્પ છે જેના દ્વારા મનુષ્યમાં બીમારીઓનું પ્રમાણ ઘટે છે, વિકારો જન્મતા નથી જેના હિસાબે દયા, કરૂણાનો ભાવ પ્રગટ થાય છે.ગાયોને લીલો-સુકો ઘાસચારો નીરણ મોકલવા દાતા ઓને શ્રીજી ગૌશાળાનાં ડો. પ્રભુદાસભાઈ તન્ના, રમેશભાઈ ઠકકર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ અંગેની વિશેષ માહિતી માટે ડો. પ્રભુદાસભાઈ તન્ના (મો. ૯૮૨૫૪ ૧૮૯૦૦), રમેશભાઈ ઠકકર (મો.નં.૯૯૦૯ ૯૭૧૧૧૬) પર સંપર્ક કરવા યાદીમા જણાવાયું છે.



# શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાનો કાલે જન્મદિવસ

શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાનો આવતીકાલે તા.૧૯/૫ના રોજ જન્મદિવસ છે ત્યારે પોતાના યશસ્વી જીવનના ૫૪ વર્ષ પૂર્ણ કરી ૫૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. ત્યારે વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય વિચારાધારા અને સમાજ સેવાના ઉન્નત હેતુ સાથે જોડાયેલા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માંકડીયા કે જેઓ પરાજય, હતાશા, વિફળતા, અવિશ્વસનિયતાની પરિસ્થિતિને શ્રધ્ધા અને શબ્દની શકિત વડે આનંદના અવસરમાં પલટી નાંખનાર યુવા તેજ તરાર કે જેમણે શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ, મહીલા મોરચાના પૂર્વ મહામંત્રી અને શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય તરીકે જવાબદારી સંભાળેલ છે અનેકવિધ સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપવાની સાથોસાથ મહિલાઓને ન્યાય અપાવવામાં સદાય અગ્રેસર રહેનાર કિરણબેન માકડીયા વર્ષોથી જાહેર જીવન, સામાજીક જીવન, થકી સેવાકાર્યોમાં પ્રવૃત રહી પોતાનું દાયિત્વ નિભાવી રહયા છે અને વિવિધ સમાજિક અને સેવાકીય કાર્યોમાં સતત અગ્રેસર રહયા છે ત્યારે આવતીકાલે કીરણબેન માકડીયાને તેમના જન્મદિવસે (મો. નં. ૯૪૨૭૫૬૫૦૧૯) ઉપર ભાજપ અગ્રણીઓ, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, મહીલા મોરચાના બહેનો, શુભેચ્છકો, પરીવારજનો તરફથી શુભેચ્છાઓ મળી રહી છે.



# એડવાન્સ ટેક્સ ભરતા પ્રામાણીક કરદાતાઓની સંખ્યામાં વધારો

## ૨,૨૦,૨૪૮ પ્રામાણીક કરદાતાઓએ કોર્પોરેશનની તીજોરીમાં ૧૩૮ કરોડ ઠાલવી દીધાંઃ ૧૦ ટકા વેરા વળતર યોજના ૩૧મી મેએ પૂર્ણઃ જૂનમાં પાંચ ટકા વળતર અપાશે

**અબતક, રાજકોટ**

એડવાન્સ ટેક્સ ભરી રાજકોટના વિકાસમાં સિંહફાળો આપી રહેલા પ્રામાણીક કરદાતાઓની સંખ્યામાં દર વર્ષે સતત વધારો થઈ રહ્યો છે. ૨,૨૦,૨૪૮ કરદાતાઓએ એડવાન્સ ટેક્સ ભરી કોર્પોરેશનની તીજોરીમાં રૂ.૧૩૯ કરોડ ઠાલવી દીધા છે. ગત વર્ષની સરખામણીએ આજ સુધીમાં વેરા વળતર યોજનાનો લાભ ૭ હજારથી વધુ કરદાતાઓએ લીધો છે. જેના કારણે આવકમાં ૮ કરોડનો વધારો થયો છે. આગામી ૩૧મી મે સુધી વેરામાં ૧૦ ટકા વળતર આપવામાં આવશે. જ્યારે જૂન માસમાં વળતરની ટકાવારી અડધી એટલે કે પાંચ ટકા થઈ જશે.

કોર્પોરેશનની ટેક્સ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા અનુસાર ગત નાણાકીય વર્ષમાં આજ સુધીમાં ૨,૧૩,૪૦૨ કરદાતાઓએ ૧૦ ટકા વેરા વળતર યોજનાનો લાભ લઈ કોર્પોરેશનની તીજોરીમાં રૂ.૧૩૦.૮૯ કરોડ જમા કરાવ્યા હતા. આ વર્ષે એડવાન્સ ટેક્સ ભરનારા પ્રામાણીક કરદાતાઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. આજ સુધીમાં ૨,૨૦,૨૪૮ કરદાતાઓએ કોર્પોરેશનની તીજોરીમાં ૧૩૮.૯૧ કરોડ ઠાલવી દીધા છે. અગાઉ થોડા વર્ષો પહેલા ટેક્સ રિબેટ યોજના અંતર્ગત કોર્પોરેશનના સિવિક સેન્ટર અને વોર્ડ ઓફિસ ખાતે કરદાતાઓની લાંબી લાઈનો લાગતી હતી. પરંતુ ઓનલાઈન વેરો સ્વિકારવાની કામગીરી શરૂ કરાયા બાદ દિનપ્રતિદિન સ્માર્ટ કરદાતાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કરદાતાઓ વેરો ભરવા માટે કોર્પોરેશનની કચેરીએ લાંબા થવાના બદલે ટેકનોલોજીનો ઉપયોગ કરી આંગળીના વેઢે વેરો ભરપાઈ કરી રહ્યા છે. ૧,૫૭,૪૭૦ આસામીઓએ ઓનલાઈન વેરો ભર્યો છે. જેની રકમ રૂ.૯૩.૨૭ કરોડ થવા પામે છે. જ્યારે ૬૨,૭૭૮ કરદાતાઓએ વેરો ભરવા માટે કોર્પોરેશનની કચેરી સુધી ધક્કો ખાધો હતો અને ૪૫.૬૪ કરોડ જમા કરાવ્યા છે. હાલ વેરા વળતર યોજના અંતર્ગત ૧૩૯ કરોડ જેવી આવક થવા પામી છે. જે ૨૦૦ કરોડ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. આગામી ૩૧મી મે સુધીના સમયગાળામાં ચાલુ નાણાકીય વર્ષનો એડવાન્સ ટેક્સ ભરનાર કરદાતાને ૧૦થી લઈ ૧૭ ટકા સુધી વળતર આપવામાં આવશે. જ્યારે જૂન માસમાં વેરો ભરનારને ૫ થી ૧૭ ટકા વળતર આપવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષમાં ટેક્સ બ્રાન્ચને ૪૧૦ કરોડનો તોતીંગ લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. વળતર યોજના પૂર્ણ થતાની સાથે જ ટેક્સ બ્રાન્ચ દ્વારા હાર્ડ રિકવરી શરૂ કરવામાં આવશે.

# ભારતથી હથિયારો ભરીને ઈઝરાયેલ જતા જહાજને સ્પેને આગળ જતાં અટકાવ્યું

## ચેન્નઈથી આ શિપ હાઈફા જવા રવાના થયું હતું, જેમાં ૨૬.૮ ટન હથિયાર લોડ કરવામાં આવ્યો હતો

**અબતક, નવી દિલ્હી**

ઈઝરાયલને હથિયારોની સપ્લાય ન થાય તે માટે અમેરિકા ભરપૂર પ્રયાસો કરી રહ્યું છે. ત્યારે ભારત ઈઝરાયલની મદદ કરીને કારગિલનું ઋણ ઉતરાવા માંગતું હતું. પરંતુ સ્પેને ભારતીય શિપને પરમિશન આપી ન હતી અને આગળ વધવા ન દીધું.

ભારતથી ઈઝરાયલ રવાના થયેલા એક ડેનિશ ફ્લેગવાળી શિપને સ્પેને તેના બંદર પર રોકવાની મંજૂરી આપી ન હતી. આ શિપમાં હથિયાર લઈ જવામાં આવી રહ્યા હતા. સ્પેનના વિદેશ મંત્રી જોસ મેન્યુઅલ આલ્બેરેસે કહ્યું હતું કે 'આ પહેલીવાર છે જ્યારે અમારા દેશે આવું પગલું ભર્યું છે.' સ્પેનિશ મીડિયાના જણાવ્યાનુસાર, સરકારે મરિયાને ડેનિકા નામના શિપને મંજૂરી આપી ન હતી.

ચેન્નઈથી રવાના થયેલું આ શિપ હાઈફા જવા રવાના થયું હતું. જેમાં ૨૬.૮ ટન હથિયાર લોડ કરવામાં આવ્યો હતો. આ શિપને ભારતીય કંપની સિદ્ધાર્થ લોજિસ્ટિક્સે ઈઝરાયેલને કાર્ગો લોજિસ્ટિક્સ માટે મોકલવામાં આવ્યું હતું. આ પહેલીવાર છે જ્યારે સ્પેને ઈઝરાયલ માટે હથિયાર લઈ જતા શિપને અટકાવ્યું છે.

આ મામલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે 'ભારતને જાણ થઈ છે કે સ્પેનના બંદર પર એક શિપને રોકાવાની મંજૂરી આપવામાં આવી નથી. આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. જો કે તેમણે આ અંગે કોઈ વિગતવાર માહિતી આપી ન હતી.'

### કારગીલ યુદ્ધમાં ઈઝરાયેલે ભારતને ભરપૂર મદદ કરી હતી

ઈઝરાયલ ભારત પાસેથી મોટી માત્રામાં હથિયાર ખરીદે છે. અમેરિકાના ઝટકા બાદ ઈઝરાયલે હથિયારોની માંગ વધારી દીધી છે. ઈઝરાયલની કંપનીઓ ભારતમાં હથિયાર બનાવી રહી છે. કારગિલ યુદ્ધ દરમિયાન ઈઝરાયલે ભારતને ખુલ્લેઆમ મદદ કરી હતી અને ગાઈડેડ બોમ્બ મોકલ્યા હતા. આવી સ્થિતિમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારત ઈઝરાયલની મદદ કરીને કોઈ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યું નથી.

### મધ્ય પૂર્વને શાંતિની જરૂર છે, નહીં કે વધુ હથિયારોની : સ્પેન

આ શિપની મંજૂરી ન આપ્યા બાદ સ્પેને કહ્યું છે કે 'મધ્ય પૂર્વને શાંતિની જરૂર છે, નહીં કે વધુ હથિયારોની. આ પહેલીવાર જ્યારે હથિયારોના કન્સાઈનમેન્ટ લઈને કોઈ શિપ આ માર્ગથી ઈઝરાયલ જઈ રહ્યું છે. આ તેમની જૂની નીતિ છે કે જે શિપ ઈઝરાયલ માટે હથિયારો લઈ જઈ રહ્યા છે તેમને બંદર પર રોકવા દેવામાં આવશે નહીં.' ઉલ્લેખનીય છે કે શિપને ૨૧મી મેએ બંદર પર રોકવાની મંજૂરી માંગી હતી.

# ૩૮૮ વિદ્યાર્થીઓને નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ કાઢી અપાયા

## અરજદારોની સગવડ છાંયડો-પાણીની પણ વ્યવસ્થા ઉભી કરાય

**અબતક રાજકોટ**

હાલ સરકારી નોકરીની ભરતી તથા નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી એવા વિવિધ ૩૮૮ પ્રમાણપત્રોની ચકાસણી ૧૭ મે સુધીમાં જિલ્લા નાયબ નિયામક વિકસતિ જાતિની કચેરી બહુમાળી ભવન, રાજકોટ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતાં રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, જુદી-જુદી સરકારી નોકરીની ભરતી તથા શૈક્ષણિક સત્ર પૂર્ણ થતાં જરૂર પડતા વિવિધ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના દાખલા, આર્થિક રીતે પછાત વર્ગના દાખલા, લઘુમતી જાતિના દાખલા, વિચરતી-વિમુક્ત જાતિના દાખલા, નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) અને એડમિશનની પ્રક્રિયામાં જરૂરી વિકસતિ જાતિ અંગેના પ્રમાણપત્રો આપવાની હાલ કામગીરી ચાલી રહી છે. આ પ્રમાણપત્રો મેળવવા માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો ધસારો હોવાથી આ પ્રકારની તમામ અરજીઓના સત્વરે નિકાલ માટે સવારે ૦૯-૩૦ વાગ્યાથી ટોકન વિતરણ વ્યવસ્થા લાગુ કરવામાં આવેલ છે. તેમજ વધુ બે કોમ્પ્યુટર સીસ્ટમ તથા કોમ્પ્યુટર ઓપરેટર પણ મુકવામાં આવેલ છે. જે અંતર્ગત શુક્રવાર બપોર સુધીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો-૧૪૦, ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્રો-૧, નોન-ક્રિમી-લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે)-૧૪૮, વિચરતી - વિમુક્ત જાતિ માટેના પ્રમાણપત્રો-૮, બિન અનામત વર્ગો માટેના પ્રમાણપત્રો (આવક વિના)-૪૧ આમ મળીને કુલ-૩૮૮ પ્રમાણપત્રોની અરજીઓની ચકાસણી બપોર સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

ચક્રવર્તીએ ઉમેર્યું હતું કે અરજદારઓને વધુ સગવડ મળી રહે તથા અરજીઓનો ઝડપથી નિકાલ થાય, તે માટે જનસેવા કેન્દ્ર, બહુમાળી ભવન (જિલ્લા સેવા સદન-૨)માં આવેલ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ તથા શરાફી સહકારી મંડળીની જગ્યામાં અરજીઓની ચકાસણી માટે અલગથી કાઉન્ટર આવતી કાલથી કાર્યરત કરવામાં આવશે. જેના માટે અલગથી છાંયડાની વ્યવસ્થા તેમજ અરજદારો અને તેમના અભિભાવકો માટે પાણી તથા છાશની વ્યવસ્થા પણ અલગથી કરવામાં આવનાર છે. ઉપરાંત, શહેરી વિસ્તારના નાગરિકો માટે નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) મેળવવાની સુવિધા સબંધિત મામલતદાર કચેરી, રાજકોટ શહેર-પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ ખાતે પણ ઉપલબ્ધ છે.

# દિલ્હીમાં મહિલા સાંસદને માર મારનાર કેજરીવાલના પીએની ધરપકડ

## સાંસદ સ્વાતિ માલીવાલના મેડિકલ રિપોર્ટમાં આંખો અને પગ પર ઈજાના નિશાન જોવા મળ્યા બાદ કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

દિલ્હીમાં સીએમ હાઉસમાં આપના જ સાંસદ સ્વાતિ માલીવાલ પર કેજરીવાલના પીએ બિભવ કુમારે હુમલો કર્યો હોય, જે અંગે ફરિયાદ નોંધાતા દિલ્હી પોલીસે આજે કેજરીવાલના પીએની ધરપકડ કરી હતી. પોલીસ તેને પૂછપરછ માટે બપોરે ૧૨.૪૦ કલાકે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન લઈ આવી હતી. પૂછપરછ બાદ બિભવને તીસ હજારી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

સ્વાતિ માલીવાલ ૧૩ મેના રોજ સવારે ૯ વાગે અરવિંદ કેજરીવાલને મળવા માટે સીએમ હાઉસ પહોંચી હતી. તેણીએ આરોપ લગાવ્યો હતો કે બિભવ કુમારે તેને માર માર્યો હતો અને તેની સાથે ગેરવર્તન કર્યું હતું. તેના કપડાં પણ ફાટી ગયા હતા. સ્વાતિએ ૧૬મી મેના રોજ સાંજે ૬.૧૫ વાગ્યે દિલ્હી પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી.

૧૭ મેના રોજ મધરાતે ૧૨ની આસપાસ, દિલ્હી પોલીસે એઈમ્સમાં માલીવાલનું મેડિકલ કરાવ્યું. આ રિપોર્ટ શનિવારે આવ્યો હતો, જેમાં માલીવાલની આંખો અને પગ પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. રિપોર્ટ આવ્યાના થોડા કલાકો બાદ દિલ્હી પોલીસ સીએમ હાઉસ પહોંચી અને બિભવની ધરપકડ કરી. બીજી તરફ ઘટનાના છઠ્ઠા દિવસે એટલે કે ૧૮ મેના રોજ સ્વાતિ માલીવાલનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. ૩૨ સેકન્ડના વીડિયોમાં પોલીસકર્મીઓ સ્વાતિ માલીવાલને સીએમ હાઉસમાંથી હટાવતા જોવા મળે છે.

એફઆઈઆરમાં એવું પણ લખવામાં આવ્યું છે કે વિભવે તેની છાતી અને પેટ પર લાત મારી અને તેનું માથું ટેબલ પર પછાડ્યું. સ્વાતિ માલીવાલે ૧૭મી મેના રોજ તીસ હજારી કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ પોતાનું નિવેદન નોંધ્યું છે. હુમલાના આરોપી અરવિંદ કેજરીવાલના પીએ બિભવ કુમારે ૧૭ મેના રોજ માલીવાલ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ જબરદસ્તીથી સીએમ આવાસમાં ઘૂસી ગયા હતા અને જ્યારે તેમને રોકવામાં આવ્યા ત્યારે તેમણે હંગામો મચાવ્યો હતો અને સ્ટાફ સાથે દુર્વ્યવહાર કર્યો હતો.

# ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સ હવે વિદેશી ફંડ્સમાં કરી શકશે રોકાણ

## માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડ્સને ઓવરસીઝ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા આપી મંજૂરી

**અબતક, નવી દિલ્હી**

માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડ્સને ઓવરસીઝ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા મંજૂરી આપી છે. જેથી ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સ હવે વિદેશી મ્યુચ્યુઅલ ફંડ્સ તથા યુનિટ ટ્રસ્ટમાં રોકાણ કરી શકશે. જો કે, તેમાં અમુક શરતો લાગૂ છે.

સેબીના પ્રસ્તાવમાં જણાવ્યું હતું કે, મ્યુચ્યુઅલ ફંડ્સ ઓવરસીઝ ફંડ્સના કુલ એક્સ્પોઝર પર ૨૦ ટકા અપર લિમિટ સાથે ઓવરસીઝ ફંડમાં રોકાણ કરી શકશે. ૧૭મેના રોજ જારી કન્સલ્ટેશન પેપરમાં સેબીએ આ અંગે જણાવ્યું હતું. મ્યુચ્યુઅલ ફંડ્સ માટે રોકાણનું માળખું તેમને આવા ફંડ્સમાં રોકાણ કરવાથી અટકાવતુ નથી. પરંતુ સમાન્ય રીતે ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સ જ રોકાણ કરવાનું ટાળે છે.

રેગ્યુલેટર આ સ્ટ્રકચરનો દુરૂપયોગ કરી શકશે નહીં. તેમજ રોકાણકારોને અસરકાર કોસ્ટ સ્ટ્રકચર પૂરૂ પાડવાની ખાતરી આપવી પડશે. જો ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઓવરસીઝ ફંડ્સ ઓફ ફંડ્સ ઓફર કરતાં ઓવરસીઝ મ્યુચ્યુઅલ ફંડ્સ તથા યુનિટ ટ્રસ્ટમાં કરેલા રોકાણમાંથી નોંધનીય ફાળવણી ઈન્ડિયન સિક્યુરિટીઝમાં પણ કરવી પડશે. જેથી ઓવરસીઝ ફંડ્સમાં ઈન્ડિયન સિક્યુરિટીના ૨૦ ટકા અપર લિમિટના મર્યાદિત એક્સપોઝરમાં રોકાણ કરવા સલાહ આપી છે

મ્યુચ્યુઅલ ફંડ્સમાં કેટલાક લોકો કેવાયસી રજિસ્ટર્ડ કરવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. જેને ધ્યાનમાં લેતાં સેબીએ કેવાયસી પ્રક્રિયાને સરળ બનાવી છે. હવે કેવાયસી માટે પાન કે આધાર કાર્ડની જરૂર નથી. તેણે કેવાયસી રજિસ્ટર્ડ સ્ટેટ્સ મેળવવા માટે પાનને આધાર સાથે લિંક કરવાની જરૂરિયાત દૂર કરી છે. જો કે, કેવાયસી સ્ટેટસ મેળવવા માટે પાન કાર્ડને આધાર નંબરને બદલે ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ લિંક સહિત અન્ય આઈડી પ્રુફ લિંક કરવાના રહેશે.

# જંકશન પ્લોટ, જયુબિલી માર્કેટ, રાજનગર, વાવડી, કુવાડવા રોડ પરથી પ્રતિબંધિત પ્લાસ્ટીક પકડાયું

## ૬૦ સ્થળે ચેકીંગઃ ૬.૫૨૫ કિલો પ્લાસ્ટીક જપ્તઃ ગંદકી કરનારાઓ પાસેથી રૂ. ૧૩૭૦૦ નો દંડ વસુલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાંત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૬.૫૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત




પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩૭૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના જંકશન પ્લોટ, જુબેલી માર્કેટ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૩.૬૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના રાજનગર રોડ,વાવડી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૧૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો. ઈસ્ટ ઝોનના રામપાર્ક રોડ, કુવાડવા રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૦.૭૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પે ઈ કટર/ સેનેટરી સબ ઈન્પે આસાકટર દ્વારા કરવામાં આપી હતી.

# ખારાઘોડામાં કાલથી ઘુડખરની વસતી ગણતરી

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

આ વર્ષે ૨૧ અને ૨૨મી મેના રોજ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા, જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઈન પોર્ટલ દ્વારા ઘુડખરની ગણતરી કરવામાં આવશે. ત્યારે ખારાઘોડા રણ ઘુડખર ગણતરીના કારણે તા-૧૯થી ૨૩ એમ પાંચ દિવસ તમામ લોકો માટે સદંતર બંધ રહેશે. બીજી બાજુ રણમાં વાવાઝોડા સાથે થયેલા વરસાદના કારણે રણમાં જવા આવવાનો રસ્તો ઠપ્પ થતાં ટ્રકોની લાંબી કતારો લાગી છે.

આ વર્ષે ૨૧ અને ૨૨મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુલ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા, જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવશે. દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી કરવામાં આવે છે. છેલ્લે ૨૦૨૦ થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ હતી. કચ્છના નાના રણનો કુલ વિસ્તાર ૪૯૫૩ ચોરસ કિલોમીટર છે. આ વિસ્તારમાં ઘુડખર અભયારણ્ય આવેલુ છે. જેમાં આવેલા વન્ય પ્રાણી ઘુડખર જે શિડ્યુલ વન કક્ષાનું પ્રાણી છે. જે એશિયામાં ફક્ત આ અભ્યારણ્યમાં જોવા મળે છે. ત્યારે રાજ્ય સરકારના વનવિભાગ દ્વારા દર પાંચ વર્ષે આ પ્રાણીઓની ગણતરી કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં નવ વખત આ ગણતરી કરવામાં આવી છે, જેમાં છેલ્લે ગત ૨૦૨૦માં ઘુડખરની ગણતરી કરવામાં આવી હતી. જેની સંખ્યા તે વખતે ૬૦૮૨ જેટલી હતી. ત્યાર બાદ આ વખતે ૨૦૨૪માં આ ગણતરી યોજાવાની છે, તે માટે ગત શુક્રવારે બજાણા ખાતે વન વિભાગના અધિકારી દ્વારા વન વિભાગના કર્મચારી વનપાલ ફોરેસ્ટર, ગાર્ડને સવિસ્તાર તાલીમ આપવામાં આવી હતી.

### જાપાન સિંગલ પેરેન્ટ ચાઈલ્ડમાં લઈ આવ્યું નવો કાયદો

# બાળકના ભવિષ્યને ધ્યાને લઈ છૂટાછેડા પછી પણ માતા-પિતા સંયુક્ત જવાબદારી નિભાવી શકશે

## છૂટાછેડાના કેસમાં ધરખમ વધારો થયો, તેવામાં સંસદે બાળકની કસ્ટડી અંગેના કાયદામાં કર્યો મોટો ફેરફાર

**અબતક, નવી દિલ્હી**

જાપાનની સંસદે શુક્રવારે દેશના સિવિલ કોડમાં મોટો સુધારો પસાર કર્યો છે. આ સુધારો છૂટાછેડા લીધેલા માતાપિતાને બાળકની સંયુક્ત કસ્ટડીનો વિકલ્પ પ્રદાન કરશે. જાપાનમાં આ એક પરિવર્તન છે જે તેને અન્ય ઘણા દેશોની બરાબરી પર લાવે છે. જાપાનમાં દાયકાઓથી, છૂટાછેડા પર, માતાને લગભગ હંમેશા બાળકની કાનૂની કસ્ટડી આપવામાં આવી છે. પરંતુ, હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

માતા પાસે બાળકની કાનૂની કસ્ટડી હોય તે નિયમને તેના સમર્થકો દ્વારા ઘરેલું હિંસા અને બાળ શોષણ સામે રક્ષણ તરીકે જોવામાં આવે છે. પરંતુ, આવી સ્થિતિમાં પિતા અને તેના બાળક વચ્ચેનો સંપર્ક તૂટી જવાની ચિંતા છે. આવી સ્થિતિમાં, આ નવો સુધારો છૂટાછેડા લીધેલા માતાપિતાને બાળકની બેવડી અથવા સિંગલ કસ્ટડી પસંદ કરવાની મંજૂરી આપશે. આવી સ્થિતિમાં, બાળકોના અધિકારો, સલામતી અને સુખાકારીની ખાતરી કરવી સરળ બનશે.

જાપાનમાં આ નવો સુધારો એવા સમયે આવ્યો છે જ્યારે અહીં છૂટાછેડાના કેસમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હવે છૂટાછેડા લીધેલા પિતા પણ તેમના બાળકની કસ્ટડી લઈ શકે અને યોગ્ય સંભાળની જવાબદારી નિભાવી શકે. આ સુધારો માતાપિતાને બાળકના ઉછેરનો ખર્ચ વહેંચવાની મંજૂરી આપશે. હાલમાં મોટાભાગની છૂટાછેડા લીધેલ માતાઓ, જેઓ ઘણી વખત ઓછી આવક ધરાવતી હોય છે, તેઓને તેમના ભૂતપૂર્વ પતિઓ તરફથી આર્થિક સહાય મળતી નથી.

સુધારા મુજબ, એવા કિસ્સામાં જ્યાં માતાપિતામાંથી કોઈ એક દ્વારા ઘરેલું હિંસા અથવા દુર્વ્યવહારની શંકા હોય, તો બીજી વ્યક્તિ પાસે બાળકની કસ્ટડી હશે. સંયુક્ત કસ્ટડીના સમર્થકો કહે છે કે તે છૂટાછેડા લીધેલા માતાપિતા બંનેને બાળકના ઉછેરમાં ભૂમિકા ભજવવાની મંજૂરી આપે છે.

સુધારા હેઠળ, છૂટાછેડા લીધેલા માતાપિતાએ સંયુક્ત કસ્ટડી પસંદ કરી તેમના બાળકોના શિક્ષણ, તબીબી સંભાળ અને અન્ય મુખ્ય મુદ્દાઓ પર સર્વસંમતિ મેળવવી પડશે. જો કોઈ સમજૂતી ન થાય તો તેઓએ ફેમિલી કોર્ટનો નિર્ણય સ્વીકારવો પડશે. કાં તો માતાપિતા તેમના બાળકોની રોજિંદી પ્રવૃત્તિઓ, જેમ કે અભ્યાસ, ખોરાક અથવા અન્ય બાબતો અંગે નિર્ણય લઈ શકે છે. આ સુધારા અમલમાં આવ્યાના પાંચ વર્ષ પછી તેની સમીક્ષા કરવામાં આવશે.

# બગસરામાં સિંહણનું કુવામાં પડી જવાથી મોત



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા ના મુંજીયાસર ડેમ વિસ્તારમાં એ જે વિસ્તાર રફાળા અને નાના મુંજીયાસર ના સીમાડા પાસે આવેલો છે આ વિસ્તારમાં આવેલી જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયા ની વાડીમાં એક કૂવો આવેલો છે આ કુવો અંદાજે ૭૦ થી ૮૦ ફૂટ જેટલો ઊંડો હોવાથી ગઈકાલે આ કૂવાની અંદર એક બકરી પણ પડેલી હતી જેને બહાર કાઢવામાં આવેલી હતી ત્યારબાદ વહેલી સવાર અથવા તો મોડી રાત ના વનરાજા શિકારની શોધમાં નીકળતા ૧૦ વર્ષની સિંહણ માદા શિકાર પાછળ દોટ મુકતા કુવાની અંદર પડી ગયેલ હતી જ્યારે આ બાબતની જાણ ખેડૂત ને સવારે ખેતરે આવતા જાણ થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરેલી હતી. સવારમાં ૯:૦૦ વાગ્યાની આસપાસ જંગલ ખાતા ને જાણ થતા જંગલ ખાતા તત્કાલ ત્યાં પહોંચી ગયેલ હતું ત્યારે જંગલ ખાતાએ આ સિંહણ માદાને કૂવામાંથી રિસ્ક્યુ કરી બહાર કાઢતા સિંહણ મૃતક જાહેર થઈ હતી ત્યારબાદ આ સિંહણને જંગલ ખાતાના હોસ્પિટલ ખાતે પીએમ કરવા રવાના કરેલ હતી આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પોતાની વાડીએ જવું ખૂબ મુશ્કેલ બન્યું છે રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિહોના આટા ફેરા અને શિકાર માટે જ્યાં ત્યાં જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે .

# ગોંડલમાં મોરારીબાપુની રામકથાનો આરંભ

## ગોંડલમાં મોરારીબાપુની પધરામણી, દેવાલયીએ જઈને કર્યા દર્શન





**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં ૪૩ વર્ષ બાદ દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે મોરારીબાપુની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે લોકોમાં અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ત્યારે પ.પૂ મોરારીબાપુનું ગોંડલમાં આગમન થયું હતું

ભગવતપરા ખાતે આવેલ ૫૦૦ વર્ષ પુરાતન જગ્યા લોહલંગ ધામ દ્વારા મહંત મહામંડલેશ્વર ૧૦૦૮ પૂ.સીતારામ બાપુની અધ્યક્ષતામાં રામકથાનું આયોજન કરાયું છે.

ત્યારે પ.પૂ. મોરારીબાપુનું ગોંડલ શહેરમાં આગમન થયું હતું અને સૌ પ્રથમ ભગવતપરા ખાતે આવેલ લોહલંગ ધામ આશ્રમ ખાતે પધરામણી કરી પૂ. બાપુએ દર્શન કર્યા હતા. ત્યારબાદ પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુકના નિવાસસ્થાન ખાતે પધરામણી કરી હતી. ગોંડલ શહેરનું સુપ્રસિદ્ધ ભુવનેશ્વરી માતાજીના મંદિરે દર્શન કર્યા હતા. ત્યારબાદ ગોંડલ શ્રી રામજી મંદિર ખાતે દર્શન કર્યા હતા. શ્રી રામ હોસ્પિટલ પાછળ આવેલ પૂ. હરિચરણદાસજી મહારાજની સમાધિના દર્શન કર્યા હતા. ત્યારબાદ વીરપુર રવાના થયા હતા.

# જેતપુર : કારખાનામાં ચોરી કરવા ઘુસેલી બેલડીનો સિક્યુરિટી ગાર્ડ પર હુમલો

## તસ્કરી કરતા અટકાવવા ગયેલા યુવકને પેટમાં છરી ઝીંકી

**અબતક,રાજકોટ**

જેતપુર શહેરમાં કૌશરપીરની દરગાહ નજીક રાધાકૃષ્ણ ડાઈંગના કારખાનામાં કામ કરતા અને રહેતા યુવક પર રફીક અને તેની સાથેના અજાણ્યા સખ્સે ચોરી કરવાના હેતુથી કારખાને આવી છરી વડે હુમલો કરતા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જેતપુર શહેરમાં કૌશરપીરની દરગાહ નજીક રાધાકૃષ્ણ ડાઈંગ કારખાનામાં રહેતા અને કામ કરતા મૂળ યુપીના વતની અંકિતભાઈ ધરમપાલ રાજપુત નામના ૧૯ વર્ષીય યુવકને રફીક નામના શખ્સે છરીના ઘા ઝીંકી ઈજાગ્રસ્ત કર્યો. યુવકને સારવાર માટે જેતપુર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પોલીસની પ્રાથમિક તપાસમાં અંકિત રાજપુત છેલ્લા છએક માસથી જેતપુર રાધાકૃષ્ણ ડાઈંગના કારખાનામાં સિક્યુરિટીનું કામ કરે છે.આજ રોજ સવારના નવેક વાગ્યના અરસામાં રફીક સહિતના બે શખ્સો કારખાનામાં ચોરી કરવાના હેતુ સાથે દોડી આવ્યા ત્યારે બંનેને ચોરી કરતા અટકાવવા જતા યુવક પર બંને શખ્સોએ છરી વડે હુમલો કર્યો. ગંભીર રીતે ગવાયેલા યુવકને સારવાર માટે જેતપુર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

બનાવા અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોલીસને જાણ કરી. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથધરી તપાસનો ધમધમાટ આદર્યો છે.

હતો, જેના કારણે સંપૂર્ણપણે સભા મંડપ જમીનમાંથી ઉખડીને વેરવિખેર થઈ ગયો હતો. તેમ જ મંડપમાં રહેલી ખુરશીઓ તથા અન્ય માણસામાનને પણ વ્યાપક પ્રમાણમાં અસર થઈ હતી.

આ સમયે હાજર રહેલા શ્રોતાગણમાં પણ થોડો સમય માટે દોડધામ થઈ હતી. જોકે ગઈકાલે ભાગવત સપ્તાહ ની પૂર્ણાહુતિ થઈ ગઈ હતી, જેથી સર્વેહાશકારો અનુભવ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિ.ના નિવૃત્ત કુલ સચિવ જયંતભાઈ ઉદાણીનું નિધનઃ સોમવારે બેસણું



જયંતભાઈ મણીલાલભાઈ ઉદાણી, નિવૃત્ત કુલસચિવશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (ઉ.વર્ષ ૯૦), તે સ્વ.હંસાબેન જયંતભાઈ ઉદાણીના પતિ, સ્વ.સુરજબેન અને સ્વ.મણીલાલભાઈના દિકરા, સ્વ.અરૂણભાઈ, સ્વ.સતીષભાઈ, સ્વ.નિર્મળાબેન, સ્વ.મીનાબેન અને નીલાબેનના ભાઈ, પરેશભાઈ, કેતનભાઈ (એડવોકેટ), પારસભાઈના કાકા, જયદીપ (જયભાઈ) ઉદાણી (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, રાજકોટ) ૯૮૯૮૫ ૯૦૦૦૯ ના પિતા, પીનાના સસરા, આશીના દાદા, તા.૧૮-૦૫-૨૦૨૪, શનિવારે વહેલી પરોઢીએ અવસાન થયેલ છે. પ્રાર્થના સભા/બેસણુંઃ તા.૨૦-૦૫-૨૦૨૪ સોમવાર, સાંજે ૫.૩૦ થી ૬.૩૦, સ્થળઃ રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે રાખેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### મદરેસા...

પ્રાપ્ત માહિતી અનુસાર, નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ રાજ્યના મદરેસાઓને લઈને ફરિયાદ મળી હતી. જેમાં રાજ્યના મદરેસાઓમાં ભણતા બાળકો સ્કૂલનો અભ્યાસ મેળવતા ન હોવાની ફરિયાદના પગલે રાજ્યના મુખ્ય સચિવને પત્ર લખી મદરેસાઓનો સર્વે કરવા માટે આદેશ અપાયો હતો. જેના પગલે રાજ્યમાં આવેલા ૧૧૩૦ જેટલા મદરેસાઓની યાદી મોકલી તેમાં સર્વે કરવા માટે સૂચના આપવામાં આવી છે, ઉપરાંત જે મદરેસાઓ યાદીમાં નથી અને અસ્તિત્વ ધરાવે છે તેમને ત્યાં પણ તપાસ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા ૭ મેના રોજ મુખ્ય સચિવને સંબોધીને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં રાજ્યમાં આવેલી સરકારી અનુદાનિત-માન્યતા પ્રાપ્ત મદરેસામાં ભણતા બિન-મુસ્લિમ બાળકો અંગે ભૌતિક ચકાસણી કરવા તેમજ અનમેપ્ડ મદરેસાઓના મેપિંગ કરવા બાબતે સૂચના આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં કાર્યરત મદરેસાઓની યાદી મેળવેલી છે. જેથી આ યાદી મુજબના મદરેસાઓનો સર્વે કરવા માટે રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ આપવામાં આવ્યો છે.

આ મદરેસાઓમાં ભણતાં બાળકો સામાન્ય શાળાઓમાં શિક્ષણ મેળવે એ જરૂરી હોવાથી દરેક જિલ્લા શિક્ષણ અધિકારી અને દરેક પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ટીમ બનાવીને મદરેસાઓનો સર્વે કરવાનો રહેશે. સર્વે દરમિયાન મદરેસાઓની વિવિધ વિગતો એકત્ર કરીને ગુગલ શીટમાં અપલોડ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ બાબતે તમામ કાર્યવાહી તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા માટે પણ જણાવાયું છે. મોટાભાગે એક જ દિવસમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ અપાયો હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં આવેલા તમામ મદરેસાઓમાં એક સાથે સર્વે કરવામાં આવશે.

### ચુંટણી પંચ...

મિશ્રાની બનેલી ખંડપીઠે એનજીઓ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ની અરજી પર સુનાવણી કરી હતી.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચને આ અરજીનો જવાબ આપવા માટે યોગ્ય સમય આપવો જરૂરી છે. ખંડપીઠે આ કેસની આગામી સુનાવણી ૨૪ મેના રોજ નક્કી કરી છે. ઉલ્લેખનીય છે કે ૨૫ મેના રોજ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાનું મતદાન થવાનું છે. આ અગાઉ દિવસ દરમિયાન એડીઆર વતી હાજર થયેલા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે આ અરજીની તાત્કાલિક સુનાવણીની માગ કરી હતી.

ગયા સપ્તાહે એનજીઓએ પોતાની ૨૦૧૯ની પીઆઈએલ અંગે એક વચગાળાની અરજી દાખલ કરી હતી.અરજીમાં માગ કરવામાં આવી હતી કે તમામ મતદાન મથકોના ફોર્મ નંબર ૧૭ સી (મતદાનના આંકડાની વિગતો દર્શાવતું પત્રક) ચૂંટણી પૂર્ણ થયા પછી તાત્કાલિક સ્કેન કરી અપલોડ કરવામાં આવે.

### સોઢી...

દિવસો રોકાયો. પછી તેને સમજાયું કે તેણે ઘરે પાછા ફરવું જોઈએ. તેથી તે ઘરે પાછો આવ્યો.

ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે ગુરુચરણસિંઘ મુંબઈ જવા માટે ઘરેથી નીકળ્યો હતો. પરંતુ તેના ગુમ થવાના સમાચાર ૨૬ એપ્રિલે જાહેરમાં આવ્યા હતા. પિતાએ તેના પુત્ર અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ગુરુચરણ ૨૪ એપ્રિલ સુધી દિલ્હીમાં હાજર હતો. ત્યારપછી તેનો મોબાઈલ સ્વીચ ઓફ થઈ ગયો હતો. એવું પણ જાણવા મળે છે કે તે જલ્દી જ લગ્ન કરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન તે આર્થિક સંકટમાંથી પણ પસાર થઈ રહ્યો હતો.

### આઈટી...

ચૂકી છે. અમદાવાદમાં માધવ કન્સ્ટ્રકશનના સુધીર ખુરાના , વિક્રમ ખુરાના અને આશિષ ખુરાનાને ત્યાં પણ ઈન્કમટેક્સે તવાઈ બોલાવી છે. મળતી માહિતી મુજબ શરૂઆતની કામગીરીમાં જ આવકવેરા વિભાગને અનેક દસ્તાવેજો અને પુરાવા મળી ગયા હોવાનું માનવામાં આવે છે એટલું જ નહીં તપાસ દરમિયાન હાલ તમામ ડિજિટલ ડેટાને પણ વિભાગ દ્વારા એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

૨૫ થી વધુ ફળો પર આવકવેરા વિભાગ ની ટીમ ત્રાટકી છે ત્યારે રાજકોટ સહિતના શહેરોમાંથી પણ અન્વેષણ વિભાગના અધિકારીઓને ચોપરેશનમાં જોડવામાં આવ્યા છે. માધવ કન્સ્ટ્રકશન અને ખુરાના ગ્રુપ ઉપર આગામી ત્રણ થી ચાર દિવસ તપાસનો ધમધમાટ રહે તો નવાઈ નહીં.

### વગર ટ્રાયલે લાયસન્સ...

સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાજદીપસિંહ ડાભી નામનો શખ્સ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર રૂ. ૮૦૦૦ માં કોઈ પણ જાતની ડ્રાયવિંગ ટેસ્ટ કે પછી કોમ્પ્યુટર ટેસ્ટ આપ્યા વિના જ લાયસન્સ કાઢી આપવામાં આવશે તેવો દાવો અવાર નવાર કરી રહ્યો હતો. જે અંગેની માહિતી આરટીઓ તંત્રને મળતા કચેરી ખાતે પણ દોડધામ મચી જવા પામી હતી. સમગ્ર મામલે આરટીઓ તંત્રે પ્રાદેશિક વાહન વ્યવહાર કમિશ્નરની સૂચના અનુસાર બી ડિવિઝન પોલીસ મથકમાં અરજી કરી છે.

સૂત્રોએ આપેલી માહિતી મુજબ બી ડિવિઝન પોલીસ મથકમાં કરાયેલી લેખિત અરજીમાં આરટીઓ તંત્રે ટાંક્યુ છે કે, રાજદીપસિંહ ડાભી નામનો વ્યકિત ઈન્સ્ટાગ્રામમાં 'રાજદીપસિંહ રાજપૂત ઓફિશિયલ' નામનું એકાઉન્ટ ધરાવે છે અને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં દરરોજ પોસ્ટ મૂકે છે કે, 'ટુ વ્હીલર અને ફોર વ્હીલરનું લાયસન્સ કઢાવો એ પણ વગર ટ્રાયલે'. આ પોસ્ટમાં આ શખ્સ પોતાનો મોબાઈલ નંબર આપીને કોન્ટેકટ કરવા પણ જણાવે છે. આ વ્યકિત પોતે એસટી બસ સ્ટેન્ડમાં ઓફિસ ધરાવે છે અને ત્યાં જ લોકોને મળવા બોલાવે છે તેવું પણ સામે આવ્યું છે

આ પોસ્ટ જોયા બાદ આરટીઓ તંત્રના પગ તળેથી પણ જમીન ખસી ગઈ હોય તેમ તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા તેવું પણ સૂત્રો જણાવી રહ્યા છે. જે બાદ સમગ્ર કૌભાંડ અંગેની વિગતો મેળવીને આરટીઓ ઓફિસર કે એમ ખપેડ દ્વારા બી ડિવિઝન પોલીસ મથકમાં અરજી કરવામાં આવી છે.

### કૌભાંડ...

એવો ઉભો થયો છે કે, શું ભોળા લોકોને લોભ આપીને આ પૈસા પડાવી છેતરપિંડી આચરવાનું કારસ્તાન છે કે પછી લાંચિયા બાબુ (ભ્રષ્ટ સરકારી કર્મચારીઓ) સાથે મળીને રચવામાં આવેલું કૌભાંડ છે? જો કે, હવે આ મામલે સાચી વિગતો તો પોલીસ તપાસ બાદ જ સામે આવશે.

### રાજકોટ-જામનગર

સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કરી રહ્યો છે તેવું સામે આવ્યું છે. ત્યારે શું બરોબરનું આ સુવ્યવસ્થિત કૌભાંડ આચરવામાં આવ્યું છે તેવો સવાલ ઉદભવ્યો છે.

### સીસીટીવી...

કૌભાંડ ચાલવામાં આવે છે તેની ખરાઈ માટે આ સીસીટીવી ફૂટેજ ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે. શું અરજદારની જગ્યાએ અન્ય કોઈક વ્યકિતને બેસાડી ટેસ્ટ આપી દેવાતી હશે? તેવો સવાલ પણ ઉભો થયો છે.

### કર્મચારીઓ...

ત્યારે જો ખરેખર આ પ્રકારે લાયસન્સ ઈસ્યુ થતાં હોય તો આરટીઓના કર્મચારીની સંડોવણી વિના આ કૃત્યને અંજામ આપવો શકય નથી. ત્યારે હવે શું આરટીઓ કર્મચારીઓ પણ આ સમગ્ર કૌભાંડમાં શંકાના દાયરામાં છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ ૧૭ વર્ષની ટૂંકી યાત્રામાં શું શું મેળવ્યું છે એ મહત્વનું છે.કોઈપણ યુનિવર્સિટીનુ મહત્વનું અંગ પ્રાધ્યાપકો છે.તેમની દ્વારા અપાતું શિક્ષણ મહત્વનું છે.ઉત્તમ શિક્ષક આને શ્રેષ્ઠ શિક્ષણ એ આપણા વિદ્યાર્થીઓની કરોડરજ્જુ છે.યુનિવર્સિટીની યાત્રા બહુ લાંબી હોય છે.સ્પેનની એક યુનિવર્સિટી ૯૪૫ વર્ષ જુની છે અને ઓકસફર્ડ યુનિવર્સિટી ૯૩૦ વર્ષ જુની છે.આ રીતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી પણ લાંબી યાત્રા પછી નામના મેળવશે.અંતમા તેઓએ ગોલ્ડ મેડાલીસ્ટ અને પીએચ.ડી.ની ડીગ્રી મેળવનારને અભિનંદન આપ્યા હતા.આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનના સચિવ પ્રો.રાજીવકુમારે જણાવ્યું હતું કે કોઈ પણ યુનિવર્સિટી માટે ૧૭ વર્ષનો ગાળો બહુ મોટો ન ગણાય તેમ છતાં ય હું અહીં આવું છું ત્યારે કશુંક શીખીને જાઉં છું એવું આ યુનિવર્સિટીનું વાતાવરણ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### હિટવેવની આગાહી...

અગનગોળા યથાવત રહેતા ગુજરાત ભઠ્ઠી બન્યું હતું. સતત પડી રહેલી કાળઝાળ ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. સવારે ૧૧ વાગ્યથી જ તાપમાનનો પારો ૩૯ ડિગ્રી સુધી પહોંચી અંગ દઝાડતી ગરમીનો અહેસાસ સવારથી જ થયો હતો. બપોરે તો ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતા આકાશમાંથી આગ વરસી રહી હોય તેવો અનુભવ લોકોએ કર્યો હતો. ગરમીથી બચવા માટે લોકોએ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું. જેના કારણે ભરચક રહેતા વિસ્તાર પણ બપોરના સમયે સૂમસામ બન્યા હતા. બપોરે ગરમીથી બચવા લોકો તરેહ તરેહના કીમિયા અજમાવતા નજરે પડ્યા હતા. જ્યારે રાત્રે પણ ગરમ પવન ફૂંકાતા લોકોની ઉંઘ હરામ થઈ હતી. સમગ્ર દેશમાં યુપીના આગ્રામાં રેકોર્ડબ્રેક ૪૬.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો રાજસ્થાનના બાડમેરમાં ૪૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગુજરાતનુ સુરેન્દ્રનગર શહેર ૪૪.૭ ડિગ્રી તાપમાન સાથે સૌથી વધુ ગરમ રહ્યું. ૪૪.૨ ડિગ્રી સાથે અમદાવાદમાં પણ સીઝનનો સૌથી ગરમ દિવસ નોંધાયો. ડીસા ૪૪.૪ ડિગ્રી, ગ્રીન સિટી એવા પાટનગર ગાંધીનગરમાં પણ ૪૪ ડિગ્રી ગરમીનો પારો પહોંચી ગયો હતો. ભૂજ ૪૩.૮, રાજકોટ ૪૩.૭, અમરેલી ૪૩.૨, વિદ્યાનગર ૪૩.૧, વડોદરા ૪૨.૨ ડિગ્રી તાપમાન નોધાયુ હતું. જોકે, આગામી દિવસોમાં પણ હજી ગરમીથી રાહત મળવાના કોઈ એંધાણ નથી.

### કમોસમી વરસાદ.....

સહિત મોટા ગોખરવાળા દેવળીયા ચક્કરગઢ વગેરે ગામોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો પાંચમાં દિવસથી પડી રહેલા કમોસમી વરસાદથી ઉનાળુ પાક જેવાકે બાજરી,મગફળી,તલ, કેરી વગેરે ને ભારે નુકશાન થવાનું અનુમાન સહેવાય રહ્યું છે જેનાથી ખેડૂતોના ભારે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આજે રાજયમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે. સૂર્ય નારાયણ કાળઝાળ બની આકાશમાંથી અગ્નિ વર્ષા થઈ રહી છે. દરમિયાન આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં મહેસાણા, અમરેલી અને બનાસકાંઠા જીલ્લાના સાત તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો. માવઠાથી જગતાતને પારવાર નુકશાની થવા પામી છે. નુકશાનીનો સર્વ કરી તાત્કાલીક અસરથી સહાય ચુકવવા માંગણી ઉઠી રહી છે.

### સપ્તાહના મંડપ ઉડયા.....

સાંજે સાડા ચારેક વાગ્યા ના અરસામાં એકાએક તોફાની વંટોડિયા સાથેનો પવન ફૂંકાયો

### રાજકોટ જિલ્લા....

રાજકોટ જિલ્લાની લેન્ડ ગ્રેબીંગની ૩૦૦ થી વધુ અરજીઓ પેન્ડીંગ છે. જેના ઝડપથી નિકાલ માટે કમીટી દ્વારા ૧૦૦ કેસો હાથ પર લેવામાં આવી રહ્યા છે. પરંતુ ૧૦૦ કેસમાં માત્ર બે કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવાનાના કારણે આ કાયદો પણ હવે બુઠો થઈ રહ્યો હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. દિવસો સુધી લેન્ડ ગ્રેબીંગની ફરીયાદોનો યોગ્ય નિકાલ કરવામાં આવતો ન હોવાથી જમીન માફીયાઓમાં કોઈ ડર રહ્યો ન હોય તેવું લાગી રહ્યું છે. અરજી કરનાર વ્યકિતએ મહિનાઓ સુધી પોતાની અરજી અંગે તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે રાહ જોવામાં આવી રહી છે. બીજી તરફ તંત્ર પણ જમીન માફીયાઓમાં કાયદા અંગે ડર ઉભો કરવાના બદલે સમાધાનકારી ભૂમિકા ભજવી રહ્યું છે. ગઈકાલે મળેલી લેન્ડ ગ્રેબીંગ કમીટીની બેઠકમાં માત્ર બે કેસમાં એફઆઈઆર દાખલ કરાય છે. જયારે ૩૧ કેસમાં સમાધાન કરાયું છે.

### એલસીમાં શાળા...

લઈને મુંઝવણ હતી, જેમાં પરિણામ જાહેર થયાની તારીખ કે પછી માર્કશીટ આવ્યા તારીખ તેમાંથી કઈ તારીખ દર્શાવવી તે અંગે અસમંજશ હતી. જેથી બોર્ડ દ્વારા પરિણામ તારીખ દર્શાવવા માટે સૂચના આપી છે.

### કામગીરી પર બ્રેક.....


મીટરમાં આડેધડ નાણા કપાતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. દૈનિક ૩૫ રૂપીયાના વીજ વપરાશ માટે સ્માર્ટ મીટરમાં ૮૦ રૂપયાનો વપરાશ થઈ રહ્યો છે. અમૂક જગ્યાએ તો બે દિવસમાં બબ્બે હજાર રૂપીયા ઉપડી ગયાની ફરિયાદો ઉઠી છે. દરમિયાન મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા તાત્કાલીક અસરથી વડોદરામાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પર બ્રેક લગાવી દેવામાં આવી છે.

દરમિયાન જે વીજ ઉપભોકતાઓ સ્માર્ટ મીટર દ્વારા વધુ નાણા કંપાતા હોવાની ફરિયાદ કરશે તેઓને ત્યાં ચેક મીટર લગાવવામાં આવશે. હાલ હંગામી ધોરણે એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પર બ્રેક લગાવી દેવામાં આવી છે જો કોઈ સોસાયટી કે કચેરી દ્વારા સ્માર્ટ મીટર લગાવવા માટે અરજી કરશે ત્યાં સ્માર્ટ મીટર લગાવવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં યુજીવીસીએલ દ્વારા ૩૫.૨૦ લાખ, એમજીવીસીએલ દ્વારા ૩૩ લાખ, પીજીવીસીએલ દ્વારા ૫૫.૮૩ લાખ, ડીજીવીસીએલ દ્વારા ૪૦.૭૮ લાખ સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં રાજ્યનાં ૧.૬૪ કરોડ સ્માર્ટ મીટર લગાવવાનો ટારગેટ લગાવવામાં આવશે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ સિનિયર એડવોકેટ અને સૌરાષ્ટ્ર વિધાનસભાના બાબરાના પૂર્વ ધારાસભ્ય સ્વ.ગજાનનભાઈ જોશીના પુત્ર સિનિયર એડવોકેટ બીપીનભાઈ જોશી (ઉ.વર્ષ ૮૮) નું તા. ૧૭ને શુક્રવારના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૦ને સોમવારના રોજ સાંજે ૫ થી ૬ શ્રી પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે. ચેતનભાઈ જોષીના મો.નં. ૯૩૭૪૧૨૪૪૨૦ છે.

**ગોંડલ:** રાયજાદા રાજકુવરબા કિરીટસિંહ (ઉ.વ.૭૮) રૂપાવટી ગોંડલ તે જયેન્દ્ર સિંહ તથા નરેન્દ્ર સિંહ (જેટકો ગોંડલ) તથા રામદેવ સિંહ (પી.જી.વી.સી.એલ.વિરપુર)ના માતૃશ્રી નું તા.૧૬/૫/૨૪ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** વાસુદેવ ઘનશ્યામદાસ બેટાઈ (ઉ.વ.૮૬) નું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું (પઘડીયું) તા. ૧૯ રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે અમરનાથ મંદિર, ૩, જાગનાથ પ્લોટ, બિગ બજારની પાછળ અથવા કાલાવડ રોડ, હિરો હોન્ડા વાળી શેરીમાં થઈને જાગન્નાથચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** રાયજાદા રાજકુંવરબા કીરીટસિંહ (ઉ.વ.૭૮) રૂપાવટી ગોંડલ તે જયેન્દ્રસિંહ તથા નરેન્દ્રસિંહ (જેટકો ગોંડલ) તથા રામદેવસિંહ (પીજીવીસીએલ વિરપુર)ના માતાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે.

**વિંછીયા:** દાઉદી વ્હોરા શેખ હસનઅલી યુસુફઅલી મસાલાવાળા (ઉ.વ.૮૫) તે મ. શરફભાઈ, મ. સાદીકભાઈ, મ.સૈફુદ્દીનભાઈ (કોલંબો) મ. અબ્બાસભાઈ, મ.મનસુરભાઈ હુશેનાબેન (જસદણ) ના ભાઈ જુજરભાઈ, હમીદાબેન, રૂબાબબેન (રાજકોટ) રશીદાબેન (સાવરકુંડલા) ફાતેમાબેન (અમરેલી) ના પિતા નું તા.૧૮ ને શનિવારના રોજ વીંછિયા મુકામે અવસાન પામેલ છે તેમની જીયારત (કુરાનખ્વાની) તથા ચેહલુમના ફાતેહા તા.૨૦ મે ૨૦૨૪ ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે દાઉદી વ્હોરા મસ્જિદ વીંછિયા ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ :** મૂળ જામકંડોરણા હાલ રાજકોટ શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. દામોદરભાઈ છગનલાલ પંડ્યાના પૌત્ર તેમજ રોહીણીબેન અને રાજેન્દ્રભાઈ પંડ્યા (કાપડ મિલ)ના પુત્ર સમીરભાઈ (ઉ.વ. ૩૬ આઈસીઆઈસીઆઈ બેંક રાજકોટ) તે રીંકુબેનના પતિ તે ઉપેન્દ્રભાઈ (જનસત્તા પ્રેસ) મધુસુદનભાઈ (અમેરિકા), જનાર્દનભાઈ (આરસીસી બેંક- ભારત સેવક સમાજ), સ્વ. મુકુંદભાઈ (આરએમસી), કમલેશભાઈ (જનતા ક્રેડિટ સોસાયટી )ના ભત્રીજા તે વિનોદભાઈ ગિરધરલાલ પંડ્યા (અરડોઈ)ના જમાઈ તેમજ જયદીપભાઈના બનેવીનું તા.૧૭/૫ના અવસાન થયું છે, સદગતનું બંને પક્ષનું ઉઠમણું અને બેસણું તા.૨૦/૫ને સોમવારે સાંજે ૫-૩૦ થી ૬-૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ પાસે રાજકોટ ખાતે રાખ્યું છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. બાબુલાલ ત્રિભોવન ભટ્ટના પુત્ર પ્રફુલ્લભાઈ (ઉ.વ. ૬૯ ) તે સ્વ. પ્રભુલાલભાઈ, કિશોરભાઈ, શિરીષભાઈ, ચંદ્રકાંતભાઈ, રેખાબહેન અને નયનાબહેન રાજેશભાઈ દવેના ભાઈ તે કંદર્પ (આઈસીઆઈસીઆઈ બેન્ક), આરતીબેન અમરકુમાર દવેના પિતાશ્રી તે સ્વ. હર્ષદરાય વિશ્વનાથ જોષી (કોટડાસાંગાણી)ના જમાઈનું તા. ૧૭/ ૦૫ના અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું અને બેસણું તા. ૨૦/ ૦૫ને સોમવારે સાંજે ૪થી ૫ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી રાજકોટ ખાતે રાખ્યું છે.

**રાજકોટ:** ભરતકુમાર તે સ્વ. નટવરલાલ ગગુભાઈ દોશી તથા સ્વ. નિર્મળાબેન નટવરલાલ દોશીના પુત્ર, સ્વ. પ્રફુલાબેનના પતિ, શિતલભાઈ, તેજસભાઈ, પુનમબેન પંકજભાઈ કોઠારીના પિતા, સ્વ. નરેન્દ્રભાઈ, નયનભાઈ, રાજુભાઈ, અનુપમાબેન વિજયભાઈ દોશી, મીરાબેન મહેન્દ્રભાઈ કોઠારી, મીનાબેન શશીકાંત ચોતલીયાના મોટાભાઈનું તા. ૧૮ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૦ ને સોમવાર સાંજે ૫.૩૦ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મેઘરાજા મોર પર સવાર થઇ પધારશે: ચોમાસું ૧૪ આની રહેવાનો વરતારો

## જાણીતા જ્યોતિષાચાર્ય રાજદીપભાઇ જોષીએ ચોમાસા અંગે નક્ષત્ર અંગે આપી આગાહી: ૧૯ જુલાઈથી બે ઓગસ્ટ સાર્વત્રિક વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

આ વર્ષે વરૂણ નામનો મેઘ છે. આથી પવન સાથે બધે જ સારો વરસાદ થાય ઘણી જગ્યાએ અતિશય વરસાદથી પાકને નુકશાન પણ થઈ શકે છે.

ખાસ કરીને ચોમાસાની શરૂઆત જુન મહિનાના પહેલા અઠવાડીયાથી થાય છે. જ્યારે ૨૧ જુનની આસપાસ આદ્રા નક્ષત્ર બેસે ત્યારે ચોમાસુ જામે છે. તેમ વેદાંત રત્ન રાજદીપભાઈ જોષીએ જણાવ્યું છે. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે નક્ષત્ર પ્રમાણે વરસાદની યાદી પર નજર કરવામાં આવે તો ૮ થી ૨૧ જૂન સુધી સુર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં હશે. વાહન શિયાળનું વરસાદની શરૂઆત થાય વંટોળ ફૂંકાઈ બફારો રહેશે.

૨૧ જૂનથી ૫ જુલાઈ સુધી સુર્ય આદ્રા નક્ષત્રમાં વાહન મોરનું પવન સાથે સારો વરસાદ પડે ૫ જુલાઈથી ૧૯ જુલાઈ દરમિયાન સુર્ય પુનર્વસુ નક્ષત્રમાં વાહન હાથીનું વંટોળ અને પવન ફૂંકાઈ મધ્યમ વરસાદ રહે.

૧૯ જુલાઈથી બે ઓગસ્ટ સુધી સુર્ય પુષ્ય નક્ષત્રમાં રહે વાહન દેડકો છે. બધે જ સારો વરસાદ પડે તેવી સંભાવના છે. ૨ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ સુધી સુર્ય આશ્લેષા નક્ષત્રમાં રહે વાહન ગધેડાનું નહિંવત વરસાદ રહે (ખાસ કરીને આશ્લેષા નક્ષત્રને ઝેરી નક્ષત્ર કહેવામાં આવે છે. આથી કહેવત પ્રમાણે જો આશ્લેષા નક્ષત્રમાં વરસાદ પડે તો કાંકરી પણનો સુકાઈ અને જો વરસાદનો પડે તો તદ્દન ન પડે)

૧૬ થી ૩૦ ઓગસ્ટ સુર્ય મઘા નક્ષત્રમાં રહેશે. વાહન શિયાળનું છે. ક્યાક સામાન્ય વરસાદ પડે, પવન રહે.

૩૦ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર સુધી સુર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં રહેશે. વાહન ઉંદરનું છુટો છવાયો વરસાદ પડશે.

૨૭ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુર્ય હસ્ત નક્ષત્રમાં રહેશે. (હાથીયો કહેવાય છે) વાહન મોરનું છુટો છવાયો વરસાદ થાય, ક્યાક વાવાઝોડા સાથે વરસાદ થાય.

૧૦થી ૨૩ ઓક્ટોબર સુર્ય ચિત્રા નક્ષત્રમાં રહેશે. વાહન ભેંસનું સારો એવો વરસાદ થવાની શક્યતા છે. ૨૪ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુર્ય સ્વાતી નક્ષત્રમાં વાહન શિયાળનું ક્યાંય સામાન્ય વરસાદ થાય.

આ વર્ષે વરસાદ સારો થાય. આદ્રા નક્ષત્ર પ્રમાણે મેઘરાજા મોર ઉપર બેસી પધારશે. આશરે ૮૦% થી ૯૦% સારૂં વર્ષ જાય ૧૪ આની વર્ષ રહેવાની શક્યતા છે. તેમ અંતમાં શાસ્ત્રી રાજદીપભાઈ જોષીએ જણાવ્યું છે.

# ગુજરાત અને જર્મનીના રાજયો વચ્ચે સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવના

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લેતા મુંબઈ સ્થિત જર્મન કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગ

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી.



મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી.જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી.

ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેન્ક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.ગિફ્ટિસિટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી.

તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટ્મેન્ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું.

જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી.

આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં એઆઈ, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજયોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું.

મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી.

બહુમાળી ભવન ખાતે

# નોન ક્રિમિલેયર સર્ટિ. કઢાવવા આવતા વિદ્યાર્થી-વાલીઓને ઠંડા પાણીની બોટલ આપતું કોંગ્રેસ

## કોંગ્રેસના હકારાત્મક વિરોધથી તંત્ર વાહકોની આંખો ઉઘડી:છાંયડા માટે મંડપ નખાવ્યા

**અબતક રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટના બહુમાળી ભવન ખાતે નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર મેળવવા થોડા દિવસોથી લાંબી લાઈનો લાગે છે સરકાર દ્વારા છાયડાની અને પાણીની અપૂરતી સુવિધા હોય જે પગલે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ અતુલ રાજાણી દ્વારા જિલ્લા કલેકટર અને સમાજ કલ્યાણ અધિકારીને જાણ કરવા છતાં કોઈ જાતની વ્યવસ્થા ન કરાતા ગઈકાલે રાજકોટ શહેર કોંગ્રેસના આગેવાનો દ્વારા છાશ વિતરણ કરવામાં આવતા તંત્ર વાહકોને ભાન થયું અને શાસકોના પેટમાં તેલ રેડાયું જે પગલે આજે તંત્ર વાહકો દ્વારા પોતાનો માંડવો નાખી છાયડાની વ્યવસ્થા કરવાની કોંગ્રેસના હકારાત્મક વિરોધથી ફરજ પાડવામાં આવી હતી.



કોંગ્રેસની રજૂઆતો ને પગલે શાસકોના પેટમાં તેલ રેડાતા આજેકોંગ્રેસના ઠંડા બોટલ પાણી વિતરણમાં તંત્ર વાહકો અડચણરૂપ બનેલા હતા અને એક સમયે તંત્ર દ્વારા નખાયેલા મંડપમાંથી બહાર નીકળી જવા ચીમકી પણ આપવામાં આવી હતી પરંતુ તેમ છતાં કોંગ્રેસ દ્વારા હકારાત્મક વલણ અપનાવી તંત્રને પૂરતો સહકાર આપી આજરોજ ઠંડા પાણીની બોટલો વિતરણ કરવામાં આવી હતી રાજકોટ શહેર કોંગ્રેસની લેખીત મૌખિક રૂબરૂમાં રજૂઆતો બાદ તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે તે બદલ અધિકારીઓનો આભાર વ્યક્ત કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે ગઈકાલે ૧,૦૦૦ જેટલા છાશના ગ્લાસ વિદ્યાર્થીઓ અને વાલીઓને વિતરણ કરાયા હતા. ત્યારબાદ આજરોજ ઠંડા પાણીનું વિતરણ કરાયું હતું જેમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ કપુરીયા, કોંગી આગેવાનો નયનાબા જાડેજા, સલીમભાઈ કારિયાણી, જીતુભાઈ ઠાકર, નાગજીભાઈ વિરાણી, અમિતભાઈ ઠાકર, જયેશભાઈ વ્યાસ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# સ્પે. ટ્રેડીંગ સેશનમાં સેન્સેકસે ૭૪ હજારની સપાટી કુદાવી

## સોમવારે શેરબજાર રહેશે બંધ: શનિવારની રજામાં બે ખાસ ટ્રેડીંગ સેશન

**અબતક, રાજકોટ**

આગામી સોમવારે શેરબજાર બંધ રહેવાનું હોય આજે શનિવાર બંધ રહેવાનું હોય આજે શનિવાર હોવા છતાં બીએસઈ અને એનએસઈમાં ડિઝાસ્ટર રિકવરી સાઈટનું પરિક્ષણ કરવા માટે વિશેષ લાઈવ ટ્રેકીંગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સત્રમાં જ સેન્સેકસે ૭૪ હજાર અને નિફ્ટીએ ૨૨૫૦૦ ની સપાટી ઓળંગી હતી.

સામાન્ય રીતે શનિવારે ભારતીય શેરબજાર બંધ રહેતું હોય છે આગામી સોમવારે લોકસભાની ચુંટણીના મતદાન ના કારણે શેરબજાર બંધ રહેવાનું હોય આજે શનિવાર હોવા છતાં બીએસઈ અને એનએસઈમાં બે ખાસ ટ્રેડીંગ સેશન યોજાયા હતા. જેમાં ડિઝાસ્ટર રિકવરી સાઈટનુ પરીષણ કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૧૫ થી ૧૦ વાગ્યા સુધીના પ્રથમ ટ્રેડીંગ સેશનમાં સેન્સેસએ ૭૪ હજારની સપાટી કુદાવી હતી અને ૭૪૦૭૫.૦૪ ની સપાટી હાંસલ કરી હતી. નીચલી સપાટી ૭૩૯૨૦.૬૩ રહેવા પામી હતી. જયારે નિફ્ટીએ પ્રથમ ખાસ ટ્રેડીંગ સેશનમાં ૨૨૫૦૦ ની સપાટી કુદાવી ૨૨૫૧૯.૮૫ નું લેવલ હાંસલ કર્યુ હતું. નીચલી સપાટી ૨૨૪૭૦.૧૦ રહેવા પામી હતી. બીજી ટ્રેડીંગ સેશન ૧૧.૩૦ થી ૧૨.૩૦ કલાક સુધી યોજાયું હતું.

# ખેડુતોને બરબાદ કરતા નકલી બીટી કપાસ બીજનો જથ્થો તૈયાર: રાજ્ય સરકાર ઘોર નિંદ્રામાં

## બીટી કપાસનું વેચાણ કરતી માન્યતા ધરાવતી એજન્સીઓના નામ જાહેર કરવા કોંગ્રેસની માંગણી

**અબતક રાજકોટ**

ગુજરાતમા અનઅધિકૃત રીતે બીટી કપાસ બીજના લાખો પેકેટનુ વેચાણ દર વર્ષે થાય છે અને તેના લાખો ખેડુતોને કરોડો રુપિયાની નુકશાન જાય છે, છતાં રાજય સરકાર આવા અનઅધિકૃત વેપારને અટકાવી શકી નથી ઉપરાંત અનઅધિકૃત બીટી કપાસ બીજ વેચતા ગુનેગાર વેપારી -ઉત્પાદકો પકડાયા છે તેને કાયદા મુજબ સજા કરાવવામા પણ નિષ્ફળ રહી છે. તેમ કોંગ્રેસના પ્રવકતા મનહરભાઈ પટેલે જણાવ્યું છે .

તેઓએ ઉમેર્યું હતુ કે,આજે આગામી ખરીફ સિઝન માટે અનઅધિકૃત બીટી કપાસ બીજનુ પેકીંગ થઈ રહ્યુ છે અને બજારમા પણ આવી રહ્યુ છે, અને રાજ્ય સરકારે બીટી કપાસ બીજના વેપારી માટે ગર્ભિત ચેતવણી પણ આપી નથી. અનઅધિકૃત બીટી કપાસ બીજના ઉત્પાદન પ્લોટ ઉપર છાપા માર્યા નથી, નમુના લેવાયા નથી, ખેડુત વિરોધી રાજ્ય સરકારને કારણે લાખો ખેડુતો આવા અનઅધિકૃત બીટી કપાસ બીજને કારણે આર્થિક પાયમાલ થાય છે, દર વર્ષે કોંગ્રેસ વિનંતી અને માંગ રહી છે કે રાજ્ય સરકારનુ ખેતીવાડી ખાતુ આ દિશામા સાવધ રહીને ખેડુત જાગૃતિ અભિયાન શરુ કરે.

ફરી આ વર્ષે કોંગ્રેસની માંગ છે કે રાજ્ય સરકાર સરકાર માન્યતા પ્રાપ્ત બીટી કપાસ બીજ વેચાણ કરતી કંપનીઓના નામ અને તેની જાતોના નામની યાદી પ્રસિદ્ધ કરે જેથી રાજ્યના કપાસ પકવતા ખેડુતો અનઅધિકૃત બીજથી આર્થિક બરબાદીથી બચાવી શકાય.

તાલુકા કક્ષાએ આવેદનપત્રો અપાય રહ્યા છે અને તંત્રને સતર્ક કરવા જાગૃત વિપક્ષ રજુઆત કરી રહ્યો છે, સરકારી તંત્ર સજાગ બની સ્કોર્ડ ટીમ ઉભી કરી ગામ સુધી પહોંચે અને બીજ બૂટલેગરોને જબ્બે કરે જેથી ખેડૂતોને આર્થિક નુકશાનીમાથી બચાવી શકાય તેમ છે.

# ચૂંટણી ફરજમાં ગેર શિસ્ત બદલ બે ઝોનલ કર્મચારી સામે તોળાતા ખાતાકીય પગલાં

## રાજકોટ લોકસભા બેઠકના ટંકારા વિધાનસભા ક્ષેત્રનો બનાવ : બન્ને ઝોનલે વોટ્સએપ ગ્રુપમાં ભડકાઉ મેસેજ કર્યા ઉપરાંત ગેરવર્તન કર્યું હતુ

**મદદનીશ ચૂંટણી અધિકારીએ બન્નેને કારણદર્શક નોટિસ ફટકાર્યા બાદ ખુલાસાઓ ગ્રાહ્ય ન રાખી કલેકટરને ખાતાકીય પગલાં લેવા કરી દરખાસ્ત**

**અબતક, રાજકોટ**

રાજકોટ બેઠકના ટંકારા મત વિસ્તારના બે ઝોનલ ઓફિસર સામે તાલીમમાં ગેરહાજરી અને શિસ્તભંગ બદલ પગલાં તોળાઈ રહ્યા છે. મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા બન્ને સામે ખાતાકીય પગલાં લેવા માટે જિલ્લા કલેકટરને દરખાસ્ત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીની એલઈ કોલેજના આસિ.પ્રોફેસર રાજેન્દ્ર બી.પરમાર અને એન.એન.ગરવાળીયાને ૧૦ રાજકોટ સંસદીય મત વિસ્તારના ટંકારા વિધાનસભા ક્ષેત્ર હેઠળ ઝોનલ ઓફિસની ચૂંટણી ફરજ સોંપવામાં આવી હતી. બન્ને તાલીમમાં ગેરહાજર રહ્યા હોય ઉપરાંત શિસ્તભંગ પણ કર્યો હોય મદદનીશ ચૂંટણી અધિકારી એસ.પી.દુદકીયા દ્વારા બન્નેને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી.

જેનો ખુલાસો બન્નેએ કરતા આ ખુલાસો મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવ્યો નથી. તેઓ દ્વારા જણાવાયુ છે કે ચૂંટણી સમયની કામગીરી દરમિયાન તાત્કાલિક કરવાની થતી કામગીરીઓમાં ગેરહાજર રહીને ચૂંટણી પ્રક્રિયાના સુચારું સંચાલનમાં જાણી જોઈને વહીવટી તંત્રને હેરાન કરવાની વૃત્તિથી અડચણ ઊભી કરવામાં આવી હોય સાથે આપનો ખુલાસો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. આ સાથે મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા બન્ને ઝોનલ સામે ખાતાકીય પગલાં લેવા જિલ્લા કલેકટરને દરખાસ્ત કરવામાં આવી છે.

વધુમાં સૂત્રોના જણાવ્યા અનુસાર આ બન્ને ઝોનલ ઓફિસરે ચૂંટણી સ્ટાફના એક વોટ્સએપ ગ્રુપમાં ભડકાઉ મેસેજ કર્યા હતા. આ સાથે ચૂંટણી ફરજના અધિકારી સાથે ગેરવર્તન પણ કર્યું હતું. એટલે બન્ને વિરુદ્ધ આકરા પગલાં તોળાઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# જાતિય સતામણીના કેસમાં પ્રો.સંજય તેરૈયાની હકાલપટ્ટીને આવકારતી જિલ્લા નારી સુરક્ષા સમિતિ

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લા નારી સુરક્ષા સમિતિના પ્રમુખ હેમાબેન કકકડ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ઉપપ્રમુખ પારૂલબેન સિધ્ધપુરા, મહામંત્રી સરલાબેન પાટડીયા, મંત્રી નિશાબેન સોલંકી મનીષાબા વાળા, પ્રફુલાબેન ચૌહાણ, પદ્માબા ચૌહાણ જસુબાએ સંયુક્ત યાદી જણાવ્યું હતું કે રાજકોટ એ સૌરાષ્ટ્રના પાટનગર સમાજ શહેર છે અને રાજકોટ એ શૈક્ષણિક હબ બની ગયું છે. રાજકોટ શહેર અને જિલ્લાની આજુ બાજુ માં યુનિવર્સિટી ઓમાં વિદ્યાર્થીનીઓને પોતાના વાલી પેટે પાટા બાંધીને પણ ઉચ્ચ અભ્યાસ કરાવતા હોય છે ત્યારે દૂર દૂર વતનથી આવેલી દીકરીઓ રાજકોટમાં શૈક્ષણિક સંકુલોમાં પણ સલામત નથી એ જગ જાહેર છે. રાજકોટના શૈક્ષણિક સંકુલો ની આજુબાજુમાં લુખ્ખા અને આવારા તત્વોના અડ્ડાઓ છે અને વખતો વખત શૈક્ષણિક સંકુલોમાં પણ વિદ્યાર્થીની ની હત્યાઓ સુધીના મામલાઓ પોલીસ સ્ટેશનમાં રેકોર્ડ પર મૌજુદ છે. સ્કૂલ કોલેજ અને રસ્તા પર તો ઠીક પરંતુ જેની સારા સંસ્કાર અને અભ્યાસની જવાબદારી છે એવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રાધ્યાપકો પણ લંપટગીરીમાં સામેલ થાય અને દીકરીઓને છેડતી કરે તે કેટલે અંશે વ્યાજબી છે ?

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મહિલા કોલેજના પ્રોફેસર સંજય તેરૈયા ને ડિસેમ્બર ૨૦૨૨ માં સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓની સામે ખાતાકીય તપાસ બાદ પુરાવાને ધ્યાનમાં લઈ દોષિત પુરવાર થતાં તેઓને નોકરીમાંથી હકાલપટ્ટી (બરતરફ) કરવાની ઘટનાને જિલ્લા નારી સુરક્ષા સમિતિ રાજકોટ અભિનંદન સાથે આવકારે છે. હાલ સોશિયલ મીડિયાના જમાનામાં વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, મેસેજ, ઈમેલ મેળવી પ્રોફેસર દરજ્જાની વ્યક્તિઓ આ પ્રકારની સેક્સયુલ હેરેસમેન્ટ કરે જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંકુલમાં વાડ જ જ્યારે ચીભડા ગળે ત્યારે કહેવું કોને ? યુવતીઓને વધુ માર્કસ અપાવી દેવા પાસ કરી દેવાની લાલચ આપી શૈક્ષણિક સંકુલોમાં યુવતીઓનું શોષણ થતું હોય તે જગ જાહેર છે આ બાબતે વિદ્યાર્થીનીઓએ કોઈપણ લલચામણી ઓફરોમાં ભોળવાયને આવા લુખ્ખા અને લંપટ થી દૂર રહી જરૂર જણાયે આવા લંપટોને જેલ ભેગા કરવા જાગૃત બની અવાજ ઉઠાવવાની જરૂર છે. આવું ફરી એક પણ શૈક્ષણિક સંસ્થાઓમાં ન બને નહીં તે માટે જે કંઈ કરવું જોઈએ તે માટે યોગ્ય પગલા ભરવામાં આવે તેમ અંતમાં જિલ્લા નારી સુરક્ષા સમિતિના સભ્યોએ જણાવ્યું છે.

# આત્મીય યુનિવર્સિટીમાં ૧ જૂનથી જીવન વિદ્યા પરિચય શિબિરનો પ્રારંભ

## જીવન વિદ્યા શિબિરનો ઉપદેશ ‘‘વસુધૈવ કુટુંબકમ્’’ને સાકાર કરવાનો

**અબતક, રાજકોટ**

‘આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન’ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષા પણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

જીવન વિદ્યાએ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમને સાકાર કરવા માટેનું એક પગથિયું છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી શ્રી. સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલ છે.

આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦ ૧૩૭૮૫/૯૮૭૯૩ ૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, સીવીએમએસ ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

# કાલે મોહિની એકાદશી

**અબતક, રાજકોટ**

**:: પ્રાસંગિક ::**
**શાસ્ત્રી રાજદીપ જોશી**

વૈશાખ શુદ અગીયારશ રવિવારે મોહિની એકાદશી છે. રવિવારે સવારે વહેલા ઉઠી ન્હાવાની પાણીની ડોલમાં ગંગાજળ નાખી સ્નાન કરવું.ત્યાર બાદ શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું ભગવાનને છાશ અને દહીં ખાસ ધરાવવા શ્રી કૃષ્ણ શરણમ મમ એક અથવા ત્રણ માળા કરવી અને કથા વાંચવી અથવા શાંભળવી. મોહિની એકાદશીનાં દિવસે ઘરમા ગૌમુત્ર અથવા ગંગાજળ છાટવું ઉત્તમ ગણાય છે. મોહિની એકાદશી એટલે મોહ પમાડનાર નહીં પરંતુ મોહ માથી મુકિત આપનાર એકાદશી છે. જીવનમાં કોઈપણ વસ્તુનો મોહ જાગે એટલે જીવનમાં જ્ઞાન તથા વિવેક રહેતા નથી અને પતન થાય છે. આથી જ શાસ્ત્રોમાં પુરાણોમાં કહેલું છે કે કામ, ક્રોધ, મોહનો ત્યાગ કરો.

એકાદશીની કથાનો બોધ: જીવનમાં કોઈપણ વસ્તુનો અને વ્યક્તિનો મોહ રાખવો જોઈએ નહીં. જે મળે તેમાં સંતોષ માનવો જોઈએ તો જ જીવન સુખી થશે.વ્યકિતનાં જીવનમાં ગમે તેટલી સંપતી હોય બધુ જ હોય પરંતુ સંતોષ ના હોય તો બધુ જ નકામુ છે. આથી ખોટો મોહ છોડી અને સંતોષ પૂર્વક જીવન જીવવું જોઈએ.

# કેન્સર વોરિયર્સના લાભાર્થે સાંજે ફેશન શો યોજાશે

**અબતક રાજકોટ**

કેન્સર વોરિયર્સના લાભાર્થે રાજકોટમાં સૌ પ્રથમવાર ફેશન શો થવા જઈ રહ્યો છે. આ ફેશન શો કેન્સર ક્લબ દ્વારા આજે શનિવારે સાંજે ૬ કલાકથી રાત્રે ૯ કલાક સુધી સયાજી હોટેલ ખાતે યોજવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ કેન્સર જેવા રોગ વિષે જાગૃતિ ફેલાવવાનો અને કેન્સરપીડિતોને રોગની સારવાર અર્થે પ્રેરણા આપવાનો છે. ઉલ્લેખનીય છે કે કેન્સરમાંથી સાજા થયેલા દર્દીઓ આ ફેશન શોમાં ભાગ લેવાના છે. આ તકે રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના કમિશનર આનંદ પટેલ અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

## રાયબરેલીને પોતાનું ‘ઘર’ બનાવશે રાહુલ

# પરંપરાગત બેઠક રાયબરેલીના મતદારોને કાયમી સધિયારાનો “કોલ” આપતા સોનિયા

## હું મારો દીકરો તમને સોંપુ છું, તે તમને ક્યારેય નિરાશ નહીં કરે: સોનિયાએ સભા સંબોધી

**અબતક, નવી દિલ્હી**

રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશની પરંપરાગત રાયબરેલી બેઠક પર લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે. એવામાં પુત્રના પ્રચાર માટે રાયબરેલીમાં રેલીને સંબોધતા સોનિયા ગાંધીએ ભાવુક થઇને મતદારોને કાયમી સધિયારો આપ્યો હતો.

સોનિયા ગાંધીએ લોકોને કહ્યું હતું કે હું મારો પુત્ર તમને સોંપી રહી છું, તે તમને નિરાશ નહીં કરે. મને જે કઇ પ્રાપ્ત થયું છે તે તમારે કારણે છે, તેથી મારા ભાઇઓ-બહેનો હું તમને મારો પુત્ર સોંપી રહી છું. રાયબરેલીની જનતાએ મને તેમની સેવા કરવા માટે ૨૦ વર્ષ સુધી તક આપી, મારા જીવનની આ સૌથી મોટી મુડી છે.

જ્યારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જો કેન્દ્રમાં અમારી સરકાર બનશે તો અમેઠી અને રાયબરેલી બન્નેનો સરખો વિકાસ કરીશું. જો રાયબરેલીના વિકાસ માટે ૧૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે તો એટલી જ રકમ અમેઠીમાં પણ ખર્ચ કરાશે. સોનિયા ગાંધી જ્યારે ભાવુક થઇને ભાષણ આપી રહ્યા હતા ત્યારે તેમની પાસે રાહુલ ગાંધી



અને પ્રિયંકા ગાંધી પણ ઉભા રહ્યા હતા. દરમિયાન રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે હું ઇચ્છુ તે વિષય પર નરેન્દ્ર મોદીને બોલવા મજબુર કરી શકુ છું. મે જ્યારે કહ્યું કે મોદી અદાણી અને અંબાણીના નામ નથી લેતા તો મોદી બાદમાં બન્નેના નામ લેવા લાગ્યા. મે કહ્યું હતું કે લોકોના બેંક ખાતામાં ટકાટક ટકાટક નાણા જમા કરાવીશું તો મોદી પોતાના ભાષણમાં ટકાટક ટકાટક બોલ્યા હતા. તમે જે કહો તે હું મોદી પાસે બોલાવી શકું.

રાયબરેલીની રેલીમાં જ્યારે લોકોએ રાહુલ ગાંધીને પુછ્યું કે તમે લગ્ન ક્યારે કરશો તો જવાબમાં રાહુલે હસતા કહ્યું હતું કે હવે તો વહેલા લગ્ન કરી લેવા પડશે. રાહુલના લગ્નની ચર્ચા વચ્ચે બહેન પ્રિયંકા ગાંધીએ પણ પોતાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પ્રિયંકાએ આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યુ હતું કે હું મારા ભાઇ રાહુલને ખુશ જોવા માગુ છું, હું ઇચ્છુ છું કે રાહુલ વહેલા લગ્ન કરી લે અને તેના પણ બાળકો હોય.

દરમિયાન આમ આદમી પાર્ટીનો પંજાબના અમૃતસરમાં પ્રચાર કરી રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભારતની વર્તમાન સ્થિતિની સરખામણી રશિયા સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે રશિયામાં તાનાશાહી છે, વિપક્ષના નેતાઓને જેલમાં ધકેલવામાં આવી રહ્યા છે. ભારતમાં પણ તાનાશાહી ચાલી રહી છે, જેનો સ્વીકાર ના કરી શકાય. છેલ્લા ૭૫ વર્ષમાં ભારતમાં આવી તાનાશાહી ક્યારેય નથી જોવા મળી. રશિયામાં તાનાશાહી છે અને પ્રમુખ પુતિન વિપક્ષના નેતાઓને જેલમાં ધકેલ્યા હતા અને પછી ચૂંટણી કરાવીને ૮૭ ટકા મત લઇ લીધા હતા.

# વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમો ટ્રાયના નિયમ હેઠળ આવરી લેવાશે

## ફેક ન્યુઝ, અફવા, વૈમનસ્ય ફેલાવનાર વીડિયો ઉપર હવે રોક લગાવાશે

### શું છે ટ્રાઇ

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાની સ્થાપના દેશમાં ટેલિકોમ્યુનિકેશન ઉદ્યોગના વિકાસ માટે સક્ષમ વાતાવરણ બનાવવા અને વૈશ્વિક માહિતી સમાજનો એક ભાગ બનવા માટે કરવામાં આવી હતી. તે એક વૈધાનિક સંસ્થા છે અને દેશમાં ટેલિકોમ ક્ષેત્રનું નિયમન કરે છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાની સ્થાપના ૨૦ ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૯૭ તરીકે ઓળખાતા સંસદના અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી. ટેલિકોમ્યુનિકેશન સેવાઓ માટે ટેરિફના નિર્ધારણ/સુધારા સહિત, જે અગાઉ કેન્દ્ર સરકારની જવાબદારી હતી તે દૂરસંચાર સેવાઓના નિયમન માટે તેની સ્થાપના કરવામાં આવી હતી.

### ટ્રાઇની સત્તાઓ અને કાર્યો

– નવા સેવા પ્રદાતાઓની રજૂઆતની જરૂરિયાત અને સમય અને સેવા પ્રદાતાને લાયસન્સના નિયમો અને શરતોની ભલામણ કરો;

– વિવિધ સેવા પ્રદાતાઓ વચ્ચે તકનીકી સુસંગતતા અને આંતર–કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવી અને તેમની આવક વહેંચણી વ્યવસ્થાનું નિયમન કરવું;

– લાયસન્સની શરતોનું પાલન સુનિશ્ચિત કરવું અને બિન–પાલનનું પુનઃમૂલ્યાંકન કરવું;

– લાંબા અંતર અને સ્થાનિક અંતરની સર્કિટ પ્રદાન કરવા માટે સમયગાળો નક્કી કરવા અને તેની ખાતરી કરવા;

– ટેલિકોમ્યુનિકેશન સેવાઓના વિકાસને પ્રોત્સાહન આપવા, સ્પર્ધાને સરળ બનાવવા અને કામગીરીમાં કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે;

– ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું, સેવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ કરવું, નેટવર્કમાં વપરાતા સાધનોનું નિરીક્ષણ કરવું અને આવા સાધનો અંગે ભલામણો કરવી;

– ઇન્ટરકનેક્ટ એગ્રીમેન્ટ્સનું રજિસ્ટર જાળવવું અને તેને નિરીક્ષણ માટે ખુલ્લું રાખવું અને આ સંબંધમાં સેવા પ્રદાતાઓ વચ્ચેના વિવાદોનું સમાધાન કરવું;


– ટેલિકોમ ઉદ્યોગને લગતી કોઈપણ બાબતો પર સરકારને સલાહ આપવી. સેવાઓ માટે ફી અને શુલ્ક વસૂલવા અને ખાતરી કરવી કે સાર્વત્રિક સેવા જવાબદારીઓનું પાલન કરવામાં આવે છે

– કેન્દ્ર સરકાર દ્વારા તેને સોંપવામાં આવેલ અન્ય કોઈપણ વહીવટી અને નાણાકીય કાર્યો કરવા.

**અબતક, નવીદિલ્હી**

વ્હોટ્સએપ, સિગ્નલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને અગાઉ ટ્વિટર જેવી ઓટીટી સેવાઓ નિયમનકારી શાસન હેઠળ આવી શકે છે, કારણ કે ટ્રાઇ આ બાબતે ભલામણો આપવાનું વિચારી રહી છે. આ વિકાસ મહત્વ ધારે છે કારણ કે સરકારે તાજેતરમાં સંસદ દ્વારા પસાર કરાયેલા નવા ટેલિકોમ એક્ટમાં ઓટીટી ને નિયમનકારી શાસનમાંથી બહાર રાખ્યું હતું. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રા હવે ઓટીટી સેવાઓ માટે નિયમનકારી મિકેનિઝમને મજબૂત કરવા પર ઓપન હાઉસ ચર્ચા સાથે આગળ વધશે, તેના ચેરમેન અનિલ કુમાર લાહોટીએ શુક્રવારે જણાવ્યું હતું. ’સ્વ-નિર્ભરતાને મજબૂત બનાવવું: સ્થાનિક ઉદ્યોગ અને ટેકનોલોજીને સુરક્ષિત કરવું’ વિષય પર એક સિમ્પોઝિયમમાં બોલતા, લાહોટીએ જણાવ્યું હતું કે નિયમનકાર ‘‘લગભગ ત્રણ મહિના કે તેથી વધુ સમયમાં‘‘ ઓપન હાઉસ ચર્ચાઓ યોજવાની પ્રક્રિયા સાથે આગળ વધશે. તમે જાણો છો, અમે સતત ઓટીટી સંચાર પર સલાહ લઈએ છીએ. તે માત્ર એટલું જ છે કે છેલ્લા કેટલાક મહિનામાં અમે અમારી પાસે બાકી રહેલા સંદર્ભોની સંખ્યાને દૂર કરવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છીએ, અને ઓટીટી સંચાર પણ કતારમાં છે.

પૂછવામાં આવ્યું કે શું ટેલિકોમ્યુનિકેશન એક્ટે ઓટીટી કોમ્યુનિકેશન કન્સલ્ટેશન પેપરને બિનજરૂરી બનાવ્યું છે, લાહોટીએ આવા સૂચનને નકારી કાઢતાં કહ્યું, ‘‘ના, એવું નથી.‘‘ ઓટીટી પરામર્શ સંસદીય સમિતિની ભલામણ પછી શરૂ કરવામાં આવ્યો હતો, તેથી આ પરામર્શ પૂર્ણ થશે, અને અમે અમારી ભલામણો આપીશું... કયો કાયદો તેનો ભાગ બનશે અને કયું મંત્રાલય અથવા કયું નિયમનકાર તેની સાથે વ્યવહાર કરશે, તે એક અલગ બાબત છે. રાજ્ય અને કાયદા અમલીકરણ એજન્સીઓને ટેલિકોમ કંપનીઓ પર સમાન નિયંત્રણો લાદવાની મંજૂરી આપવા માટે અગાઉની યોજના હોવા છતાં, સરકારે ટેલિકોમ એક્ટના કાર્યક્ષેત્રમાંથી ઓટીટી સેવાઓને દૂર કરી હતી નવા આઈટી એક્ટનો એક ભાગ જે હાલમાં કામમાં છે.




# શું ચેન્નઈને પ્લે ઓફમાં જતાં બેંગ્લોર રોકી શકશે?

## બેંગ્લોરને માત્ર જીત નહીં પરંતુ સારી રનરેટથી જીત મેળવવી જરૂરી તો જ તે પ્લે ઓફમાં પહોંચી શકશે

**અબતક, નવીદિલ્હી**

આઈપીએલ ૨૦૨૪માં ત્રણ ટીમો પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ છે. પહેલી ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ અને બીજી ટીમ રાજસ્થાન રોયલ્સ છે. આ બંને બાદ હૈદરાબાદ પ્લે ઓફમાં પહોંચનારી ત્રીજી ટીમ બની હતી. હવે પ્લેઓફ માટે એક સ્થાન બાકી છે અને આ માટે બે ટીમો વચ્ચે આકરી સ્પર્ધા છે. જેમાં પ્રથમ ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સ અને બીજી ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની છે. આ બન્નેમાંથી કોઈ પણ એક ટીમ હવે પ્લેઓફમાં પહોંચી શકે છે.

સીએસકે અને આરસીબી વચ્ચે મેચ રમાવાની છે અને આ મેચમાં બંને ટીમોની જીત જરૂરી છે. જો સીએસકે જીતશે તો આરસીબીની રમત પૂરી રીતે ખતમ થઈ જશે અને તે પ્લેઓફ સુધી નહીં પહોંચી શકે. પરંતુ બીજી તરફ આરસીબી માટે ફક્ત જીત જરૂરી નથી તેણે રનરેટ ઉપર પણ ધ્યાન રાખવો પડશે. તો જ તે સીએસકેથી આગળ નીકળી શકે છે. સીએસકેની રનરેટ હાલમાં +૦.૫૨૮ છે, જ્યારે આરસીબીની રન રેટ +૦.૩૮૭ છે. હવે આ સ્થિતિમાં જો આરસીબી સીએસકેને સારા રન માર્જિનથી હરાવશે તો તેના પણ ૧૪ પોઈન્ટ થઇ જશે અને તેનો રનરેટ સીએસકે કરતા સારો થઇ શકે છે. જો જીત બાદ આરસીબીની રનરેટ સીએસકે કરતા સારી હશે તો આરસીબી માટે તક હશે અને સીએસકેને પ્લેઓફની રેસમાંથી બહાર થવું પડશે.વરસાદના કારણે જો આ મેચ રદ થશે તો ચેન્નાઈ સુપર કિંગ્સ પ્લેઓફમાં પહોંચી જશે. કારણ કે સીએસકેના ૧૪ પોઈન્ટ છે અને વરસાદના કારણે રદ થાય તો તેના ૧૫ પોઈન્ટ થઈ જશે. બીજી તરફ આરસીબીના ૧૨ પોઈન્ટ છે અને તેને ૧ પોઈન્ટ મળે તો તેને ૧૩ પોઈન્ટ જ થશે.




# ચૂંટણીને લઇ અનેક વ્યવસાયોમાં શ્રમિકોની અછત સર્જાઇ

## પોતાના વતનમાં જ પેમ્ફલેટ વિતરણ, કેટરિંગ સહિતના અન્ય કામોમાં રોજના ૮૦૦થી ૧૦૦૦ મળતા હોવાથી શ્રમિકો પરત આવવા નથી ઇચ્છતા

**અબતક, નવી દિલ્હી**

દેશના અનેક શહેરોમાં ચૂંટણીને લઈને શ્રમિકોની અછત સર્જાઈ છે. હાલ શ્રમિકો પોતાના વતનમાં ચાલ્યા ગયા છે. જ્યાં વધુ પૈસા મળતા હોવાથી શ્રમિકો શહેરોમાં પરત આવવાનું નામ લઈ રહ્યા નથી.

મોટાભાગના ભારતીય શહેરો ચૂંટણીની મોસમમાં મજૂર સંકટનો સામનો કરી રહ્યા છે કારણ કે મોટી સંખ્યામાં સ્થળાંતર કામદારો તેમના ગામોમાં પાછા ફર્યા છે, જ્યાં તેઓ ચૂંટણી સંબંધિત કામમાંથી વધુ કમાણી કરી રહ્યા છે.



દેશના ઈતિહાસમાં બીજી સૌથી લાંબી લોકસભાની ચૂંટણી ૪૪ દિવસ સુધી ચાલવાની છે. ચૂંટણીએ પરપ્રાંતીય કામદારોને ઘરે પાછા ફરવાની ઘણી આકર્ષક અને તાત્કાલિક તકો પૂરી પાડી છે, જેમાં ચૂંટણી રેલીઓમાં હાજરી આપવા અને પત્રિકાઓના ઘરે-ઘરે વિતરણ, તંબુ ગોઠવવા, વાહન વ્યવસાય, કેટરિંગ અને ફૂડ સપ્લાયમાં કમાવવાની તકો ઊભી કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના 30 વર્ષીય અજય સિંહનો કેસ જોઇએ તો, જે મુંબઈના ઉપનગરમાં ડીમાર્ટ સ્ટોરમાં કામ કરીને મહિને ૧૪,૦૦૦ રૂપિયા કમાતા હતા. હવે તે પોતાના વતન ઉત્તર પ્રદેશમાં વિવિધ રાજકીય પક્ષોની રેલીઓમાં ભાગ લઈને રોજના ૮૦૦-૧,૦૦૦ રૂપિયા કમાઈ રહ્યો છે.

સિંઘે જણાવ્યું હતું કે, હું માત્ર રેલીઓમાં જઈને દર મહિને આશરે રૂ. ૨૨,૦૦૦-૨૪,૦૦૦ કમાઉ છું. તમામ રાજકીય પક્ષોએ ભીડ એકત્ર કરવાની જરૂર છે. તે અલગ-અલગ દિવસોમાં અલગ-અલગ પક્ષો - ભાજપ, એસપી, કોંગ્રેસ, બસપાના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહે છે અને ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી તેનું મુંબઈ નોકરી પર પાછા ફરવાનું આયોજન નથી.

યુપી, બિહાર અને પશ્ચિમ બંગાળ - જે દેશના પરપ્રાંતિય કામદારોના સૌથી મોટા સપ્લાયર્સમાંના એક છે - માત્ર ત્રણ રાજ્યો છે જ્યાં ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી તમામ સાત તબક્કામાં ચૂંટણીઓ યોજાઈ રહી છે.

તેના કારણે તમિલનાડુ, કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને દિલ્હી-એનસીઆર જેવા સ્થળાંતર આધારિત રાજ્યોમાં કામદારોની તીવ્ર અછત સર્જાઈ છે.

## મસાલા ઉપર છટકાવ થતા ઈથીલીન ઓક્સાઇડથી નિકાસમાં ધોચ પડી

# મસાલાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે અપાતી ટ્રીટમેન્ટને માન્ય રાખવા સરકારને ફેડરેશનની રજૂઆત

## સરકાર હરકતમાં નહીં આવે તો આગામી વર્ષ ૨૦૨૫માં ૪૦% નિકાસ ઘટી જવાની સંભાવના

**અબતક, અમદાવાદ**

ફેડરેશન ઓફ ઇન્ડિયન સ્પાઇસ સ્ટેકહોલ્ડર્સએ શુક્રવારે જણાવ્યું હતું કે જો નિકાસ માટેના મસાલામાં ઇથિલિન ઓક્સાઇડ દૂષણના મુદ્દાને શક્ય તેટલી વહેલી તકે ઉકેલવામાં નહીં આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ભારતની મસાલાની નિકાસ લગભગ ૪૦ ટકા ઘટી શકે છે. આ નિવેદન હોંગકોંગ અને સિંગાપોરે લોકપ્રિય બ્રાન્ડ્સ એમ. ડી.એચ અને એવરેસ્ટના વેચાણ પર પ્રતિબંધ મૂક્યાની પૃષ્ઠભૂમિમાં આવે છે કારણ કે તેમના ઉત્પાદનોમાં કાર્સિનોજેનિક કેમિકલ ઇથિલિન ઓક્સાઇડ હોવાનું જણાયું હતું, જે ફરજિયાત રિકોલ કરવા તરફ દોરી જાય છે.

૨૦૨૩-૨૪માં, ભારતની મસાલાની નિકાસ કુલ ડોલર ૪.૨૫ બિલિયન હતી, જે વૈશ્વિક મસાલાની નિકાસમાં ૧૨ ટકા હિસ્સો ધરાવે છે. ‘‘ઘણા નિકાસકારો પાસે ઓર્ડર છે અને તે ઘટના પછી તેમને અમુક અંશે રોકી દેવામાં આવ્યા છે. અમારા અનુમાન મુજબ, જો આ મુદ્દાને ઝડપથી ઉકેલવામાં નહીં આવે તો, મસાલાની નિકાસને વોલ્યુમના ૪૦ ટકા સુધી અસર થઈ શકે છે. આ મુદ્દે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, એફ.આઈ.એસ.એસના



અધ્યક્ષ અશ્વિન નાયકે જણાવ્યું હતું કે ઈથેનીલ ઓક્સાઈડ વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે, જે તેમના મતે સમગ્ર વિશ્વમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે અને ભારતીય કંપનીઓ લગભગ 30 થી ૪૦ દેશોમાં ઈથિલિન ઓક્સાઈડ-પ્રાપ્ત મસાલાની નિકાસ કરી રહી છે. વર્ષોથી યુ.એસ. ઈથિલિન ઓક્સાઈડ એ કોઈ જંતુનાશક નથી જે સીધો પાક પર છાંટવામાં આવે છે. ઈથિલિન ઓક્સાઈડએ વાયુયુક્ત પદાર્થ છે જેનો ઉપયોગ માત્ર માન્ય સંસ્થાઓ દ્વારા મસાલામાંથી ઇ.કોલી, કોલીફોર્મ, અફ્લાટોક્સીન યીસ્ટ જેવા હાનિકારક માઈક્રોબાયોલોજીકલ અને બેક્ટેરિયલ તત્વોને દૂર કરવા અથવા નિયંત્રિત કરવા માટે થાય છે. તે વિશ્વના મોટાભાગના ભાગોમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી તકનીક છે. ફેડરેશન દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છે કે મસાલાને ગુણવત્તા જળવાઈ રહે તે માટે અપાતી ટ્રીટમેન્ટ ને સંપૂર્ણપણે માન્ય રાખવામાં આવે. જો આ અંગે સરકાર હરકતમાં નહીં આવે તો ૪૦% નિકાસ ઘટી જવાની પણ સંભાવના છે.

## કોચ તરીકે રાહુલ દ્રવિડની જગ્યા લેવા ગંભીરને ઓફર કરતું બોર્ડ

ટીમ ઈન્ડિયાના આગામી મુખ્ય કોચ કોણ બનશે? આ એક મોટો પ્રશ્ન છે અને ચાહકોને તેનો જવાબ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પછી મળશે. બોર્ડે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચના પદ માટે અરજીઓ મંગાવી છે અને તેની છેલ્લી તારીખ ૨૭મી મે છે. વર્તમાન મુખ્ય કોચ રાહુલ દ્રવિડ પણ આ પદ માટે અરજી કરી શકે છે, પરંતુ રાહુલ દ્રવિડે આ પદ માટે પહેલાથી જ ના પાડી દીધી હતી અને બોર્ડ દ્વારા ઉત્તમ ગંભીરને હેડ કોચ ની પોસ્ટ ઓફર કરવામાં આવી હતી. ગૌતમ ગંભીર ૧૦ વર્ષથી વધુ સમયથી ટીમ ઈન્ડિયા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યો છે. તેણે ત્રણેય ફોર્મેટ રમ્યા છે અને ટી૨૦ અને વનડે વર્લ્ડ કપ જીત્યો છે. આઇપીએલમાં પણ એક કેપ્ટન તરીકે તેણે કોલકાતાને બે વાર ચેમ્પિયન બનાવ્યું અને હવે એક માર્ગદર્શક તરીકે, તેણે કલકત્તાને પ્રથમ વખત પ્લેઓફમાં પ્રવેશ કરાવ્યો. તે છેલ્લી બે સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સ સાથે હતો અને બંને વખત ટીમ પ્લેઓફમાં પહોંચી હતી.

# માંગરોળમાં આડેધડ પેશકદમી વરસાદી પાણીના નિકાલમાં અવરોધોથી જળબંબાકારની દહેશત

## ભુમાફીયાઓના દબાણો નહીં હટાવાય તો ચોમાસું ભારે પડશે

**અબતક, નીતીન પરમાર, માંગરોળ**

રાજયમાં ચોમાસુ નજીક આવતુ જાય છે. તંત્ર ચોમાસા પૂર્વે આપતી વ્યવસ્થા માટે આગોતરા આયોજન અને પ્રીમોન્સુન કામગીરી માટે કવાયત હાથ ધરી ખાસ કરીને વરસાદી પાણીના નીકાલ, નીચાણવાલા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર અને કોઈ પણ સ્થિતિમાં વરસાદ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સજજ બનાવાય છે. ત્યારે માંગરોળમાં આડેધડ પેશકદમીથી વરસાદી પાણીના કુદરતી નિકાલના અવરોધના કારણે ચોમાસામાં અનેક વિસ્તારોમાં પાણી ભરાવવાની દહેશત ઉભી થઈ છે.

માંગરોળમાં ગયા વર્ષે કેશોદ ચોકડી, ભવાનીનગર, તિરૂપતીનગર, જલારામ સોસાયટી, ભકિતનગર, ગાયત્રીનગરમા કમર ડુબ પાણી ભરાયા હતા આ વર્ષ પણ કેશોદ ચોકડી કામનાથ ચોકડી તરફના તળાવનો ભાગ ખુલો નહી કરાય તો જળબંબાકારની સ્થિતિની દહેશત ઉભી થઈ છે.

માંગરોળમાં ભૂમાફીયાઓની આડેધડ પેશકદમી તળાવમાં માટીનું પુરાણના કારણે વરસાદી પાણીના નિકાલની સમસ્યા સર્જાય તેવી દહેશત વચ્ચે માંગરોળમાં ચોમાસા પૂર્વે વરસાદી સર્વે કરી દબાણો દૂર નહી કરવામાં આવે તો ચોમાસામાં જળબંબાકારની સ્થિતિનો ભય તોળાય રહ્યો છે.

## વિશ્વ મ્યુઝિયમ દિવસ

# દેશના અમૂલ્ય વારસારૂપ કલાત્મક નમુનાઓ વિશે યુવાધન જાણે અને રક્ષણ કરે





તસવીરઃ શૈલેષ વાડોલિયા

## લાઈવ પ્રોટ્રેટ કલબ દ્વારા લાઈવ સ્કેચનું અનેરૂ આકર્ષણઃ વોટસન મ્યુઝિયમ ખાતે સોમવાર સુધી પ્રદર્શન





**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારશ્રીના પુરાતત્ત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો દર્શાવવા અને સંસ્કૃતિના વારસારુપ કલાત્મક નમુનાઓના સંરક્ષણ પ્રત્યે જાગૃતી કેળવાય, લોકોનો કલા પ્રવૃતિમાં રસ ઉત્પન્ન થાય એ ઉદેશથી ''આંતર રાષ્ટ્રિય મ્યુઝિયમ દિન'' ની ઉજવણી અંતર્ગત વિવિધ શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે. જે અનુસંધાને વોટસન મ્યુઝિયમ રાજકોટના ઉપક્રમે આંતર રાષ્ટ્રિય મ્યુઝિયમ દિનની ઉજવણી અંતર્ગત રાજકોટના પ્રસિધ્ધ લાઈવ પોટ્રેટ કલબના ૧૫ કલાકારો દ્વારા આજે સવારે લાઈવ સ્કેચ સાથે અબાલ વૃધ્ધ સૌ ને પ્રિય એવા રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં તૈયાર થયેલ સ્કેચ અને કલાકારોના અન્ય સ્કેચ, ચિત્રોનું પ્રદર્શન સોમવાર સુધી જાહેર જનતા માટે ખૂલ્લુ રહેશે. આ પ્રસંગે મ્યુઝિયમની મુલાકાતે આવેલ મુલાકાતીઓ માટે દરરોજ સાંજે ૪ વાગે મ્યુઝિયમની ડોક્યુમેંટરી ફિલ્મ દર્શાવવામાં આવશે. વોટસન મ્યુઝિયમ રાજકોટના પરિસરમાં આયોજીત લાઈવ સ્કેચ કાર્યક્રમ અને તેના પ્રદર્શનનો લાભ લેવા રાજકોટની કલાપ્રિય જનતાને અનુરોધ કરાયો છે.

વિશ્વ મ્યુઝિયમ દિવસને કારણે આજ સવારથી પરિવારો સાથે યુવા વર્ગ સંગ્રહાલય જોવા પધાર્યા હતા. આ દિવસનો મુખ્ય હેતુ દેશના અમૂલ્ય સાંસ્કૃતિક કલાત્મક વારસા વિષયક જાણકરી મેળવીને તેનું જતન કરે એવો છે. આપણા પ્રાચિન સ્મારકો, મંદિરો અને શિલ્પ સ્થાપત્યજ આપણો ભવ્ય વારસો છે.

### ૧૩૫ વર્ષ જુના વોટસન મ્યુઝિયમમાં છે, આપણો કલાત્મક વારસોઃ સંગીતાબેન રામાનુજ

રાજકોટ ખાતે આવેલ વોટસન મ્યુઝિયમ વિશે અબતક સાથે વાત કરતા મ્યુઝિયમ કયુરેટર સંગીતાબેન રામાનુંજે જણાવ્યું કે આ સંગ્રહાલય ૧૩૫ વર્ષ જુનુ છે. જેમાં ભારતની પ્રાચિન સંસ્કૃતિના કલાત્મક વારસાનું જતન કરાય છે. રાજા-રજવાડાના યુગથી આપણા ગુજરાતની અસ્મિતા સાથે સૌરાષ્ટ્રની કાઠિયાવાડી સંસ્કૃતિની અનેરી ઝલક જોવા મળે છે.

# પોતાની ૩ વર્ષની ડોલ માટે પિતાએ બનાવ્યું આખું ડોલ્સ મ્યુઝિયમ

## દિલ્હીમાં ડોલ્સ મ્યુઝિયમ ન બતાવી શક્યા તો રાજકોટમાં ૩ વર્ષની દીકરી માટે ૧૦૮ દેશની ૮૦૦ બ્યુટીફુલ ડોલ્સ સાથેનું ઇન્ટરનેશનલ મ્યુઝિયમ બનાવ્યું






**રિપોટરઃ ભગવતી વિસાવડિયા**
**કેમેરામેન : નિશિત ગઢીયા**

બાલપણની દુનિયામાં ઢીંગલી તો બધાએ જોઈ જ હોય છે . એમાં પણ ઢીંગલીનું નામ પડે એટલે સૌથી પહેલા બાર્બી ડોલનું નામ જ યાદ આવે. આપણે ઢીંગલીઓ તો ઘણી જોઈ હોય પરંતુ રાજકોટમાં અનોખી ઢીંગલીઓનું મ્યુઝિયમ છે . જયાં સંસ્કૃતી અને રહસ્ય સાથે જોડાયેલી ૧૦૮ દેશની ૧૬૦૦ કરતાં વધુ ઢીંગલીઓ જોવા મળે છે . આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમના દિવસે વાત કરીશું દુનિયામાં એક માત્ર રાજકોટમાં આવેલા ડોલ્સ મ્યુઝિયમની કે જેની સ્થાપના ૨૦૦૪માં થઇ હતી.

### ૧૦૮ દેશની ૧૬૦૦ કરતાં વધુ ઢીંગલીઓ મ્યુઝિયમમાં છેઃ કિર્તિ રાવલ




ટુરિસ્ટ ગાઈડ કિર્તિ રાવલે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે વર્ષો પહેલા ચારધામની જાત્રાએ દીપકભાઈ ગયા હતા. એ સમયે તેમણે ૩ વર્ષની દીકરીને કહેલું કે તને દિલ્હીનું ડોલ્સ મ્યુઝિયમ જોવા લઇ જઈશ. દીકરી ખુશ થઇ ગઈ, બધે ફરીને દિલ્હી પહોંચ્યા ત્યાં સોમવાર હોવાને કારણે મ્યુઝિયમ બંધ હતું, દીકરી નારાજ થઇ, પપ્પાને કહ્યું તમે ખોટું બોલ્યા આ મ્યુઝિયમ તો બંધ છે ત્યારે દીપકભાઈએ કહેલું કે આપણે રાજકોટમાં ઢીંગલીઓનું મ્યુઝિયમ બનાવીશું.આ રીતે રાજકોટમાં ડોલ્સ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી હતી .

### રાજવી પરિવારની ઢીંગલી વાજતે ગાજતે લવાઈ હતીઃ કલ્પના આચાર્ય



ટુરિસ્ટ ગાઈડ કલ્પના આચાર્યએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે ડોલ્સ મ્યુઝિયમમાં એક ઢીંગલી રોયલ ડોલ છે. જે રાજકોટના રાજવી પરિવારના રાણીસાહેબ કાદમ્બરીદેવીના શૈશવની ઢીંગલી છે. રાણીસાહેબને તેમની માતાએ બાળપણમાં આ ઢીંગલી ભેટમાં આપી હતી. આ ઢીંગલી ભવ્ય ફુલેકું, તલવાર રાસ સાથે રણજિતવિલાસ પેલેસની આભા અને ગરિમા સમી આ ઢીંગલી ડોલ્સ મ્યુઝિયમમાં પધારી છે. આ પ્રસંગે પારંપરિક ઢબે ઢીંગલીનું સામૈયું કરાયું હતું. રાસ-ગરબાની રમઝટ બોળી હતી. હજારો લોકો જોડાયા હતા.

# વિજયભાઈ રૂપાણીનો પંજાબમાં પણ ''વટ'': કોંગ્રેસના ટોચના નેતાઓએ કર્યા 'કેસરિયા'

**અબતક, રાજકોટ**

લોકસભા ચૂંટણી માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક મહાસત્તાના સપનાને પૂરું કરવા માટે ભાજપે ૪૦૦થી વધુ બેઠકો પ્રાપ્ત કરી નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદની ની હેટ્રિક માટે કમર કસી છે.

પંજાબના પ્રહરી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પંજાબમાં ભાજપ માટે જબ્બર જનાધાર માટે કવાયત કરી રહ્યા છે વિજયભાઈ રૂપાણી ના પ્રવાસ પ્રચારમાં લોકો ભાજપની વિચારધારા સાથે સ્વયંભુ જોડાઈ રહ્યા છે વિજયભાઈ રૂપાણીના વટ ના વાવાઝોડામાં પંજાબ કોંગ્રેસ ના અનેક આગેવાનોએ ઝાડુ ફેંકી દે હાથમાં કમળ લઇ કેસરિયા કરતા ભાજપનો દબદબો ઉભો થયો છે વિજયભાઈ રૂપાણી ઉપસ્થિતિમાં આપના નેતા દિનેશભાઈ કપૂર ,હરીશભાઈ કપૂર, સુરેશ ભાઈ ધીર, દેવેન્દ્ર અંજન, ગોલડી ભાઈ હંસ અને સામભાઈ લાલ સહિતના આગેવાનોએ ભાજપનો કેસ ધારણ કર્યો હતો.

# રાજકોટમાં સિઝનનું રેકોર્ડબ્રેક ૪૪ ડિગ્રી તાપમાન

## સમગ્ર રાજયમાં ગરમીનો પ્રકોપ આગામી ૫ દિવસ માટે યથાવત રહેશે



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આજે આકરા તાપથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. સવારે પણ તાપમાન ૩૫થી ઉપર રહ્યું હતું અને બપોરે બે વાગ્યે ૪૪ ડિગ્રી સેલ્શિયસને પાર થયું હતું. સાંજ સુધીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયું હતું. હવામાન વિભાગે આગાહી કરી હતી કે, ચાલુ સપ્તાહે ગરમી પડશે પણ સાંજે સાંજે વાદળો છવાશે.ગરમી છેલ્લા ત્રણ દિવસથી સૌથી વધુ તાપમાન આજે અને સીઝનનું સૌથી વધુ તાપમાન નોંધાયુ હતું. આગામી સપ્તાહ માટે નિષ્ણાતોએ જણાવ્યું છે કે મહત્તમ તાપમાનમાં ઘટાડો આવશે અને ૪૦થી ૪૧ ડિગ્રી સેલ્શિયસ રહેશે જે મે માસનું સિઝનનું નોર્મલ તાપમાન ગણવામાં આવે છે. દિવસભર વાદળો ક્યારેક છવાશે તો ક્યારેક આકાશ સ્વચ્છ થાય તેવું પણ બનતું રહેશે. મે મહિનાના છેલ્લા સપ્તાહમાં વાદળોની ઘનતા વધતી જશે અને પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના પણ અણસાર છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધારે નોંધાયું હતું. સૌથી વધુ ૪૪.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું હતું. આ ઉપરાંત ડીસામાં ૪૪.૪, અમદાવાદમાં ૪૪.૨ અને ગાંધીનગરમાં ૪૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જો કે, હવામાન વિભાગ દ્વારા આજે વિવિધ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે અમદાવાદ શહેરમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રમાં પણ ગરમી માટે ચલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એટલે કે, સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ આગામી ૫ દિવસ માટે યથાવત રહેશે.

# “સુપર” સંતાનની લ્હાયમાં બાળકો પાસેથી વેકેશનની મજા છીનવાય

## પહેલાના વેકેશનમાં મામાના ઘેરે રોકાવાનું, ધમાલ ને મસ્તી :સ્કીલ ડેવલોપમેન્ટ અને એક્ટિવિટી કલાસીસ તરફની દોડ

**અબતક-રાજકોટ**

શાળાના જીવનને યાદ કરતા બાળકો માટે ઉનાળાના વેકેશનનું ખૂબ મહત્વ છે. બાળકો આખું વર્ષ ઉનાળાની રજાઓની રાહ જોતા હોય છે અને ઉનાળાની રજાઓમાં ખૂબ જ મજા આવે છે. બાળકોની વાર્ષિક પરીક્ષા અને પરિણામ પછી લગભગ એકથી દોઢ મહિનાનું ઉનાળુ વેકેશન છે.

ઉનાળાની રજાઓ વિદ્યાર્થીઓના જીવનનો મહત્વનો ભાગ છે અને આ ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાંથી થોડો આરામ મળે છે. ઉનાળુ વેકેશન વિદ્યાર્થીઓ માટે તહેવારથી ઓછું નથી. બાળકો માટે ઉનાળાની રજાઓ એક ઉજવણી જેવી હોય છે. જેની બાળકો દર વર્ષે રાહ જુએ છે. ઉનાળાની રજાઓ બાળકો માટે તેમના શાળાના કામ અને અભ્યાસની ધમાલમાંથી રાહત આપે છે.

પરંતુ હવે આખી વાત બદલાઈ ગઈ છે વેકેશનમાં બાળકોને



### મામાના ઘર કેટલે દીવા બળે એટલે એ હવે થયા બહુ દૂર

પહેલાના વેકેશન એટલે કે વેકેશનની શરૂઆતથી જ મામા ની ઘરે જવાનું અને ત્યાં આરામથી રોકાવવાનું અને મોજ મસ્તી ધમાલ કરવાની એટલા માટે તો વેકેશનને જ મામા નો મહિનો કહેવામાં આવે છે ૫૦ દિવસના વેકેશનમાં લગભગ પૂરો મહિનો મામાના ઘરે જ ગાળવામાં આવતો હતો પહેલા વેકેશન પડે એટલે મામાના ઘેરે ક્યારે જવાનું એ માટે બાળકો પણ એટલો ઉત્સાહ જોવા મળતો હતો . હવે તો મામાનું ઘર દીવા બળે એટલે દૂરની બદલે બહુ જ દૂર થયા છે

અભ્યાસમાંથી તો રજા મળે છે પરંતુ માતા પિતાની એક સુપર સંતાન હોવાની દોડ પાછળ વેકેશન દરમિયાન પણ સ્કીલ ડેવલોપમેન્ટ અને ટ્યુશન કલાસીસ તરફ દોડાદોડી કરતાં કરે છે ,ત્યારે ખબર નહીં કેમ, પણ કાર્બાઈડથી કેરી પકવતા વેપારીઓ યાદ આવી જાય છે પેલા બાળક શેરી રમતો તેમજ સાયકલિંગ દોયડા કૂદો જેવી અનેક પ્રવૃત્તિઓ કરતા હવે એ બધું વિસરાય ગયું છે માતા પિતા પોતાની ઈચ્છા મુજબ બાળકોને જુદા જુદા વર્ગોમાં જોડે છે પણ કોઈ બાળકને સંગીતમાં અભિરુચિ હોય અને તે જાતે સંગીત શીખવા માંગતો હોય તો વાત અલગ છે.

બાકી આજના મોટા શહેરના સુધરેલા માં-બાપો જાણે 'બેસ્ટ પેરેંટ્સ' નું નોબેલ પ્રાઈઝ જીતવાનું હોય એમ બાળકની ઈચ્છા ના હોય તો પણ આખું વેકેશન બાળકો



કલાસીસ કરાવી કરાવીને થકવી દે એ કઈ રીતે યોગ્ય કહી શકાય ?

વેકેશનની શરૂઆતની સાથે જ જુદા જુદા વિવિધ કલાસીસ ધમધમતા થયા હોય છે બાળકો માટે વિવિધ એક્ટિવિટી સેન્ટર જેમાં ડ્રોઈંગ ક્રાફ્ટ સ્વિમિંગ ડાન્સિંગ પેન્ટિંગ એરોબિક સ્કેટિંગ જેવા વિવિધ કલાસીસમાં બાળકો ની ઈચ્છા હોય કે ન હોય તો પણ માતા-પિતા તેમને આગ્રહ પૂર્વક મોકલે છે અને અ

નાના નાના ભૂલકાઓ વેકેશનની આનંદ માણવાની મૂકીને આવી પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય છે એને કરતા બાળકોને કોઈપણ પ્રવૃત્તિમાં રસ હોય તે એક્ટિવિટી કરાવી જરૂરી છે

# અગરબત્તીમાંથી નિકળતો ધુમાડો સિગારેટના ધુમાડા કરતા પણ ખતરનાક

## શ્વાસ લેવામાં તકલીફ, ફેફસામાં કેન્સર જેવા રોગનો ભોગ બને

**અબતક-રાજકોટ**

સવાર એ સાંજે બધા જ ઘરમાં સુખ-શાંતિ અને ઉર્જા માટે પૂજા-પાઠ કરીએ છીએ. બદલાતા સમયને કારણે લોકો દીવાની બદલે અગરબત્તી કરે છે. અગરબત્તીમાં ધુમાડાથી અનેક પ્રકારની બીમારીનો ભોગ બની શકાય છે,

સુગંધીદાર અગરબત્તી કેન્સર જેવી ગંભીર બીમારીને આમંત્રણ આપી શકે છે. અગરબત્તીના ધુમાડાથી વોકલ કોર્ડ, શ્વાસ લેવામાં તકલીફ, ફેફસામાં કેન્સર અને યુરિન એરિયામાં પણ કેન્સરની શક્યતા નકારી શકાતી નથી.

અગરબત્તીને સુગંધીદાર બનાવવા માટે કાર્બન કણોનો ઉપયોગ કરવામાં આવે છે અને જ્યારે અગરબત્તીને સળગાવવામાં આવે છે, ત્યારે તેના ધુમાડામાંથી કાર્બન ડાયોકસાઈડ ધુમાડાના સ્વરૂપમાં બહાર આવે છે, જેનાથી ફેફસાને નુકસાન પહોંચે છે. જો તમે લાંબા સમય સુધી કાર્બન મોનોક્સાઈડના સંપર્કમાં રહો છો તો શ્વાસનળીમાં કેન્સર થઇ શકે છે. જો શ્વાસનળીમાં કેન્સર હોય તો શરૂઆતના લક્ષણમાં ઉધરસ આવે છે, ઉધરસમાં લોહી આવવું કે પેશાબમાંથી લોહી આવવું એ પણ કેન્સરના લક્ષણો છે. આ સ્થિતિમાં દરેક વ્યકિતએ સુગંધિત અગરબત્તીથી બચવાની જરૂર છે.


અગરબત્તીમાંથી નીકળતો ધુમાડો શરીરના કોષો પર ખરાબ અસર કરે છે અને તે સિગારેટના ધુમાડા કરતા પણ વધુ ઝેરી હોય છે. તેના ધુમાડાથી કોષના ડીએનએમાં ફેરફાર થાય છે, જે કેન્સરનું જોખમ વધારે છે. ધુમાડો હંમેશા ફેફસાં માટે હાનિકારક જ હોય છે.

### વાસ્તુશાસ્ત્રમાં પણ અગરબત્તીને અશુભ ગણાય છે

અગરબત્તી સળગાવવી અશુભ છે. વાંસમાંથી અગરબત્તી બનાવવામાં આવે છે અને વાસ્તુશાસ્ત્રમાં વાંસને શુભ માનવામાં આવે છે. એટલા માટે પૂજા સમયે અગરબત્તી ન પ્રગટાવવી જોઈએ. વાંસ બાળવાથી પિતૃદોષ થાય છે. શાસ્ત્રોમાં માત્ર અગરબત્તીઓનો જ ઉલ્લેખ છે. હિન્દુ ધર્મમાં એવું માનવામાં આવે છે કે વાંસનો ઉપયોગ જનોઈ, મુંડન જેવા શુભ કાર્યોમાં અને લગ્નના મંડપ બનાવવા માટે થાય છે. વૈજ્ઞાનિક રીતે પણ અગરબત્તીઓનો ધુમાડો શરીર માટે જોખમી છે. અગરબત્તીઓના ધુમાડાથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધે છે.

### અગરબત્તીને સળગાવવામાં આવે ત્યારે તેના ધુમાડામાંથી કાર્બન ડાયોક્સાઈડ ધુમાડાના સ્વરૂપમાં બહાર આવે જેનાથી ફેફસાને નુકસાન પહોંચાડે છે

### અસ્થમાની બીમારીને દૂર કરવા માટે કરવામાં આવે છે લોબાન



આયુર્વેદિક દવામાં લોબાનનો ઉપયોગ કરવામાં આવતો હતો. લોબાનનો ઉપયોગ સંધિવા, પાચન, અસ્થમા અને અન્ય બીમારીની સારવાર માટે કરવામાં આવતો હતો.લોબાન અમુક પ્રકારના કેન્સર સામે લડવામાં પણ મદદરૂપ છે. લોબાનથી સંધિવાની બીમારીથી રાહત થાય છે. લોબાન આંતરડાના માટે પણ ફાયદાકારક છે લોબાન કરવાથી હવામાં, જમીન પર અથવા જમીન પર અને અન્ય સપાટી પર રહેતા જંતુઓનો નાશ થાય છે.તે હવાને શુદ્ધ કરે છે અને વાતાવરણને ખુશનુમા બનાવે છે.જો તમે ઘરની અંદર થોડો લોબાન કરો છો તો તે ખુલ્લી હવામાં હોવાનો અહેસાસ આપશે.

### લોબાનનો ધૂપ સર્વશ્રેષ્ઠ

ઘરમાં અગરબત્તીઓ સિવાય ધૂપનો પણ ઉપયોગ કરી શકાય છે. તે ગાયના છાણ અને અન્ય જ્વલનશીલ પદાર્થોમાંથી બનાવવામાં આવે છે. તેથી ધૂપ કરવાથી શરીરને નુકસાન થતું નથી. ધૂપ કરવાથી ઘરનું વાતાવરણ પણ શુદ્ધ થાય છે અને સકારાત્મક ઉર્જા આવે છે.

# શરીરની તંદુરસ્તી માટે સોડિયમ અતિ જરૂરી

## તબીબની સલાહ વિના સોડિયમ બંધ કરવાથી આડઅસર થાય

**અબતક, રાજકોટ**

દરેક પ્રકારના મિનરલ્સ આપણા શરીર માટે ખૂબ જ જરુરી છે ખાવાની વસ્તુ જેવામાં મીઠું ઓછું પડે તો સ્વાદવિહીન લાગશે. આવી જ રીતે શરીર પણ મીઠા વિના રહી શકે નહીં. હા એ અલગ વાત છે કે, વધારે પડતુ મીઠું ઘણી સમસ્યા કરે છે. તેમાં સૌથી વધુ હાઈપરટેન્શન અથવા બીપીની સમસ્યા થઈ શકે છે. જેનાથી હાર્ટ ડિજીજ અને સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. તેમાં સૌથી પહેલા હાઈપરટેન્શન અથવા બીપીની સમસ્યા વધી જાય છે. જેનાથી હાર્ટ ડિજીજ અને સ્ટ્રોક વધી જાય છે, તો



### બજારમાં મીઠાના વિવિધ પ્રકારો ઉપલબ્ધ

- બજારમાં મીઠાના વિવિધ પ્રકારો ઉપલબ્ધ છે જેને આપણે ભોજન અનુસાર પસંદ કરી શકીએ છીએ.
- જેમાં સોડિયમની ઓછામાં ઓછી માત્રા હોય તે સૌથી આરોગ્યપ્રદ મીઠું છે. અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ પ્રકારનું મીઠું જોવા મળે છે.
- સૌથી વધુ રિફાઇન્ડ અથવા સાદું મીઠું વપરાય છે. તેમાં ૯૭ અને ૯૯ ટકા વચ્ચે સોડિયમ ક્લોરાઇડ હોય છે. બહુ રિફાઇન્ડ હોવાને કારણે તેમાં અશુદ્ધિઓ હોતી નથી અને અન્ય પોષક તત્ત્વો પણ બહુ ઓછા હોય છે.
- દરિયાઈ મીઠું દરિયાના પાણીનું બાષ્પીભવન કરીને પકાવવામાં આવે છે, તે શુદ્ધ નથી હોતું અને તેમાં વધુ તત્ત્વો અને ખનિજો હોય છે. વધુમાં, તે આયોડિનથી સમૃદ્ધ હોય છે જે શરીર માટે સારી બાબત છે. દરિયાઈ મીઠામાં સામાન્ય મીઠા કરતાં ૧૦ ટકા ઓછું સોડિયમ હોય છે.

તેવી જ રીતે, હિમાલયન ગુલાબી મીઠામાં પણ સોડિયમ ઓછું હોય છે, પરંતુ તેમાં મેગ્નેશિયમ અને પોટેશિયમ જેવા અન્ય ખનિજો હોય છે.

- સેલ્ટિક સોલ્ટ અથવા ગ્રે સોલ્ટમાં પણ સોડિયમ ઓછું અને અન્ય ખનિજોથી સમૃદ્ધ હોય છે. કહેવાતું લાઇટ સોલ્ટ અથવા ઓછા સોડિયમ ધરાવતા મીઠામાં સોડિયમ ૫૦ ટકા ઓછું હોય છે.

### વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તંદુરસ્ત લોકો માટે દરરોજ ૫ ગ્રામ મીઠું લેવાની ભલામણ કરવામાં આવી છે

- આહારમાં લેવામાં આવતું મીઠું ૯૦ ટકા સોડિયમ પ્રદાન કરે છે
- વધુ પડતું મીઠું ખાવાથી બ્લડપ્રેશર વધે છે
- બજારમાં મીઠાના વિવિધ પ્રકારો ઉપલબ્ધ છે જેને આપણે ભોજન અનુસાર પસંદ કરી શકીએ છીએ
- જેમાં સોડિયમની ઓછામાં ઓછી માત્રા હોય તે સૌથી આરોગ્યપ્રદ મીઠું છે
- આપણા આહારમાં સોડિયમનો મુખ્ય સ્ત્રોત મીઠું છે. આપણા શરીરનાં ઘણાં કાર્યો માટે સોડિયમની જરૂર પડે છે. સોડિયમનું મુખ્ય કામ કોશિકાઓનું યોગ્ય કાર્ય અને પ્રવાહી, ઈલેક્ટ્રોલાઈટ્સ અને બ્લડ પ્રેશરના સંતુલનનું નિયમન કરવાનું છે.

જો કોઈ વિચાર કે તે એક મહિના સુધી મીઠું નહીં ખાય તો શરીરને વધારે હેલ્દી બનાવી . જો કોઈ એક મહિના સુધી મીઠું ન ખાય તો, શરીર પર કેટલીય નકારાત્મક અસર પડશે. ઈંડિયન એકસપ્રેસે ડાયટીશિયન શ્વેતા બોસના જો એક મહિના સુધી મીઠું નહીં ખાવ તો, શરીરમાં કેટલાય ફેરફાર જોવા થશે. પહેલા શરીરમાં પાણી રહેશે નહીં. મીઠું અથવા સોડિયમ પાણીને બાંધી રાખે છે. કેમ કે આપણા શરીરનો મોટો ભાગ પાણીથી બનેલો રહે છે.

આહારમાં લેવામાં આવતું મીઠું ૯૦ ટકા સોડિયમ પ્રદાન કરે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણે, તંદુરસ્ત લોકો માટે દરરોજ પાંચ ગ્રામ (લગભગ એક ચમચી જેટલું) કરતાં ઓછું મીઠું લેવાની ભલામણ કરવામાં આવી છે. જો કે, સ્પેનિશ એજન્સી ફોર ફૂડ સેફટી એન્ડ ન્યુટ્રિશન અનુસાર, સ્પેનમાં દરરોજ સરેરાશ ૯.૮ ગ્રામ મીઠું ખાવામાં આવે છે.

વધુ પડતું મીઠું ખાવાથી બ્લડપ્રેશર વધે છે. વધુમાં, આહારમાં તેનો વધુ પડતો ઉપયોગ કાર્ડિયોવેસ્ક્યુલર રોગો, ગેસ્ટ્રિક કેન્સર અને સ્ટ્રોક જેવી સેરેબ્રોવેસ્ક્યુલર સમસ્યાઓનું જોખમ સૂચવે છે.

આહારમાં મીઠાનું સેવન ઘટાડીને બ્લડ પ્રેશરનું સ્તર સુધારીને આપણે આ રોગોનું જોખમ ઘટાડી શકીએ છીએ.

પોટેશિયમ સોલ્ટમાં સોડિયમ હોતું નથી જોકે આ પ્રકારનું મીઠું માત્ર ડોકટરની ભલામણ પર જ લેવું. તેનો ઉપયોગ ત્યારે જ કરવો જોઈએ જયારે તમને અમુક રોગો હોય કારણ કે તે શરીરમાં પોટેશિયમનું પ્રમાણ ઘણું વધારી શકે છે.

વધારે પડતું મીઠું સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેથી, મીઠાના પ્રકારને પસંદ કરવા કરતાં વધુ મહત્ત્વનું તેની માત્રાને નિયંત્રિત કરવાનું છે. અન્ય કરતાં ઓછું સોડિયમ ધરાવતું મીઠુ પસંદ કરીને આપણે વાનગીઓમાં અન્ય ચીજો ઉમેરી શકીએ છીએ.

વાસ્તવમાં, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અનુસાર, પેકેજડ અને તૈયાર ખોરાક લેવાથી આપણા આહારમાં ૭૦ ટકાથી વધુ સોડિયમ આવે છે.

આ ખાદ્યપદાર્થોમાં આપણને મોટાભાગે કમર્શિયલ સોસ અને સોયા સોસ જોવા મળે છે. જેમકે સૂપ, અગાઉથી રાંધેલા ખોરાક, મીઠું ચડાવેલું માંસ અને સોસ, મીઠું ચડાવેલી માછલી. આપણે નમકીન (ચિપ્સ, તળેલી બદામ, પોપકોર્ન વગેરે) ખાઈએ તેમાં પણ ભારે માત્રામાં મીઠું હોય છે.

જો કે ડોકટરની સલાહ વિના સોડિયમ (અથવા મીઠું) બંધ કરવાથી આડઅસર થઈ શકે છે. તેનાથી ઊંઘની બિમારી, સોડિયમની ઉણપ (ખાસ કરીને વૃદ્ધ લોકોમાં) અને કિડનીમાં પથરી થવાનું જોખમ વધી શકે છે.

# પાંચ વર્ષમાં પાંચ કરોડનું વળતર મેળવવાની લાલચમાં પરિણીતાએ રૂ. ૬ લાખ ગુમાવ્યા

## કૌટુંબિક ભાઈએ જ રોકાણ કરાવી છેતરપિંડી આચરી : ત્રણ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલની એક પરિણીતાએ પાંચ વર્ષમાં રૂ. ૫ કરોડનું વળતર મેળવવાની લાલચમાં રૂ. ૬ લાખ ગુમાવ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. સુરતની એક કંપનીમાં રોકાણ કરીને જબરદસ્ત વળતર મેળવવાનું કૌટુંબિક ભાઈએ જણાવ્યા બાદ પરિણીતાએ રોકાણ કર્યું હતું પરંતુ કોઈ વળતર પરત નહિ આપી સુરતની કંપનીના સંચાલકોએ છેતરપિંડી આચરી હતી.

ધ્રોલ પોલીસમાં હેતલબેન લવકુમાર વૈષ્ણવ નામની ૪૦ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ સુરતમાં રહેતા તેમના કૌટુંબિક મામાંના દીકરા ઉપેન્દ્ર ધીરજભાઈ નિરંજનીએ સુરતની ક્યુનેટ કંપનીમાં રોકાણ કરી સારૂ વળતર મળશે તેવું જણાવ્યું હતું. જે બાદ ઉપેન્દ્ર નિરંજની હસ્તક પરિણીતા ગત તા. ૮ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ક્યુનેટ કંપનીમાં જોડાઈ હતી. ઉપેન્દ્ર નિરંજનીએ સુરતના રહેવાસી રાકેશકુમાર ચુનીલાલ પટેલ અને નિશાંત પ્રજાપતિ સાથે પરિચય કરાવ્યો હતો. રાકેશ પટેલ અને નિશાંત પ્રજાપતિએ ઝૂમ મિટિંગ મારફત પરિણીતાને જણાવ્યું હતું કે, રૂ. ૬ લાખના રોકાણ સામે પાંચ વર્ષ બાદ રૂ. ૫ કરોડનું વળતર મળશે અને દર મહિને રૂ. ૯,૨૫,૦૦૦ની રકમ આજીવન મળશે. બંને શખ્સોએ આપેલી લાલચમાં આવી પરિણીતાએ કટકે કટકે કુલ રૂ. ૬ લાખનું રોકાણ કર્યું હતું.

જે બાદ ક્યુનેટ કંપનીના સંચાલકોએ વધુ રોકાણ કરાવવા એક સોનાની કાનની બુટી અને એક સોનાનો પેન્ડલ પણ મોકલ્યો હતો પરંતુ મહિલાએ વધુ મૂડી નહિ હોવાનું જણાવ્યું હતું.

જે બાદ પરિણીતાએ વળતર કેવી રીતે મળશે તેવું પૂછતાં ઉપેન્દ્ર નિરંજની અને રાકેશ પટેલે ગોળ ગોળ જવાબ આપ્યા હતા.

અંતે ઉપેન્દ્ર નિરંજનીએ જણાવ્યું હતું કે, તમે જે રીતે રોકાણ કર્યું તેમ દર મહિને નવા નવા રોકાણકારો પાસે રોકાણ કરાવો તો તમને તમારી રકમ વળતર સાથે પરત મળશે. ત્યારે પરિણીતાએ કોઈને રોકાણ કરાવવું નથી અને વળતર પણ જોઈતું નથી તેવું કહેતા ઉપેન્દ્ર નિરંજનીએ મૂડી પરત આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. જે બાદ પરિણીતાએ ક્યુનેટ કંપનીના બંને સંચાલકો અને કૌટુંબિક ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આઈપીસીની કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નાગેશ્વર સોસાયટીમાં પરિણીતાએ દવા પીધી

## દંપતી વચ્ચે થયેલી માથાકૂટ વિશે પતિએ સાસરિયાને જાણ કરી દેતા માઠું લાગી આવતા પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ નજીક સામે એપાર્ટમેન્ટમાં રહેતા પરણીતાએ માઠું લાગી આવતા દવા પીધી. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના જામનગર રોડ નાગેશ્વર સોસાયટી સામે એપાર્ટમેન્ટમાં રહેતા ઉર્વશીબેન નયનભાઈ રાજપરા નામના ૪૨ વર્ષીય પરણીતાએ બીમારીની વધુ પડતી ગોળીઓ પી જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પોલીસની પ્રાથમિક તપાસમાં દંપતી વચ્ચેની માથાકૂટ પતિએ પત્નીના પિયરના સભ્યોને કહેતા માથું લાગી આવતા પરણીતાએ દવા પીધી. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. બનાવા અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી. હિરેનભાઈ દંપતિને સંતાનમાં એક પુત્ર છે.

# લોધીકાના પારડીમાં છરા સાથે યુવકે ઘરમાં ઘુસી મહિલાને આપી ધમકી

## પાંચ દિવસ પૂર્વે થયેલા ઝઘડાનો ખાર રાખી પાડોશી શખસે આચાર્ય કૃત્ય

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના પારડીમાં શીતળા માતાના મંદિર પાસે રહેતી પરિણીતાના ઘરે રાત્રિના પારડી ગામમાં જ રહેતો શખસ છરા સાથે ઘસી ગયો હતો.આ શખસે ધમકી આપી હતી કે, તમે અને તમારૂ પોલીસ ખાતું મારૂ શું કરી લેશો આ મામલે મહિલાની ફરિયાદ કરતી પોલીસે આરોપી સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, પારડીમાં શીતળા માતાના મંદિર પાછળ રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતા સમીનાબેન ઈરફાનભાઇ વિસળ(ઉ.વ ૨૭) નામના મહિલાએ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અને પારડીમાં રહેતા લલિત પરમારનું નામ આપ્યું છે.મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રિના તે તેના સાસુ સસરા અને નણંદ અહીં ઘરે હાજર હતા ત્યારે લલિત અલ્ટો કાર લઈને અહીં આવ્યો હતો મોટા છરા સાથે તે અહીં ઘર પાસે આવી જોર જોરથી ગાળો બોલવા લાગ્યો હતો અને કહેતો હતો કે તમે અને તમારું પોલીસ ખાતું મારું શું કરી લેશો? મારી પાસે પૈસા છે હું ગમે તે પોલીસવાળાના મોઢા બંધ કરી દઈશ મારું કોઈ કાંઈ નહીં કરી શકે. દરમિયાન પરિણીતાએ પતિને ફોન કરી દેતા લલિત અહીંથી કાર લઈને જતો રહ્યો હતો તે પૂર્વે તેને ધમકી આપી હતી કે આજે તો જવા દઉં છું હવે પછી બધાને જાનથી મારી નાખીશ.પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગત તારીખ ૧૩/૫ ના રોજ લલિત સાથે બોલાચાલી થઈ હોય અને આ મામલો પોલીસ સુધી પણ પહોંચ્યો હોય તે બાબતનો ખાર રાખી તે અહીં છરી સાથે ધસી આવ્યો હતો અને ધમકી આપી હતી. આ અંગે મહિલાની ફરિયાદ પરથી પોલીસે આરોપી સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# જૂનાગઢની જ્વેલર્સ પેઢી સાથે મેનેજરની ૯૧ લાખના ૧૨૮૨ ગ્રામ સોનાની છેતરપિંડી

## કારીગરોના નામે ખોટી એન્ટ્રી કરી વિશ્વાસઘાત કર્યો : પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

જૂનાગઢમાં એક જ્વેલર્સ પેઢી સાથે તેના જ કર્મચારીએ મસમોટી છેતરપિંડી આચર્યાની ઘટના સામે આવી છે. જવેલર્સ પેઢી સાથે મેનેજરે ૯૧ લાખ રૂપિયાના ૧૨૮૨ ગ્રામ સોનાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થતા ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે તપાસનો દોર શરૂ કર્યો છે.

આ અંગેની વિગતો એવી છે કે, જુનાગઢ શહેરમાં છાયાબજાર પાસે હેઠાણ ફળિયાના નાકે આવેલ સુનિલભાઈ ધીરજભાઈ રાજપરાની જવેલર્સ પેઢીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા મયુરભાઈ નાનજીભાઈ વાઘેલાને પેઢીમાંથી સોનાનો કાચો માલ આપવામાં આવતો હતો. અને આ કાચો માલ મેનેજર મયુર વાઘેલા તેની નીચે કામ કરતા કારીગરોને સોનાના દાગીના બનાવવા માટે આપતા હતા. આ સોનાનો કાચો માલ વજન મુજબ કારીગરો પાસેથી સોનાના દાગીના ઓળખતો જમા કરાવવાની જવાબદારી મયુર વાઘેલાની હતી.પરંતુ મેનેજર મયુર વાઘેલાએ ૧૦ ફેબ્રુઆરીથી ૧૬ મે દરમિયાન પેઢી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી પેઢીએ આપેલ કાચુ સોનુ પેઢીના એસએજી પ્લસ સોફટવેરમાં કારીગરોના નામે ખોટી એન્ટ્રી કરી અને પેઢીના સ્ટોકમેળમાં સાચી એન્ટ્રીઓ તેમજ સ્ટોક બતાવી પેઢીનું કુલ રૂપિયા ૯૧ લાખની કિંમતના ૧૨૮૨.૦૭ ગ્રામ સોનું ઓળવી જઈ જવેલર્સ પેઢી સાથે છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ સુનિલ રાજપરાએ નોંધાવતા એ ડિવિઝન પોલીસે મયુર વાઘેલા સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી વધુ તપાસ પીઆઈ વી. જે. સાવજ ચલાવી રહ્યા છે.

# ઉપલેટાના ખીરસરા ગામે કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચરતા સગીરાએ એસિડ પીધું

## ઘટનાની જાણ પિતાને થતાં પીડીત પુત્રીને ઠપકો આપતા પગલું ભર્યુઃ ભાયાવદર પોલીસે હવસખોરની શોધખોળ હાથ ધરી

**અબતક, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ખીરસરા (ધેટીયા) ગામ ની ૧૬ વર્ષીય સગીરા સાથે જબરજસ્તી દુષ્કર્મ આચર્યાની જાણ પીડીતાના પિતાને જાણ થતાં ભોગ બનનારે એસિડ ગટગટાવી લેતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવી છે. ભાયાવદરે પોલીસે ભોગ બનનારના કૌટુંબિક કાકા સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

પોલીસની પ્રાપ્ત વિગત મુજબ ઉપલેટા નજીક આવેલા ખીરસરા (ધેટીયા) ગામની ૧૬ વર્ષીય ની સગીરા સાથે કૌટુંબીક કાકાએ દુષ્કર્મ આચાર્યાની પીડીતાની માતાએ ભાયાવદર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમીક તપાસ પીડીતાને કૌટુંબીક કાકાએ મોબાઈલ ફોન કરી બોલાવી ઘરની પાછળના વાડામાં લઈ જઈ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો જે અંગેની જાણ પીડીતાના પિતાને થતા પુત્રીને ઠપકો આપી સમાજમાં આબરુ જશે તેવું કહેતા સગીરાએ પોતાના ઘરે એસિડ પી લીધુ હતું.

પિડીતાને પ્રથમ ભાયાવદર બાદ ઉપલેટા અને જુનાગઢ ખાતે પ્રાથમિક તપાસ આપી વધુ સારવાર માટે રાજકોટની સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પોલીસે પિડીતાની માતાની ફરીયાદ પરથી તેના કૌટુંબિક દિયર સામે પ્રોકસો દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ભાયાવદર પોલીસે ગુનો નોંધી પી.એસ.આઈ. આર.વી. ભીમાણી સહીતના સ્ટાફે ધરપકડ કરવા દોડધામ આદરી છે.

# જૂનાગઢના આંગણે મુક્તાનંદબાપુની 30મી મેએ પુસ્તક તુલા

## ‘વાંચન વલોણું’ પરિવારના ઉમદાકાર્યથી ‘બાપુ’ને રાજીપો

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



જૂનાગઢ 'વાંચન વલોણું' પરિવાર અને પ્રેમાનંદ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે 30, મે ને ગુરુવારે સંત મુક્તાનંદજી બાપુના પ્રાગટ્ય દિન નિમિત્તે અનોખું આયોજન કરવામાં આવ્યું છે.

આજના મોબાઈલ યુગમાં યુવા પેઢીને પુસ્તકો અને વાંચન પ્રત્યે અભિરુચિ કેળવાય એ હેતુએ પૂજ્ય મુક્તાનંદ બાપુની પુસ્તકો દ્વારા તુલા કરવામાં આવશે. એ માટે પુસ્તકનિધિમાં એક પુસ્તક થી માંડીને અનેક પુસ્તકો ડોનેટ કરી યોગદાન આપવા વાંચન પ્રેમી અને પુસ્તક પ્રેમીઓને અપીલ કરવામાં આવી છે. સ્વાભાવિક જ છે કે પુસ્તક તુલાના કાર્યને તો કોઈ એક વ્યક્તિ કે સંસ્થા બુક ડોનેટ કરીને પાર પાડી શકે, પરંતુ આ સંસ્થાનો મુખ્ય હેતુ એ છે કે મહત્તમ પુસ્તકો પ્રાપ્ત થાય અને પછી એ પુસ્તકો ઓપન લાઈબ્રેરી સ્વરૂપે કાર્યરત રહે. ઉપરાંત આ પુસ્તકો સ્કૂલના બાળકોને ઉપયોગી થાય એવું આગોતરું આયોજન પણ કરવામાં આવ્યું છે. બાપુને આ સંસ્થાના સક્રિય કાર્યકરો જ્યારે ચાંપરડા મળવા ગયા ત્યારે બાપુએ રાજીપો વ્યક્ત કરતા કહ્યું કે, આ તમારો વિચાર ખૂબ ઉમદા છે. આ પ્રકારનું સાત્વિક કાર્ય કરી રહ્યા છો ત્યારે તમને પ્રકૃતિના અસ્તિત્વ પાસેથી દિવ્ય આશીર્વાદ પણ પ્રાપ્ત થવાના છે. ગુજરાત પરના સર્જકો અને સમાજ શ્રેષ્ઠીઓનો ભરપૂર સહયોગ મળી રહ્યો છે, ત્યારે અમો આપને વિનંતી કરીએ છીએ કે આપના તરફથી પુસ્તકોનું દાન મળે અને બીજાઓને પણ પ્રેરિત કરો. કોઈ વ્યક્તિ કે સંસ્થા પુસ્તક સ્વરૂપે દાન ન આપી શકે તો રોકડ રકમ પણ આપી શકક છે અને એ રકમના પુસ્તકો ખરીદીને આ પ્રકલ્પમાં મૂકવામાં આવશે.

પુસ્તકો પ્રેમાનંદ વિદ્યા મંદિર , બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢના સરનામા પર પહોંચતા કરી શકો છો. વિશેષ માહિતી માટે એલ.વી.જોશી ૯૪૨૨૫૮૮૨, માતંગભાઈ પુરોહિત ૯૯૦૯૧૭૦૯૦૭, ભરતભાઈ મેસિયા ૯૪૨૭૪ ૨૩૫૨૫ ધીરુભાઈ પુરોહિત ૯૭૨૬૮ ૭૦૦૯૨ નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બાબરાના બાઈકે હડફેટે લેતા સિક્યુરિટી ગાર્ડનું મોત

## પોરબંદર : કાર અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં વૃદ્ધાનું મુત્યુ

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના બાબરામાં જીઆઈડીસી ૨ નજીક રહેતા આધેડને ચાલીને કામ પર જતી વેળાએ બાઈકચાલકે હડફેટે લેતા મોત નીપજ્યું છે.જયારે પોરબંદર કુતિયાણા બાયપાસ નજીક અજાણી કારે રિક્ષાને હડફેટે લેતા રીક્ષા પલટી મારી જતાં વૃદ્ધાનું સારવારમાં મોત નિપજ્યું છે.

અમરેલી જિલ્લાના બાબરામાં ચામુંડાનગર સોસાયટીમાં રહેતા જવેદભાઈ મુસભાઈ મેતર નામના ૪૮ વર્ષીય આધેડનું ગત રાત્રે સવા આઠ વાગ્યાના અરસામાં બાબરા જીઆઈડીસી ગેઈટ નં.૨ નજીક ચાલીને જતા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે હડફેટે લેતા આધેડનું સારવારમાં આજરોજ સવારે મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જવેદભાઈ રાત્રીના કામ પર જતા હતા.આધેડ બાબરા જીઆઈડીસીમાં સિક્યુરિટી ગાર્ડની નોકરી કરે છે.આધેડને ગઈ કાલે રાતની શિફ્ટ હોવાથી તેઓ ચાલીને કામ પર જતા હતા ત્યારે અજાણ્યા બાઈકચાલકે હડફેટે લેતા ત્યાં લોકોના ટોળે ટોળાં ઉમટી પડ્યા હતા.આધેડને સારવાર માટે બાબરા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં જ્યાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે. મૃતકને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. મૃતક બે બહેનોના એકના એક ભાઈ હતા. અકસ્માત સર્જી નાસી જનારની પોલીસે શોધખોળ હાથધરી છે.

જ્યારે અકસ્માતના અન્ય બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર, પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકામાં રહેતા નાથીબેન ગોગનભાઈ સુનરેજા નામના ૭૭ વર્ષીય વૃદ્ધાનું ગત તા.૯/૫ના સાંજનાં ચારેક વાગ્યાના અરસામાં રિક્ષામાં બેસીને જતા હતા,ત્યારે કુતિયાણા બાયપાસ નજીક અજાણી કારે હડફેટે લેતા વૃદ્ધાનું ગત રોજ બપોરના બાર વાગ્યે ચાલુ સારવારમાં મોત નીપજ્યું છે.પોલીસે તપાસ હાથધરી અકસ્માત સર્જી નાશી જનારની શોધખોળ હાથધરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૬૯ | ૩૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૨૮૩ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| સાકરટેટી | ૨૭૫ | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૪૫૪ | ૨૨૦ | ૪૨૦ |
| બટેટા | ૨૬૪૦ | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૨૮૦૦ | ૧૨૫ | ૩૪૦ |
| ટમેટા | ૪૧૫ | ૧૫૦ | ૨૫૦ |
| સુરણ | ૮૪ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૨૭૩ | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૧૦ | ૩૪૦ | ૬૩૦ |
| રીંગણા | ૪૫૩ | ૧૮૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૨૫ | ૮૦ | ૨૦૦ |
| ફલાવર | ૩૪૦ | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૬૪ | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૩૯૫ | ૨૦૦ | ૪૦૦ |
| ચોળાસીંગ | ૬૮ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૬૨ | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૪૨૭ | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૧૫૩ | ૨૫૦ | ૫૩૦ |
| સરગવો | ૨૬૪ | ૩૦૦ | ૪૫૦ |
| તુરીયા | ૨૭૫ | ૨૦૦ | ૪૦૦ |
| પરવર | ૭૫ | ૫૦૦ | ૭૫૦ |
| કાકડી | ૨૩૫ | ૧૮૦ | ૩૩૦ |
| ગાજર | ૨૫૬ | ૧૫૦ | ૨૫૦ |
| વટાણા | ૬૩ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૯૦ | ૧૪૦ | ૨૬૦ |
| બીટ | ૪૩ | ૧૫૦ | ૨૬૦ |
| મેથી | ૪૩ | ૪૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૩૫૦ | ૬૩૦ |
| આદુ | ૨૧૪ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૨૬૦ | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૧૫૦ | ૩૨૦ |
| ગુંદા | ૫૦ | ૩૩૦ | ૬૩૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૩૫૮ | ૧૫૧૭ |
| ઘઉં લોકવન | ૭૫૦ | ૪૯૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૩૧૦૦ | ૪૯૦ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૪૦૦ | ૭૩૦ | ૮૩૫ |
| જુવાર લાલ | ૩૦ | ૮૦૦ | ૯૨૧ |
| જુવાર પીળી | ૨૦ | ૩૬૦ | ૪૫૦ |
| બાજરી | ૪૫ | ૩૯૫ | ૫૧૧ |
| તુવેર | ૨૨૫ | ૧૮૮૧ | ૨૩૪૬ |
| ચણા પીળા | ૩૨૦૦ | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૪૧૫ | ૨૨૧૫ |
| અડદ | ૧૨૫ | ૧૭૫૦ | ૨૦૧૮ |
| મગ | ૧૭૦૦ | ૧૭૮૦ | ૨૧૧૦ |
| વાલ દેશી | ૧૦૦ | ૧૫૦૦ | ૨૦૮૦ |
| વાલ પાપડી | ૭૦ | ૧૧૫૦ | ૧૮૬૦ |
| ચોળી | ૩૩૦ | ૨૯૭૦ | ૩૫૧૧ |
| વટાણા | ૫૦ | ૧૧૮૧ | ૧૭૩૦ |
| સીંગદાણા | ૩૫ | ૧૫૫૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૧૨૧ | ૧૨૯૦ |
| મગફળી જીણી | ૧૮૦૦ | ૧૧૦૦ | ૧૨૬૦ |
| તલી | ૧૨૦૦ | ૨૫૫૦ | ૨૯૫૦ |
| સુરજમુખી | ૧૦ | ૬૨૦ | ૧૦૦૮ |
| એરંડા | ૩૨૫ | ૯૭૦ | ૧૦૯૬ |
| અજમો | ૭૦ | ૧૨૫૦ | ૩૦૪૭ |
| સુવા | ૬૦ | ૧૧૯૫ | ૧૮૪૦ |
| સોયાબીન | ૩૨૫ | ૮૫૫ | ૯૦૭ |
| સીંગફાડા | ૪૦૦ | ૧૨૫૦ | ૧૫૭૦ |
| કાળા તલ | ૧૩૦ | ૨૮૬૦ | ૩૧૯૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૬૦૦ | ૩૧૦૦ |
| ધાણા | ૪૫૦ | ૧૨૬૧ | ૧૬૧૫ |
| મરચા સુકા | ૧૦૦ | ૧૧૫૦ | ૩૩૦૦ |
| ધાણી | ૩૦૦ | ૧૩૬૧ | ૧૮૫૧ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૧૨૯૦ | ૪૬૦૦ | ૫૮૦૦ |
| રાય | ૨૪૫ | ૧૦૦૦ | ૧૪૨૩ |
| મેથી | ૧૩૦૦ | ૧૧૦૦ | ૧૪૨૧ |
| ઈસબગુલ | ૬૦ | ૨૦૬૦ | ૨૫૦૧ |
| અશેરીયો | ૨૨ | ૧૮૨૫ | ૨૦૨૫ |
| કલોંજી | ૩૦ | ૩૭૦૧ | ૩૯૭૦ |
| રાયડો | ૩૬૦ | ૯૦૦ | ૧૦૪૮ |
| રજકાનું બી | ૫૦ | ૩૬૦૦ | ૪૭૬૦ |
| ગુવારનું બી | ૨૫૦ | ૯૮૦ | ૧૦૪૦ |

# પડધરીઃ દારૂ ભરેલી રીક્ષા સાથે ધ્રોલનો શખ્સ ઝડપાયો

## દારૂનો જથ્થો અને રીક્ષા મળી ૧,૦૪,૩૭૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો

**અબતક, રાજકોટ**

પડધરી નજીક વણપરી ટોલનાકા પાસે શંકાસ્પદ રિક્ષાને અટકાવી તપાસ કરતા તેમાંથી રૂપિયા ૪૩૭૦ નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે ધ્રોલમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. દારૂનો જથ્થો અને રીક્ષા સહિત ૧,૦૪,૩૭૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

વધુ વિગત મુજબ,પડધરી પોલીસ મથકના એએસઆઈ કે.કે.ગઢવી, પુનિતભાઈ અગ્રાવત કોન્સ્ટેબલ દશરથસિંહ, સુમિતભાઈ, જયેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ હાઈવે રોડ પર પેટ્રોલિંગમાં હતો દરમિયાન જામનગર રોડ પરના વણપરી ટોલનાકા પાસેથી જીજે ૧૦ ટીઝેડ ૦૬૫૧ નંબરની સીએનજી રીક્ષા શંકાસ્પદ હાલતમાં પસાર થતાં પોલીસે આ રીક્ષાને અટકાવી હતી.

પોલીસે રિક્ષાની તપાસ કરતા તેમાંથી ૩૮ દારૂના ચપલા મળી આવ્યા હતા. જેથી પોલીસે રિક્ષા ચાલક નરેન્દ્ર ઉર્ફે નરેશ નાગજીભાઈ મકવાણા(ઉ.વ ૫૦ રહે. ધ્રોલ)ની અટકાયત કરી રૂપિયા ૪,૩૭૦ નો દારૂ અને રૂપિયા એક લાખની કિંમતની રીક્ષા કબજે કરી રિક્ષાચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રીબડા : પતિએ સીમકાર્ડ માંગતા પત્નીએ એસિડ પીધું

## દંપતી વચ્ચે ચડભડ થતાં પરિણીતાએ પગલું ભર્યું

**અબતક,રાજકોટ**

ગોંડલના રીબડા ગામે રેલવે સ્ટેશન નજીક રહેતી પરણીતાએ ખીરસરા પતિના વેણનું માઠું લાગી આવતા એસિડ પીધું. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા.

ગોંડલ તાલુકાના રીબડા ગામે રેલવે સ્ટેશન નજીક રહેતા મધુબેન દિલીપભાઈ દયાધર નામના ૩૬ વર્ષીય પરણીતાએ પી લેતા તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં દંપતી વચ્ચે રકઝક થતાં પત્નીને પત્નીના વેણનું માઠું લાગી આવતા પગલું ભર્યું.પતિ દિલીપભાઈએ ફોનનું રિચાર્જ ખુટી જતા પત્નીનું સીમ કાર્ડ પોતાના ફોનમાં લઈ લેતા બંને વચ્ચે રકઝક થતાં પતિના વેણ લાગી આવતા પત્નીએ એસિડ પીધું હતું. દંપતિના લગ્ન ૧૮ વર્ષ પૂર્વે થયા હતા અને તેમને એક પુત્ર છે.

# અંગ દઝાડતી ગરમીઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં ત્રણ દિવસ હિટવેવની આગાહી



## રાજ્યના ૧૨ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીને પારઃ સુરેન્દ્રનગર ૪૪.૭ ડિગ્રી સાથે સૌથી હોટ સિટીઃ અમદાવાદનું ૪૪.૨ અને રાજકોટનું ૪૩.૭ ડિગ્રી તાપમાન

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પાંચ દિવસ વરસાદી માહોલ રહ્યો. આ વરસાદની માહોલમાં ગરમીનો પારો નીચે ગયો હતો અને લોકોને ગરમીથી રાહત મળી હતી. પરંતુ હવે ફરીથી અંગ દઝાડતી ગરમીની આગાહી આવી ગઈ છે. ગુજરાતમાં અંગ દઝાડતી ગરમીની હવામાનની આગાહી આવી છે. રાજ્યના કેટલાક વિસ્તારમાં ઓરેન્જ અને યલો અલર્ટ જાહેર કરાયુ છે. આજથી ૩ દિવસ અમદાવાદમાં ઓરેન્જ અલર્ટની આગાહી છે. આજથી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૪૩-૪૪ ડિગ્રી રહેશે. તો આજથી ૩ દિવસ સુરત અને વલસાડમાં હીટવેવની આગાહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં હીટવેવની હવામાનની આગાહી છે. મે મહિનાની શરૂઆત સાથે જ કાળઝાળ ગરમી પડવાની શરૂ થઈ હતી. છેલ્લા બે દિવસથી તો અમદાવાદ સહિત રાજ્યના ઘણા વિસ્તારમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીથી નીચે ગયો જ નથી, જેના કારણે તીવ્ર ગરમી પડી રહી છે. આજે અમદાવાદનું તાપમાન વધી સિઝનમાં પહેલીવાર ૪૪.૩ ડિગ્રી પર પહોંચી જતા બપોરના સમયે આકાશમાંથી અગન વર્ષા થઈ રહી હોય તેમ જણાતું હતું. જ્યારે ગ્રીન સિટી ગણાતુ ગાંધીનગરનું તાપમાન પણ ૪૪ ડિગ્રીએ પહોંચી ગયું હતું. ઉપરાંત ૪૪.૭ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી હોટ શહેર બન્યું હતું. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન વર્તમાન ગરમીનું મોજુ યથાવત રહેશે અને રાજ્યના કેટલાક ભાગોમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ઉપરાંત સોરાષ્ટ્રમાં યલો એલર્ટ અને અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ૭થી ૧૪ જૂન વચ્ચે ગુજરાતમાં ચોમાસુ બેસવાની વકી છે. નોંધનીય છે કે,અમદાવાદમાં ૨૦ મે ૨૦૧૬ના રોજ રેકોર્ડ બ્રેક ૪૮ ડિગ્રી ગરમી પડી હતી.અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ફૂંકાઈ રહેલા ગરમ અને સૂકા પવનની અસરથી તાપમાન સતત વધી રહ્યું છે. શુક્રવારે પણ આકાશમાંથી વરસી રહેલા

(અનુ. આઠમા પાને)

| | |
|---|---|
| અમદાવાદ | ૪૪.૨ |
| ડીસા | ૪૪.૪ |
| ગાંધીનગર | ૪૪.૦ |
| વડોદરા | ૪૨.૨ |
| ભુજ | ૪૩.૮ |
| કંડલા | ૪૧.૬ |
| અમરેલી | ૪૩.૨ |
| રાજકોટ | ૪૩.૭ |
| સુરેન્દ્રનગર | ૪૪.૭ |
| કેશોદ | ૪૧.૫ |
| મહુવા | ૪૧.૦ |

# સૌરાષ્ટ્રમાં સતત પાંચમા દિવસે કમોસમી વરસાદ

## અમરેલી ઉપરાંત બગસરા, કુંકાવાવ, વડિયા, ધારી અને લીલીયા, ભાડલા સહિતના અનેક વિસ્તારોમાં માવઠા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં સતત શુક્રવારે સતત પાંચમા દિવસે કમોસમી વરસાદ વરસ્યો હતો. શુક્રવારે માત્ર અમરેલી જીલ્લાના અલગ અલગ ચાર તાલુકામાં વરસાદ વરસ્યો હતો. કાળઝાળ ગરમી વચ્ચે કમોસમી વરસાદ વરસી રહ્યો છે.

રાજયમાં ગત સોમવારથી છુટા છવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે કેરી, બાજરો, મકાઈ, જુવાર, તલ, ધાણા, સહિત પાકને પારાવાર નુકશાની થવા પામી છે. ગઈકાલે સાંજે પણ ભાડલા, ભંડારીયા, રાજસમઢીયાળા, વડિયા, કુંકાવાવ, અમરેલી, ધારી સહીતના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. એક તરફ આકાશમાંથી અગ્ની વર્ષા થઈ રહી છે. બીજી તરફ સૌરાષ્ટ્રમાં છેલ્લા પાંચ દિવસથી સતત કમોસમી વરસાદ વરસી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં સતત પાંચમા દિવસે પણ વરસાદ ખાબકતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે બાબરા પંથકમાં પડેલા કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે લોકોને ભારે નુકશાન થયું હતું તો ખાંભા પંથકમાં પણ કમોસમી વરસાદ અને ભારે પવનના હિસાબે આંબાઓ પડી ગયા હતા તેમજ કાચી કેરીઓ પણ ખરી જવાથી ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો પાંચમાં દિવસે વરસી રહેલા વરસાદે હવે ખેડૂતોની ચિંતામાં અને નુકશાનના વધારો કર્યો છે આજે ભારે બફારા અને ઉકળાટ વચ્ચે બપોરબાદ અમરેલી જિલ્લાનું વાતાવરણ પલટાયું હતું અને અમરેલી જિલ્લાના લાઠીના મતિરાળા, કૃષ્ણગઢ, કેરાળા વગેરે ગામોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો ધારીના મોરજર, માણાવાવ વગેરે ગીર ગામોમાં કડાકા ભડાકા સાથે વરસાદે પોતાની બેટિંગ કરી હતી તો લીલીયાના ભેસાણ, ઈંગોરાળા, સાજણટીબા ગામમાં પણ વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અમરેલી શહેર

(અનુ. આઠમા પાને)

### ભારે પવનમાં લાલપુરના સણોસરામાં ભાગવદ સપ્તાહના મંડપ ઉડયો

જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં ગઈકાલે અચાનક ભારે પવન સાથે સાંજના સમયે વરસાદ પડ્યો હતો. જેમાં સણોસરા ગામમાં શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું હતું, જેના ગઈકાલે અંતિમ દિવસે મંડપ વગેરે ઉખડી જતાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

લાલપુરના સણોસરા ગામમાં યોજાયેલી ભાગવત સપ્તાહમાં ગઈકાલે સાંજે અંતિમ દિવસે

(અનુ. આઠમા પાને)



તસવીરઃ સાગર સંઘાણી–જમમનગર

# હાઈકોર્ટે સ્ટે ઉઠાવી લેતા રાજકોટ જિલ્લાના લેન્ડ ગ્રેબીંગના ૫૦ કેસોમાં તપાસના આદેશ

## લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠકમાં ૨ કેસમાં એફઆઈઆર, ૨ પેન્ડીંગ, ૩૧ કેસમાં સમાધાન અને ૬૫ કેસ ડ્રોપ કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લાની લેન્ડ ગ્રેબીંગની ૫૦ ફરીયાદોમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલો સ્ટે હટાવી લેવામાં આવતા આ તમામ કેસમાં તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

જીલ્લા વહીવટી તંત્ર છેલ્લા દોઢેક માસથી લોકસભાની ચુંટણીની કામગીરીમાં જોતરાયુ હોવાના કારણે લેન્ડ ગ્રેબીંગ કમીટીની બેઠક મળી શકી ન હતી. દરમિયાન ગઈકાલે જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને લેન્ડી ગ્રેબીંગ કમીટીની બેઠક મળી હતી. જેમાં અલગ અલગ ૧૦૦ કેસો હાથ પર લેવામાં આવ્યા હતા. જેમાં લાંબી ચર્ચાના અંતે ૨ કેસમાં એફઆઈઆર દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જયારે બે કેસ પેન્ડીંગ રાખવામાં આવ્યા છે. ૩૧ કેસમા બન્ને પક્ષોની આપસી સહમતીથી સમાધાન કરવામાં આવ્યું હતું. જયારે અન્ય ૬૫ કેસ ડ્રોપ કરવામાં આવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટમાં રાજકોટ જીલ્લાના લેન્ડ ગ્રેબીંગના ૫૦ કેસ ચાલતા હતા. જેમાં અગાઉ હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો હતો. જેના કારણે લેન્ડ ગ્રેબીંગ કમીટીની બેઠકમાં આ કેસ કોઈ કંઈ જ પ્રકારના નિર્ણય લેવામાં આવતા ન હતા. દરમિયાન આ ૫૦ કેસમાં હાઈકોર્ટ દ્વારા સ્ટે દુર કરવામાં આવ્યો છે. આવા કેસમાં તપાસની કાર્યવાહી આગળ ધપાવવા માટે તમામ તપાસ અધિકારીઓને આદેશ આપવામાં આવ્યો છે. હવે તમામ કેસની તપાસ મેજીસ્ટ્રેટ સ્તરે કરવામાં આવશે.

(અનુ. આઠમા પાને)

# ધો. ૧૦-૧૨ના એલસીમાં શાળા છોડ્યા તરીકે પરિણામની તારીખ દર્શાવાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ના શાળા છોડ્યાના પ્રમાણપત્ર એટલે કે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં પરિણામની તારીખ શાળા છોડ્યાના તારીખ તરીકે દર્શાવવા સૂચના આપવામાં આવી છે. આમ ધોરણ ૧૦ના એલસી છોડ્યાની તારીખ તરીકે ૧૧ મે અને ધો.૧૨ શાળા છોડ્યા તારીખ તરીકે ૯ મે દર્શાવવામાં આવશે.સ્કૂલોને તારીખને લઈને થયેલી મુંઝવણને પગલે શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર કરીને રાજ્યના તમામ ડીઈઓને સૂચના આપવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પરિપત્ર કરીને જણાવવામા આવ્યું છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરાયા બાદ ધોરણ ૧૦, ધોરણ ૧૨ ના વિધાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિમયો અનુસાર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. આ પ્રમાણપત્રમાં શાળા છોડ્યાની તારીખ તરીકે પરિણામ જાહેર કર્યાની તારીખ દર્શાવવમાં આવશે. સ્કૂલોમાં એલસીમાં શાળા છોડ્યાની તારીખને

(અનુ. આઠમા પાને)

# વ્યાપક લોક વિરોધના પગલે સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પર બ્રેક

## એમજીવીસીએલ દ્વારા વડોદરામાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી બંધ કરાયઃ સોસાયટી કે ઓફિસો દ્વારા સામેથી અરજી કરાશે તોજ સ્માર્ટ મીટર લગાવાશે

### સ્માર્ટ મીટર દ્વારા વધુ નાણા કપાયા હોવાની ફરિયાદ કરનારને ત્યાં ચેક મીટર લગાવવાનો નિર્ણય

**અબતક,રાજકોટ**

કેન્દ્ર સરકારના મહત્વકાંક્ષી એવા સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરી સામે સુરત અને વડોદરામાં ભારે લોકરો ફાટી નીકળ્યો છે જેનાં કારણે એમજીવીસીએલ દ્વારા હાલ હંગામી ધોરણે સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પર બ્રેક લગાવી દેવામાં આવી છે. વધુ નાણા કપાતા હોવાની ફરિયાદ ઉઠી છે. તેવા વીજ ઉપભોકતાઓને ત્યાં ચેક મીટર લગાવવામાં આવશે.

ગુજરતામાં હાલ એમજીવીસીએલ દ્વારા વડોદરામાં અને ડીજીવીસીએલ દ્વારા સુરતમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત વડોદરા શહેરમાં ૨૫ હજાર અને સુરતમાં ૧૧૯૫૨ સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવ્યા છે. સ્માર્ટ

(અનુ. આઠમા પાને)



### પીજીવીસીએલ દ્વારા ૫૫.૮૩ લાખ સ્માર્ટ મીટર લગાવાશે

કેન્દ્ર સરકારનાં મહત્વકાંક્ષી પ્રોજેકટ અંતર્ગત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા સૌરાષ્ટ્રમાં ૫૫.૮૩ લાખ વીજ ઉપભોકતાઓને ત્યાં સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવનાર છે. હાલ પ્રથમ તબકકે માત્ર સુરત અને વડોદરામાં સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેની સામે વ્યાપક લોક રોષ ફાટી નીકળ્યો છે.

કેન્દ્ર સરકારના રિવેમ્પ્યુ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ અનુસાર ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ૧.૬૪ કરોડ સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવશે. હાલ સ્માર્ટ વીજ મીટર સામે જે રીતે લોક વિરોધ જોવા મળી રહ્યો છે. પ્રોજેકટ પડતો મૂકવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.


भारतीय शिक्षक प्रशिक्षण संस्थान, गुजरात
Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)
Near Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar (Gujarat)-382016.

ADMISSION 2024
Teacher Education Programmes at IITE Campus only

| Programme | Course | Subject offered as principal subject | Duration |
|---|---|---|---|
| Under Graduate (After 12th) | B.Sc. - B.Ed. (Integrated) | Maths, Physics, Chemistry, Botany | 4 Year |
| | B.A. - B.Ed. (Integrated) | English, Gujarati, Sanskrit | 4 Year |


Apply online for UG Admission, Candidate is to Register oneself on GCAS Portal on https://gcas.gujgov.edu.in on before 28-5-2024.
After, Registering on GCAS portal, Candidate has to get registered for IIT Entrance Exam on www.iite.ac.in before 6th June, 2024
(Please Visit University Website for more details)
For any Query Email : admission2024@iite.ac.in
Date : 16-05-2024 Registrar, IITE


# ટેલિગ્રામ અને વોટ્સઅપ મારફત મારવાડી શેર્સના નામે લોકોને છેતરવાની ફરિયાદ

## મારવાડી શેર્સ નામે બોગસ ગ્રુપ બનાવી રોકાણની ખોટી ટિપ્સ આપી લોકોને ભરમાવતા હતા

**અબતક, રાજકોટ**

ભેજાબાજો સમાન્ય પ્રજાને લૂંટી આર્થિક લાભ મેળવવા નિત નવીન કિમીયા અજમાવતા હોય છે. ત્યારે આ પ્રકારનું વધુ એક કૃત્ય સામે આવ્યું છે જેમાં રાજકોટની મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લી. કંપનીના નામના સોશિયલ મીડિયામાં ફેક ગ્રૂપ બનાવી શેરબજારમાં રોકાણ કરવાની લોકોને ટીપ્સ આપી કંપનીના નામે લોકોને છેતરવામાં આવ્યાનો મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.



રૈયારોડ પરના છોટુનગરમાં રહેતા અને નાનામવા રોડ પર આવેલી મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લી.માં ૨૪ વર્ષથી કંપની સેક્રેટરી તરીકે ફરજ બજાવતાં તૃષિતભાઈ ઘનશ્યામભાઈ માંગુકિયા (ઉ.વ.૪૭)એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વ્હોટ્સએપમાં તથાં ટેલિગ્રામમાં બોગસ ગ્રૂપ બનાવનાર તથા તેનો ઉપયોગ કરનાર અજાણ્યા શખ્સ હોવાનું કહ્યું હતું. તૃષિતભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, એકાદ મહિના પૂર્વે તેમની કંપનીના કર્મચારી રોનકભાઈને કંપનીના ગ્રાહકનો ફોન આવ્યો હતો અને તેમણે કહ્યું હતું કે, મારવાડી ફાઈનાન્સિયલના નામે શેરબજારમાં રોકાણ કરવાની ટીપ્સ આપી ઓનલાઈન ફ્રોડ થઈ રહ્યા છે.

મારવાડી ફાઈનાન્સિયલના કસ્ટમરોને વ્હોટ્સએપમાં મેસેજ કરવામાં આવતા હતા તથા વ્હોટ્સએપના આ નકલી ગ્રૂપમાં કંપનીના ડિરેક્ટર નરેશભાઈ દિલાવરસિંહ જાડેજાનો ફોટો મુકાયો હતો, વ્હોટ્સએપમાં બે ગ્રૂપ બનાવ્યા હતા જેમાં એક ગ્રૂપમાં ૧૫૦ અને બીજા ગ્રૂપમાં ૨૭૧ સભ્યો બનાવાયા હતા અને તે તમામને મારવાડી ફાઈનાન્સિયલના નામે શેરબજારની ટીપ્સ આપવામાં આવતી હતી, આ મામલે તૃષિતભાઈએ ફરિયાદ આપતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપક પંડિતે ગુનો નોંધ્યો હતો.

ભેજાબાજ શખ્સે ટેલિગ્રામ એપ્લિકેશનમાં મારવાડી શેર્સ એન્ડ ફાયનાન્સના નામે બે અલગ અલગ ગ્રુપ બનાવ્યા હતા. જેમાં અનુક્રમે ૧૫૦-૨૭૧ સભ્યો હતા. આ ગ્રુપનું નામ એમએસએફએલ કનેકટ એએએ૮૮૮૧ અને એમએસએફએલ કનેકટ એલપપપ નામે આ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું.

હવે ગ્રુપ મારફત રોકાણની ટિપ્સ આપવા માટે પૈસા ઉઘરાવવામાં આવતા હતા કે પછી મારવાડી શેર્સ એન્ડ ફાયનાન્સ સર્વિસની છવીને ખરડવા માટે આ કૃત્ય આચારવામાં આવ્યું હતું તે હવે તપાસનો વિષય છે. હાલ સમગ્ર મામલામા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ત્યારે આ બંને ગ્રુપને સર્વેલન્સ પર રાખીને ગ્રુપ એડમીનની ઓળખ મેળવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. હવે ગ્રુપ એડમીન ઝડપાયા બાદ જ સમગ્ર કૃત્ય પરથી પડદો ઊંચકાશે.


Admission Inquiry - 2024-25
શ્રી આર.પી.ભાલોડિયા કોલેજ
(Affiliated to Saurashtra University-Rajkot)
૭-મનહર પ્લોટ, વિધાનગર મેઈન રોડ પાસે, રાજકોટ
અંગ્રેજી માધ્યમ
B.B.A. B.C.A. B.Com.
✓ ગર્લ્સ માટે સવારની શીફટ ✓ બોયઝ માટે બપોરની શીફટ
કોર્ષ/કોલેજની વધુ માહીતી માટે અમારી વેબસાઈટ ની મુલાકાત લો
http://www.rpbhalodiacollege.com
RPBC RAJKOT
GCAS PORTAL
ઓનલાઈન એડમિશન પ્રક્રિયા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો
http://gcas.gujgov.edu.in
GCAS પોર્ટલ પર અમારી કોલેજનું નામ RAJ01049
Shree R.P. Bhalodia College Of Commerce & Business Management, Rajkot